આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### વડાપ્રધાનના જન્મદિને

## આજે વાપીમાં ૧૫ હજાર દિવડાની મહાઆરતી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ૧૮૦-પારડી વિધાનસભા મતવિસ્તાર દ્વારા વાપીમાં 'આશીર્વાદના દીવડા' દીપોત્સવી અને મહા આરતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી તથા પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈની આગેવાની હેઠળ તા. ૧૭-૯-૨૦૨૬ને ગુરૂવારના રોજ સાંજે પાંચ કલાકે આ કાર્યક્રમ યોજાશે આ પ્રસંગે વાપી જીઆઈડીસી સ્થિત શ્રી અંબાજી માતા મંદિર ખાતે આશરે ૧૫ હજાર દીવડાઓ પ્રગટાવી ભવ્ય દીપોત્સવી તથા મહા આરતીનું આયોજન કરવામાં આવશે. કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકા હદવિસ્તારના ભાજપના કાર્યકર્તાઓ હોદ્દેદારો તેમજ પારડી વિધાનસભા વિસ્તારના ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે.



આજે અઢી દિવસના ગણેશજીની સ્થાપના કરાયેલાની ભારે ધામધૂમથી વિસર્જનયાત્રા દરમ્યાન દમણના બામણપૂજા કોઝવે ખાતે શ્રીજીને આખરી વિદાય આપતી એક નાની બાળકીએ શ્રીજીને ભોજન કરાવી પોતાના બંને કાન પકડી માફી માંગી હતી

## વલસાડમાં પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** જૈન ધર્મના પવિત્ર મહાપર્વ પર્યુષણની પૂર્ણાહુતિ અને સંવત્સરી ક્ષમાપના પર્વ બાદ વલસાડ ખાતે તપસ્વીઓના સન્માન અને અનુમોદના અર્થે એક ભવ્ય શોભાયાત્રા (વરઘોડો)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પગલે સમગ્ર વલસાડ શહેર ભક્તિના રંગે રંગાઈ જૈનમય બન્યું હતું અને શોભાયાત્રા દરમિયાન સમગ્ર માર્ગ પર જય જિનેન્દ્ર અને તપસ્વીઓના જયઘોષથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું જૈન અગ્રણી વિમલભાઈ શાહે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ વર્ષે વર્ધમાન તપ અને પર્યુષણ પર્વ દરમિયાન કુલ ૪૮ જેટલા તપસ્વીઓએ અઠ્ઠાઈ (૮ દિવસ), ૧૧ દિવસ, સોળભત્તુ (૧૬ દિવસ) અને માસક્ષમણ (૩૦ દિવસ) જેવી કઠોર ઉપવાસ-સાધના કરી છે. આ ઉપરાંત, વલસાડમાં છેલ્લા ૬ મહિનાથી ૨૮૫ જેટલા આરાધકો ૧૫ મહિનાની અત્યંત કઠિન ગણાતી વર્ષીતપની તપશ્ચર્યા કરી રહ્યા છે. આ તમામ તપસ્વીઓની ભાવપૂર્વક અનુમોદના કરવા માટે આ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. શોભાયાત્રા જ્યારે શહેરના આઝાદ ચોક ખાતે પહોંચી જ્યાં આ પ્રસંગે સાંસદ ધવલ પટેલ અને પ્રદેશ ભાજપ મંત્રી સોનલબેન સોલંકીએ પ્રાસંગિક વકતવ્યો આપ્યા હતાં. આ શોભાયાત્રા દરમ્યાન ભાજપના અગ્રણીઓ અને પાલિકા પંચાયતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

## આજે પારડી સ્વાધ્યાય મંડળમાં ગણેશયાગ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ૧૦૦૦ મોદકની આહૂતિ અપાશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૬ :** પારડીમાં બ્રહ્મશ્રી સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલયમાં આજે પ્રધાન સેવક નરેન્દ્રભાઈ મોદીની ૭૭માં જન્મદિન નિમિત્તે ગણપતિયાગનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૮ કલાકે યજ્ઞનો પ્રારંભ કરાશે અને હોમાત્મક આહૂતિ સવારે ૧૦ વાગ્યાથી આપી શકાશે. આ ગણેશયાગમાં સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારો અને ઉપસ્થિત શુભેચ્છકો દ્વારા ૧૦૦૦ અથર્વ શિર્ષ શોસ્રૂ સાથે મોદકની આહૂતિ આપવામાં આવશે. આ ગણેશયાગમાં ભાવિકો આહૂતિ માટે મોદક સાથે લાવી શકશે. સ્વાધ્યાય મંડળ પરિવાર દ્વારા ભાવિકોને આ આયોજનમાં સહપરિવાર હાજર રહી લાભ લેવા અનુરોધ કરાયો છે.

## સેલવાસની નમો મેડિકલ કોલેજ મુદ્દે કોંગ્રેસે સાંસદનું રાજીનામું માંગ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૬ :** દાદરા અને નગર હવેલી પ્રદેશ કોંગ્રેસ સમિતિએ નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તથા નમો હોસ્પિટલને સોસાયટી મારફતે ચલાવવાના મુદ્દે સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસે ભાજપ સાંસદ કલાબેન ડેલકર પાસેથી સમગ્ર મામલે સ્પષ્ટતા સાથે જવાબદારી સ્વીકારી રાજીનામું આપવાની માગ કરી છે.

સિલવાસામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં કોંગ્રેસે જણાવ્યું કે ઉપલબ્ધ દસ્તાવેજો મુજબ ૧૨ જુલાઈ ૨૦૨૪ના રોજ નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટને સોસાયટી તરીકે ચલાવવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલાયો હતો. ૨૫ જુલાઈ ૨૦૨૪ના કેન્દ્રના પત્રમાં આ અંગે પ્રશાસન પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી હોવાનું કોંગ્રેસે જણાવ્યું હતું. કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવ્યો કે સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલને સોસાયટી હેઠળ ચલાવવાની જરૂર શા માટે ઊભી થઈ? તેમજ સોસાયટીની રચના, સભ્યો, સત્તાઓ અને નાણાકીય અધિકારો જાહેર કરવાની માગ કરી હતી. મેડિકલ કોલેજમાં કથિત મેનેજમેન્ટ ક્વોટા અને NRI ક્વોટા, પ્રવેશ તથા અનામત નીતિ અંગે પણ કોંગ્રેસે પ્રશાસન પાસે સત્તાવાર સ્પષ્ટતા માંગેલી છે. કોંગ્રેસે જણાવ્યું કે જાહેર નાણાંથી ઉભી કરાયેલી સંસ્થાના સંચાલન અને નાણાકીય વ્યવસ્થામાં સંપૂર્ણ પારદર્શિતા જરૂરી છે.

કોંગ્રેસના આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી. સોસાયટીનું કાનૂની સ્વરૂપ અને સરકારી નિયંત્રણ પર તેની અસર અંગેની સ્થિતિ પ્રશાસનના સત્તાવાર ખુલાસા બાદ જ સ્પષ્ટ થશે.

## સેલવાસમાં પર્યુષણ પર્વ નિમિત્તે શોભાયાત્રા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૬ :** દાદરા અને નગર હવેલીમાં પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ નિમિત્તે જૈન સમાજ દ્વારા સેલવાસમાં શોભાયાત્રા યોજવામાં આવી હતી. શોભાયાત્રામાં જૈન સમાજના શ્રદ્ધાળુઓ સાથે વરિષ્ઠ સભ્યો પણ જોડાયા હતા.શોભાયાત્રાનો પ્રારંભ સેલવાસ એસટી ડેપોની બાજુમાં આવેલા જૈન દેરાસર ખાતેથી થયો હતો. વિવિધ માર્ગો અને વિસ્તારોમાંથી પસાર થયા બાદ શોભાયાત્રા પરત જૈન દેરાસર ખાતે પહોંચી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહારાજનું પ્રવચન યોજાયું હતું.પર્યુષણ પર્વ દરમિયાન અઠ્ઠાઈના ઉપવાસ કરનારા શ્રાવક-શ્રાવિકાઓના પારણાની વિધિ પણ કરાવવામાં આવી હતી.તથા એકબીજાને 'મિચ્છામિ દુક્કડમ' કહીને પરસ્પર ક્ષમા માંગવામાં આવી હતી.

## વાપીના જે-ટાઈપ બ્રિજનું સ્પાન ચડાવવાની તૈયારી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીના બહુચર્ચિત જે-ટાઈપ બ્રિજના રેલવે ટ્રેક ઉપર સ્પાન બેસાડવાનું કામ ભવાની તૈયારીમાં શરૂ કરાયું છે.

રેલવે વિભાગ દ્વારા બ્લોકની તૈયારી કરાઈ રહી છે. આ માટે મોટી ક્રેઈન અને ગર્ડર જે-ટાઈપ રોડ પર ગોઠવી દેવાયા છે. આજ કાલમાં રેલવે તરફથી બ્લોક મળતા જ સ્પાન ચડાવવાની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવશે.

છેલ્લા ઘણા સમયથી આ બ્રિજનું કામ અટકેલું હતું, જેને કારણે વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે. સ્પાન બેસી જતા બ્રિજનું કામ ઝડપી બનશે અને વાપી પૂર્વ-પશ્ચિમને જોડતો આ મહત્વનો બ્રિજ ટૂંક સમયમાં શરૂ થવાની આશા છે.

## લવાછા ઘરફોડ ચોરીમાં ત્રણ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** લવાછા ગામે વાપી-સેલવાસ રોડ પર અનાજ બજાર સામે ગૌતમભાઈની ચાલમાં રહેતા સુરેન્દ્ર માનેકલાલ ચૌહાણના ઘરે તા. ૧૧ સપ્ટેમ્બરે તાળું તોડી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના રૂા.૧,૧૭,૦૦૦, રોકડ રૂા.૧૫,૦૦૦ અને એચપી ગેસ બાટલા નં-૨ કિ.રૂા.૪,૦૦૦ મળી કુલ રૂ.૧,૩૬,૦૦૦ ની ચોરી થઈ હતી. આ અંગે નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો. SP જાડેજા તથા DySP પંડ્યાના માર્ગદર્શન હેઠળ PI એમ.એન.કાતરીયાએ ટીમો બનાવી સીસીટીવી અને ટેકનિકલ સર્વેલન્સથી તપાસ કરતા ત્રણ આરોપીઓ વિજયબહાદુર ઉર્ફે ગુરુ શ્રીરામ સરોજ, સતિષકુમાર દિનેશ સરોજ, મનીષ ઉર્ફે આનંદ બહાદુર પાસી, તમામ રહે.લવાછા, મૂળ જૌનપુર યુપીને તા.૧૩/૦૯ ના રોજ ઝડપી લીધા હતા.

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary

SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

સત્યમેવ જયતે | Swavlamban

**સશક્ત દિવ્યાંગજન, સમર્થ ભારત**



અમે અમારા દિવ્યાંગ બહેનો અને ભાઈઓ માટે સમાવિષ્ટ અને સુલભ ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહ્યા છીએ.
- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ભારત સરકારની એડિપ, રાષ્ટ્રીય વયોશ્રી યોજના અને સીએસઆર હેઠળ દેશભરમાં ૭૬ સ્થળોએ સામાજિક સશક્તિકરણ શિબિરો દ્વારા અપંગ વ્યક્તિઓ અને વરિષ્ઠ નાગરિકોને મફત સહાયક ઉપકરણોનું વિતરણ

દેશભરમાં વિવિધ સ્થળોએ શિબિરોનું આયોજન
ભારત સરકારે યોજના હેઠળના ખર્ચનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવ્યો
શિબિરોમાં ૫૮ હજારથી વધુ લાભાર્થીઓને સહાયક ઉપકરણોનું મફત વિતરણ
શિબિરોમાં નવા લાભાર્થીઓ માટે નોંધણી સુવિધાઓ પણ ઉપલબ્ધ

શિબિરના સ્થળો વિશે વધુ માહિતી માટે, લોગ ઇન કરો
www.depwd.gov.in

૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી

દિવ્યાંગજનોના જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે
અત્યાર સુધીમાં ૨૦,૦૦૦ થી વધુ શિબિરોનું આયોજન
૩૪ લાખથી વધુ વિકલાંગ લોકોને સહાયક ઉપકરણો અને ઉપકરણોનું વિતરણ
ADIP યોજના હેઠળ સહાયક ઉપકરણોમાં મોટરાઇઝ્ડ ટ્રાઇસિકલ, મેન્યુઅલ ટ્રાઇસિકલ, ફોલ્ડિંગ વ્હીલચેર અને અન્ય ઉપકરણોનો સમાવેશ થાય છે
સીધુ પ્રસારણ : https://youtube.com/live/9_HDm6wcA78?feature=share

વિકલાંગ લોકો અર્જુન પોર્ટલ https://adip.depwd.gov.in પર સહાયક ઉપકરણો માટે અરજી કરી શકે છે

depwd.gov.in · @socialpwds · depwd_goi · @DoEPWD · Divyang Empowerment · YouTube @DEPwDAccessibleIndiaCampaign · DEPwD

ટોલ ફ્રી નંબર : ૧૮૦૦-૧૮૦-૫૧૨૯, ૯૫૧૯૨૬૮૮૩૩, ૯૫૧૯૫૩૮૮૩૩

CBC 38117/13/0017/2627



યાદગાર ગણેશ મંડળ, વાંસદા



કિંગ ઓફ પારસીવાડ, ૧૩-એ, બીલીમોરા



શ્રી સાર્વજનિક ગણેશ મિત્ર મંડળ, સ્વામી વિવેકાનંદ ચોક, ખાડા માર્કેટ બીલીમોરા



વિઘ્નહર્તા યુવક મંડળ, જીવન જયોત એપાર્ટમેન્ટ, બીલીમોરા

## ચીખલીમાં દારૂની લત સામે જનજાગૃતિ અભિયાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૬ :** સાઉથ ગુજરાત ઈન્ટર ગ્રુપ ઓફ આલ્કોહોલિક્સ એનોનિમસ, સુરત અંતર્ગત કાર્યરત 'એ.એ. શક્તિ ગ્રુપ (ચીખલી)' દ્વારા ચીખલી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે દારૂની લત સામે જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ. પી. દવે ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત કોલેજના ટ્રસ્ટી દર્શન દેસાઈ સહિત તબીબી ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં એ.એ.ના સભ્યોએ દારૂની લતમાંથી બહાર આવી દારૂમુક્ત જીવન તરફ આગળ વધવાના પોતાના અનુભવો રજૂ કર્યા હતાં. '૧૨ પગલાં' આધ્યાત્મિક કાર્યક્રમ અંગે માહિતી આપી પીડિતો અને તેમના પરિવારજનોને વ્યસનમુક્તિ માટે માર્ગદર્શન અને પ્રેરણા આપવામાં આવી હતી. આ પ્રસંગે દારૂની લતને ગંભીર સમસ્યા તરીકે સમજી પીડિતોને સહયોગ આપવા સમાજને અપીલ કરવામાં આવી હતી. એ.એ.ની સેવાઓ વિનામૂલ્યે અને સંપર્ક કરનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવતી હોવાનું જણાવાયું હતું. સાઉથ ગુજરાત હેલ્પલાઈન ૯૪૨૮૦ ૬૦૦૨૦ / ૮૭૫૮૨ ૪૫૦૫૭ જાહેર કરવામાં આવી છે.

## દેવસરમાં ૧૦૦૮ મોદક યજ્ઞ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૬ :** બીલીમોરા-ગણદેવી રોડ સ્થિત પ્રસિદ્ધ દેવસરના ગણરાજ મંડળ દ્વારા બુધવારે આયોજિત ભવ્ય ૧૦૦૮ મોદક યજ્ઞમાં શ્રદ્ધાળુઓનું વિશાળ ઘોડાપૂર ઊમટી પડ્યું હતું. રોશનીના શણગારથી ઝળહળી ઊઠેલા પંડાલમાં ભૂદેવોના સામૂહિક વૈદિક મંત્રોચ્ચાર, પવિત્ર ગૂગળ ધૂપની સુવાસ અને દિવ્ય મહાઆરતીથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. જય શ્રી ગણેશ અને જય શ્રી રામના ગગનભેદી નારાઓ સાથે ગણેશજીના દરબારમાં સેંકડો ભક્તોએ બે હાથ જોડી નતમસ્તક થઈ ધન્યતા અનુભવી હતી.



આ આધ્યાત્મિક મહોત્સવને સફળ બનાવવા માટે દેવસરના ગણરાજ મંડળના કાર્યકરો અને ગણેશ ભક્તોએ ભારે જહેમત ઉઠાવી હતી. સુચારુ વ્યવસ્થા અને શિસ્તબદ્ધ આયોજનને પગલે પધારેલા તમામ શ્રદ્ધાળુઓએ સરળતાથી ગૌરીનંદન ગણરાજના દર્શન, મહાઆરતી, મહાપ્રસાદ અને યજ્ઞના પાવન દર્શનનો લાભ લીધો હતો. દેવસરના ગણરાજ મંડળ દ્વારા આગામી તારીખ ૨૨/૦૯/૨૦૨૬ના રોજ ભવ્ય સત્યનારાયણ ભગવાનની કથા તેમજ મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન ધાર્મિક પ્રસંગે કથા શ્રવણ અને મહાપ્રસાદનો લાભ લેવા માટે મંડળ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૭-૦૯-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** શ્રાવણ, સાતમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૦ **સૂર્યાસ્ત** ૦૬ :૩૭, **ચંદ્રોદય** - ૧૨:૦૦ **ચંદ્રાસ્ત** - ૧૦:૪૨ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - અનુરાધા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે કામકાજમાં નવી તક મળી શકે અને તમારી મહેનતનું સારું પરિણામ મળશે. નાણાકીય સ્થિતિમાં સુધારો થવાની શક્યતા છે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજનો દિવસ અટકેલા કામ પૂર્ણ કરવા માટે સારો રહેશે. નોકરી-ધંધામાં પ્રગતિ અને લાભની શક્યતા છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

**મિથુન (ક, ઘ, ચ) :** નવા લોકો સાથે મુલાકાત અને નવા સંપર્કોથી લાભ મળી શકે છે. કાર્યક્ષેત્રે તમારી મહેનતની નોંધ લેવાશે.

**કર્ક (ડ, હ) :** પરિવાર અને અંગત સંબંધો માટે આજનો દિવસ સારો રહેશે. કાર્યક્ષેત્રે નવી જવાબદારી મળી શકે છે.

**સિંહ (મ, ટ) :** આજે તમારી મહેનત અને નેતૃત્વની પ્રશંસા થઈ શકે છે. નોકરી અથવા વ્યવસાયમાં નવી તક મળી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આયોજનપૂર્વક કામ કરશો તો આજે સારા પરિણામ મળશે. જૂનું અથવા અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

**તુલા (ર, ત) :** સંબંધોમાં પ્રેમ અને સમજણ વધશે. વ્યવસાયમાં નવી તક અથવા સારો સંપર્ક મળી શકે છે. નાણાકીય સ્થિતિમાં સુધારો થવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજે લાંબા સમયથી અટકેલું કામ આગળ વધી શકે છે. કાર્યક્ષેત્રે નવી જવાબદારી મળી શકે છે. નાણાકીય બાબતોમાં સાવચેતી રાખવી.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** નવી તક અને પ્રવાસના યોગ બની શકે છે. નોકરી-ધંધામાં પ્રગતિ થવાની શક્યતા છે.

**મકર (ખ, જ) :** આજે કામમાં વ્યસ્તતા વધારે રહેશે, પરંતુ મહેનતનું પરિણામ મળશે. નાણાકીય આયોજન માટે દિવસ સારો છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** નવા વિચારોને અમલમાં મૂકવા માટે દિવસ સારો છે. કાર્યક્ષેત્રે સારા સમાચાર મળી શકે છે. આવકના નવા માર્ગો બની શકે છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મન શાંત અને પ્રસન્ન રહેશે. કામમાં સારા પરિણામ મળવાની શક્યતા છે. નાણાકીય બાબતમાં સમજદારીથી નિર્ણય લેવો.

## બીલીમોરાના જાહેર માર્ગો પર રખડતા ઢોરોનો અડિંગો

### તહેવારો ટાણે પણ તંત્ર ઘોર નિંદ્રામાં, પ્રજા ત્રાહિમામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૬ :** બીલીમોરા શહેર અને આસપાસના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરોનો ત્રાસ અસહ્ય બન્યો છે. બીલીમોરા રેલ્વે ઓવરબ્રિજ, દેવસર-ગણદેવી રોડ, બીલીમોરા-ચીખલી રોડ તેમજ રેલ્વે સ્ટેશનથી ગંગા માતા મંદિર તરફ જતા રસ્તાઓ સહિતના જાહેર માર્ગો જાણે પશુઓ માટેનો તબેલો બની ગયા છે. ખાસ કરીને સાંજ પડતાં જ રસ્તા વચ્ચે પશુઓએ જમાવેલા અડિંગાને કારણે ભયાનક ટ્રાફિક જામ સર્જાય છે અને વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. હાલ પાવન ગણેશોત્સવ ચાલી રહ્યો હોવાથી માર્ગો પર ભક્તો અને લોકોની સતત અવરજવર રહે છે, છતાં આ ગંભીર સમસ્યા યથાવત્ રહેતાં લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના જવાબદાર વહીવટી અધિકારીઓ જાણે કુંભકર્ણની નિંદ્રામાં પોઢી આંખ આડા કાન કરી રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે. તંત્રની નિષ્ક્રિયતા સામે શહેરીજનો અને વાહનચાલકોમાં પ્રચંડ રોષ ભભૂકી ઊઠ્યો છે. લોકોનો સમય અને જીવ જોખમમાં મુકાઈ રહ્યો હોવાથી તંત્ર તાબડતોબ ઊંઘમાંથી જાગીને રખડતા પશુઓને પાંજરે પૂરે અને આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવે તેવી ઉગ્ર લોકમાંગ ઊઠી છે.

## દાંડી વિનય મંદિર છાત્રાલયમાં અનોખી ગણેશ ચતુર્થીની ઉજવણી

(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૬ :** વિનય મંદિર દાંડી કુમાર અને કન્યા છાત્રાલયમાં ગણેશ ચતુર્થી પર્વની ઉજવણી અનોખી અને સર્જનાત્મક રીતે કરવામાં આવી હતી. આ ઉજવણી માટે વિદ્યાર્થીઓએ છાત્રાલયના ગૃહપતિ અશ્વિનભાઈ પટેલ અને ગૃહમાતા ટીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ નઈ તાલીમના મૂલ્યોને અનુરૂપ પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને સર્જનાત્મકતાનો સુંદર સમન્વય સાધીને કેટલાંક વિદ્યાર્થીઓએ જાતે માટીની શ્રી ગણેશજીની મૂર્તિ બનાવી, કેટલાંકે કલ્પનાશક્તિ અને કલાત્મક અભિવ્યક્તિ પ્રગટ કરતાં ગણેશજીનાં આકર્ષક ચિત્રો દોર્યા તો કેટલાંક વિદ્યાર્થીઓએ શ્લોકો,



ભજનો, નિબંધો, કાવ્યો અને સુવિચારોનું સર્જન કરીને સમગ્ર છાત્રાલયનું વાતાવરણ ગણેશમય કર્યું હતું.

વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ કલાકૃતિઓ, લેખન કૃતિઓ અને માટીની પ્રતિમાઓનું વિશેષ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક નિહાળ્યું. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા તથા મહેનતને સંચાલક મંડળના પ્રમુખ સુરેશભાઈ પટેલ અને મંત્રી ધીરુભાઈ પટેલે બિરદાવી હતી.

## દમણ રેડિયો

102.3 FM

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## વઘઈ DIET માં વિશ્વ સાક્ષરતા દિવસની પ્રેરણાદાયી ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા.૧૬ :** ડાંગ જિલ્લાના પ્રવેશ દ્વાર વઘઈ સ્થિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) ખાતે વિશ્વ સાક્ષરતા દિવસ નિમિત્તે પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સાક્ષરતાના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા સાથે શિક્ષણના માધ્યમથી સમાજના સર્વાંગી વિકાસનો સંદેશ આપવાનો હતો.

કાર્યક્રમનો શુભારંભ સંસ્થાના પ્રાચાર્ય ડૉ. બી.એમ. રાઉત તથા નાયબ નિરંતર શિક્ષણાધિકારી શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલના વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત અધ્યાપકગણનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થી ચૌધરી સ્વાતિબેન દ્વારા સાક્ષરતાના મહત્વ અંગે પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તાલીમાર્થીઓ દ્વારા સાક્ષરતા વિષયક નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

નાટક દ્વારા શિક્ષણનું મહત્વ, સાક્ષરતાની જરૂરિયાત તથા સમાજના દરેક વર્ગ સુધી શિક્ષણ પહોંચાડવાનો સંદેશ અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત શીતલબેન દ્વારા શિક્ષણ અને સાક્ષરતા અંગે રજૂ કરવામાં આવેલી પ્રેરક વાર્તાએ ઉપસ્થિત સૌને ભાવવિભોર કરી દીધા હતાં. વાર્તાના માધ્યમથી શિક્ષણ વ્યક્તિના જીવનમાં પરિવર્તન લાવી શકે છે તથા સાક્ષરતા માત્ર વાંચવા-લખવાની ક્ષમતા નહીં, પરંતુ સશક્ત અને જાગૃત સમાજના નિર્માણનું માધ્યમ છે, તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. સમાપન પ્રસંગે નાયબ નિરંતર શિક્ષણાધિકારી ફાલ્ગુનીબેને સમગ્ર કાર્યક્રમ તથા તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા નાટક અને અન્ય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. તેમણે તમામ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી સાક્ષરતા અને શિક્ષણના સંદેશને વધુ વ્યાપક બનાવવાની પ્રેરણા આપી હતી. તાલીમાર્થીઓને પ્રોત્સાહનરૂપે બોલપેન તથા નોટબુકની ભેટ પણ આપવામાં આવી હતી.

કાર્યક્રમની આભારવિધિ અધ્યાપિકા સોનલબેન ટંડેલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને પ્રેરણાદાયી વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## ચીખલી પંથકમાં વેડિંગ ઈન્વીટેશન (એપીકે) ફાઈલથી લોકોમાં ચિંતા

### મોબાઈલ ધારક આ મેસેજ ઓપન કરે એટલે તેનો મોબાઈલ હેક થઈ જવાના બનાવો બનતા મોબાઈલ ધારકો ચિંતિત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૬ :** ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં છેલ્લા કેટલાક દિવસોથી મોબાઈલ ધારકોના મોબાઈલ હેક થઈ જતા હોવાના બનાવ બની રહ્યા છે. જેમાં વેડિંગ ઇન્વિટેશન (એપીકે) ફાઈલ આવતી હોય જેને કોઈપણ મોબાઇલ ધારક ખોલવા જાય એટલે તેનો ફોન પણ હેક થઈ જઈ રહ્યો છે જેના કારણે મોબાઈલ ધારકો હવે મોબાઈલ હેક થઈ જવાના કારણે મોબાઈલ નો ઉપયોગ કરવા માટે ગભરાઈ રહ્યા છે.

ચીખલી પંથક સહિત ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા પ્રતિષ્ઠિત વ્યક્તિના ઘરે વેડિંગ ઈન્વિટેશન (એપીકે) ફાઈલ ઉપરથી મિત્ર વર્તુળોમાં વોટ્સએપ મેસેજો આવી રહ્યા છે. આ મેસેજ કોઈપણ મોબાઈલ ધારક ઓપન કરવા જાય એટલે તે મોબાઈલ ધારકનો મોબાઈલ હેક થઈ જતો હોય છે અને તેના ગ્રુપમાં પણ આવો જ મેસેજ પાસ થઈ જતો હોય છે. જેના કારણે છેલ્લા કેટલાક દિવસોથી મોબાઈલ ધારકોના મોબાઈલ હેક થઈ જવાની ઘટના બની રહી છે.

આવા મેસેજ આવતા હોવાની જાણ નવસારી સાઈબર ક્રાઈમને પણ થઈ રહી છે. ત્યારે આવા કોઈ મેસેજ ન ખોલવા અને તેની જાણ સાયબર ક્રાઈમને કરવા જણાવવામાં આવી રહ્યું છે.

## સુડોકુ

નં.૬૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 3 | | | | | 2 |
| 8 | | 4 | | | | 3 | | 5 |
| | 6 | | 4 | | 9 | | 8 | |
| 1 | | | | 6 | | | | 3 |
| | | | 8 | | 1 | | | |
| 5 | | | | 4 | | | | 9 |
| | 7 | | 6 | | 3 | | 2 | |
| 3 | | 5 | | | | 9 | | 4 |
| 6 | | | | 8 | | | | 7 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૭૪નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 2 | 7 | 8 | 3 | 6 | 1 | 9 |
| 9 | 3 | 1 | 6 | 4 | 2 | 5 | 7 | 8 |
| 6 | 7 | 8 | 5 | 9 | 1 | 4 | 2 | 3 |
| 5 | 2 | 4 | 9 | 1 | 7 | 3 | 8 | 6 |
| 1 | 8 | 3 | 4 | 5 | 6 | 7 | 9 | 2 |
| 7 | 6 | 9 | 2 | 3 | 8 | 1 | 5 | 4 |
| 3 | 1 | 7 | 8 | 2 | 4 | 9 | 6 | 5 |
| 2 | 4 | 5 | 1 | 6 | 9 | 8 | 3 | 7 |
| 8 | 9 | 6 | 3 | 7 | 5 | 2 | 4 | 1 |

## આહવામાં આજે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૬ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાજ્યવ્યાપી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે પણ મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આહવા ખાતે યોજાનાર રક્તદાન કેમ્પની વિગતો મુજબ તા.૧૭/૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંસ્કૃતિક ભવન, આહવા (જૂના ડાંગ દરબાર હોલ) ખાતે આ રક્તદાન કેમ્પ યોજાશે.




રક્તદાન માનવતાની સૌથી મોટી સેવાઓ પૈકીની એક છે. અકસ્માતો, પ્રસૂતિ, શસ્ત્રક્રિયા તથા વિવિધ તબીબી પરિસ્થિતિઓમાં જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે માટે સ્વૈચ્છિક રક્તદાન અત્યંત મહત્વપૂર્ણ છે. એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું રક્તદાન જરૂરિયાતમંદ વ્યક્તિ માટે જીવનદાયી બની શકે છે.

આ સંદર્ભે ડાંગ જિલ્લાના તમામ સરકારી કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ રક્તદાન માટે પાત્ર અને ઈચ્છુક નાગરિકોને આ મહત્ત્વપૂર્ણ સેવાકીય અભિયાનમાં સહભાગી બની સ્વૈચ્છિક રક્તદાન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

જિલ્લા તંત્ર દ્વારા વધુમાં વધુ લોકો રક્તદાન માટે પ્રેરિત થાય અને કેમ્પમાં ઉપસ્થિત રહી આ સેવાકીય અભિયાનને સફળ બનાવે તે માટે સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સાપુતારા એકલવ્ય મોડેલ સ્કૂલ દ્વારા નશામુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**આહવા, તા. ૧૬ :** PM SHRI એકલવ્ય મોડેલ સ્કૂલ સાપુતારા દ્વારા Community Participation ના ભાગરૂપે શાળામાં નશામુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા અસરકારક નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. નુક્કડ નાટકના માધ્યમથી વિદ્યાર્થીઓએ સમાજમાં વધી રહેલી નશાની પ્રવૃત્તિ, ખાસ કરીને યુવાનોના જીવન પર નશાની થતી ગંભીર અસરો તેમજ નશાના કારણે ઊભી થતી સામાજિક અને આરોગ્યલક્ષી સમસ્યાઓને જીવંત રીતે રજૂ કરાઈ હતી. વિદ્યાર્થીઓની રજૂઆતે ઉપસ્થિતોમાં નશાથી દૂર રહેવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ પહોંચાડ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ માત્ર વિદ્યાર્થીઓને નશાના દુષ્પ્રભાવોથી જાગૃત કરવાનો નહીં, પરંતુ વિદ્યાર્થીઓના માધ્યમથી વાલીઓ તથા સમગ્ર સમુદાય સુધી પણ નશામુક્તિનો સંદેશ પહોંચાડવાનો હતો. આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ પોતે જાગૃત બને છે અને સમાજમાં પણ જાગૃતિ ફેલાવવામાં સક્રિય ભૂમિકા ભજવે છે. કાર્યક્રમની વિશેષતા એ રહી કે નશામુક્તિનો સંદેશ વિદ્યાર્થીઓએ પોતે નુક્કડ નાટકના માધ્યમથી સમાજ સુધી પહોંચાડ્યો હતો. આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં સંવાદ કૌશલ્ય, સામાજિક જવાબદારી, અને નેતૃત્વની ભાવના પણ વિકસે છે. વિદ્યાર્થીઓ માત્ર પુસ્તકિય જ્ઞાન પૂરતા મર્યાદિત ન રહે, પરંતુ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીને પણ સમજે તે દિશામાં આવા કાર્યક્રમો મહત્વપૂર્ણ સાબિત થાય છે.

## ભગોદ અને મગોદ-ડુંગરીમાં ઓપીડી સેવા શરૂ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** અતુલ ફાઉન્ડેશન દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે નજીકના ગામના લોકોને સસ્તી અને સરળતાથી આરોગ્ય સેવા મળી રહે તે હેતુથી ભગોદ અને મગોદ-ડુંગરી ગામમાં ઓપીડી સેન્ટર શરૂ કરવામાં આવ્યાં. ગામના તથા આસપાસના વિસ્તારોના લોકોને સામાન્ય બીમારીઓ માટે પ્રાથમિક તબીબી સલાહ અને સારવાર માટે દૂર જવું ન પડે તે માટે નજીવા દરે આ ઓપીડી સેવા શરૂ કરવામાં આવી છે.

અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટરનાં ડોક્ટર નિયુત શાહે જણાવ્યું હતું કે બીપીએલ કાર્ડધારકો માટે તદ્દન નજીવા દરે મેડીકલ સારવાર મળી રહે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે. ઓપીડી દરમિયાન નિષ્ણાંત તબીબ દ્વારા દર્દીઓની તપાસ, જરૂરી માર્ગદર્શન તથા દવાઓ અંગે સલાહ આપવામાં આવશે. જો દર્દીને વધુ સારવારની જરૂર જણાય તો અતુલ ગામમાં બનાવવામાં આવેલ અત્યાધુનિક સગવડોથી સજ્જ અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટર ખાતે ખસેડવામાં આવશે.

અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમ દેસાઈએ જણાવ્યું હતું કે, ગામડાના લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા સરળતાથી અને નજીવા ખર્ચે મળી રહે તે અમારી સામાજિક જવાબદારીનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ સેવાનો વધુમાં વધુ લોકો લાભ લે તે અમારો ઉદ્દેશ છે.

આ પહેલથી ગામના લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધશે તેમજ સમયસર તબીબી સલાહ અને સારવાર ઉપલબ્ધ બનશે. જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પણ આ સેવાનો વિશેષ લાભ મળશે.

૧) ઓપીડી સ્થળ ભગોદ ગ્રામપંચાયત ઓફિસની બાજુમાં સેવાનો દિવસ અને સમય મંગળવાર અને શુક્રવાર સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ જયારે ૨) ઓપીડી સ્થળ મગોદ-ડુંગરી માછી સમાજનાં દવાખાનામાં સેવાનો દિવસ અને સમય મંગળવાર અને શુક્રવાર ૧૧.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધીનો રહેશે.અતુલ ફાઉન્ડેશન દ્વારા ગામના લોકો તથા આસપાસના વિસ્તારના નાગરિકોને આ આરોગ્ય સેવાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## પારડીમાં પોલીસકર્મીઓ માટે આવાસ બિલ્ડિંગ તૈયાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી, તા. ૧૫ :** ગુજરાત રાજ્યના ગ્રહ વિભાગના બાંધકામ વિભાગ દ્વારા પારડી પોલીસ મથકના પોલીસ કર્મીઓ માટે આધુનિક ૬ માળની બિલ્ડીંગ બનાવીને રહેઠાણ માટે સપ્રત કરવામાં આવતા પોલીસ કર્મીઓને ખૂબ મોટી રાહત મળી છે આધુનિક બિલ્ડીંગના ફ્લેટમાં દરેક સુવિધાઓ સાથે પોલીસ કર્મચારી ભાઈ બહેનો પોતાના પરિવાર સાથે ની વાસ કરી રહ્યા છે રાજ્યના ગૃહ મંત્રી અમિતભાઈ શાહ જ્યારે હતા ત્યારે તમામ નવા પોલીસ મથક દરેક જગ્યાએ બનાવવામાં આવ્યા હતા તમામ પોલીસ સ્ટેશન નવા બનવામાં આવ્યા છે એ જ રીતે પોલીસ કર્મચારીઓને રહેઠાણ માટે નવા બિલ્ડીંગ નિર્માણ તેઓ કેન્દ્રીય ગ્રામીણ મંત્રી બની જતા કરવામાં આવ્યો છે. અમિતભાઈ ગૃહ મંત્રી બન્યા બાદ પોલીસ વિભાગ માં નાગરિકો માટે ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત કરાવવામાં આવી રહી છે પારડી પોલીસ મથકમાં નવા બિલ્ડીંગ સાથે નાગરિકોને ન્યાય મેળવવા માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે જેમાં ૧૧૨ નંબરની મુખ્ય ભૂમિકા છે લોકોને અતિ આધુનિક નવા કાયદાઓ સાથે સુવિધાઓ પ્રાપ્ત થઈ રહી છે. પોલીસ વિભાગમાં બાંધકામની સુવિધાઓ ચોક્કસ ઉપલબ્ધ થઈ જતા પોલીસ અને પબ્લિક બંનેને ફાયદો થયો છે.

## ડાંગનાં કાકશાળામાં શાળાના નબળા બાંધકામ મામલે જી.પં. પ્રમુખની સ્થળ તપાસ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૬ :** ડાંગ જિલ્લાના સુબીર તાલુકા હેઠળ આવતા કાકશાળા ગામે નવનિર્માણ પામી રહેલી શાળાના બાંધકામની ગુણવત્તા સામે સ્થાનિક ગ્રામજનો અને આગેવાનોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો હતો.શાળાનું બાંધકામ અત્યંત નિમ્ન સ્તરનું થતુ હોવાની ફરિયાદો ઉઠતા આ બાબત સોશિયલ મીડિયામાં પણ જોરશોરથી ચર્ચાનો વિષય બની હતી.શાળાના નિર્માણમાં કથિત ભ્રષ્ટાચાર થવાના સવાલો ઉભા થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ ગંભીર બાબતને ધ્યાને રાખીને ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીત ત્વરિત એક્શન મોડમાં આવ્યા હતા.તેમણે કોઈ પણ પૂર્વ સૂચના વગર કાકશાળા ગામે પહોંચીને નવી શાળાના બાંધકામની ઓચિંતી સ્થળ મુલાકાત લીધી હતી.આ સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન તેમની સાથે તાલુકા પંચાયતના પ્રમુખ સંજયભાઈ પવાર તેમજ જિલ્લા પંચાયતના સદસ્ય અને વર્તમાન આરોગ્ય ચેરમેન દિનેશભાઈ હિલિમ પણ જોડાયા હતા.ઉપસ્થિત તમામ મહાનુભાવો અને આગેવાનોએ જાતે સ્થળ પર જઈને નવનિર્માણ પામી રહેલી શાળાના બાંધકામ તથા સામગ્રીની બારીકાઈથી ચકાસણી કરી હતી. સ્થળ તપાસ દરમિયાન બાંધકામમાં અનેક કમીઓ અને ગંભીર ગેરરીતિઓ નજરે પડતા જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીતે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ઘટનાસ્થળેથી જ ટેલિફોનિક સંપર્ક સાધીને સંબંધિત કોન્ટ્રાક્ટરનો કડકડો બોલાવી દીધો હતો અને તેને બરોબરનો ખખડાવ્યો હતો. પ્રમુખએ સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપ્યો હતો કે અત્યાર સુધીમાં જે પણ નબળું અને નિમ્ન કક્ષાનું બાંધકામ કરવામાં આવ્યું છે તેને તાત્કાલિક તોડી પાડવામાં આવે અને સરકારી નિયમો તેમજ નિર્ધારિત ધોરણો અનુસાર નવેસરથી ગુણવત્તાસભર કામગીરી શરૂ કરવામાં આવે.

## ચીખલીના ખરોલીમાં બંધ ઘર ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૬ :** ચીખલી તાલુકાના ખરોલી ગામે પરિવાર ધરમપુર ખાતે સામાજિક પ્રસંગમાં ગયું અને કોઈ અજાણ્યા ચોર ઈસમે મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી પહેલા માળે મુકેલ કબાટ તોડી કબાટના ડ્રોવરમાં મુકેલ ચાંદીની નાની બંગડી બે સેટ નંગ ચાર તથા રોકડા રૂપિયા મળી કુલ રૂ. ૨૫૦૦૦ ની ચોરી કરી ગયાની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના ખરોલી ગામના દેસાઈ વાડમાં રહેતા વિકાસ બળદેવસિંહ પરમાર જેઓ પરિવાર સાથે તારીખ ૧૨. ૯. ૨૬ ના રોજ ઘર બંધ કરીને સામાજિક કામ અર્થે ધરમપુર ગયા હતા જ્યાંથી આજરોજ ખરોલી ગામે આવીને જોતા ઘરનો મુખ્ય દરવાજાનું તાળું કોઈ ચોર ઈસમે કોઈ સાધન વડે તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરમાં મુકેલ કબાટને વેર વિખેર કરી પહેલા માળે મુકેલ વોર્ડરોબ (કબાટ) ને કોઈ સાધન વડે તોડી નાખી કબાટના ડ્રોવરમાં મુકેલ ચાંદીની નાની બંગડી બે સેટ નંગ ચાર કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા બે ડ્રોવર માં મુકેલ રોકડા રૂપિયા ૧૫૦૦૦ મળી કુલ રૂપિયા ૨૫.૦૦૦ હજારની ચોરી કરી ગયા હોવાનું બહાર આવતા બનાવ અંગેની ફરિયાદ વિકાસ પરમારે ચીખલી પોલીસ મથકે નોંધાવતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ આર. એન. વાડલે કરી રહ્યા છે.



ઊમરસાડી દેસાઈ ફળિયા ખાતે અનાવિલ ઉત્કર્ષ મંડળના નવયુવાનો દ્વારા દક્ષિણ ગુજરાતમાં પ્રખ્યાત થેયલ ઉમરસાડી દરિયા કિનારે તાજેતરમાં બનેલ આઇકોનીક અટલ બ્રિજની થીમ બનાવી બ્રિજ ની વચ્ચે ગણપતિ બાપ્પાની સ્થાપના કરવામાં આવી છે.



શુભમ ટાવર ૨, ચલા વાપીના રામુકા કોમ્પ્લેક્સ ખાતે ગણપતિ બાપ્પા મહોત્સવમાં મહા આરતી બાદ બાપ્પાને વિદાય આપતા ભક્તો.



સંઘ પ્રદેશ દમણ દેવના પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ કેતનભાઈ ડાયાભાઈ પટેલ ના નિવાસ્થાને વિઘ્નહર્તા શ્રીજીની સ્થાપના કર્યા બાદ આજે સહ પરિવાર આ શ્રીજીની પૂજા અર્ચના કર્યા બાદ વિસર્જન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ડાભેલ દમણ અને વાપી પંથકના ગણેશ ભક્તો જોડાયા હતા.



### ડાભેલમાં કેતન એનજીઓ દ્વારા ગણેશ સ્થાપન

દમણનાં ડાભેલમાં કેતન એનજીઓ દ્વારા એના ઉપપ્રમુખ અમી પટેલના આગેવાની હેઠળ ગણેશ સ્થાપના કરવામાં આવી છે. ગણેશ મંડપમાં તેઓ અન્ય અગ્રણીઓ સાથે નજરે પડે છે.

### ખેડૂતો, વિદ્યાર્થીઓ અને મજૂરોના પ્રશ્નો ઉકેલવા

## નાનાપોંઢામાં કોંગ્રેસનું આવેદન



**નાનાપોંઢા, તા.૧૬ :** નાનાપોંઢા તાલુકાના વિદ્યાર્થી, મજૂર વર્ગ, ખેડૂતો અને આદિવાસી આગેવાનો દ્વારા વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશ પટેલ ના અધ્યક્ષ પરના હેઠળ નાનાપોંઢા મામલતદાર મારફતે રાજયપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આવેદનપત્રામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ વર્ષોથી પડતર દાવાઓનો નિકાલ કરી આદિવાસીઓને જમીનના હક્ક આપવા, સરકારી પડતર જમીન વર્ષોથી ખેડતા ખેડૂતોને કાયમી ધોરણે આપવા તેમજ સેટેલાઈટ માપણી દરમિયાન થયેલી જમીનના સર્વે નંબર અને હિસ્સાની ભૂલો સરકારી ખર્ચે સુધારવાની માંગ કરવામાં આવી હતી.

ખેડૂતોના પ્રશ્નોમાં પાકના પોષણક્ષમ ભાવ અને પ્લમ્નો વ્યાપ વધારવા, વધતા ઉત્પાદન ખર્ચ સામે રાહત આપવા, સમયસર પૂરતું ખાતર ખાસ કરીને યુરિયા ઉપલબ્ધ કરાવવા, ખાનગી ધિરાણથી ખેડૂતોને બચાવવા અને પાક નુકસાનીનું યોગ્ય વળતર આપવા રજૂઆત કરાઈ હતી.

આ ઉપરાંત કમોસમી વરસાદથી કેરીના પાકને થતા નુકસાન માટે સહાય પેકેજ, પાક વીમાની પ્રક્રિયા સરળ બનાવવા, જંગલી પ્રાણીઓથી થતા પાક નુકસાનનું પૂરતું વળતર, ઔદ્યોગિક પ્રદૂષણ પર નિયંત્રણ અને બુલેટ ટ્રેન-એક્સપ્રેસવે જેવા પ્રોજેક્ટમાં બાગાયતી જમીન કપાતથી અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય રાહત આપવાની માંગ કરવામાં આવી હતી.

આદિજાતિના દાખલામાં સરપતા લાવવા, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમની કલમ ૭૦(બી) હેઠળના પડતર કેસોનો નિકાલ કરવા, અસ્ટોલ યોજના અંતર્ગત અંતરિયાળ વિસ્તારોમાં પાણી પહોંચાડવા તથા સર્પદંશની સારવારને આયુષ્માન કાર્ડમાં આવરી લેવા સહિતના પ્રશ્નો પણ આવેદનપત્રમાં રજૂ કરવામાં આવ્યા હતાં. રજૂઆતમાં નશામુક્ત યુવા સુરક્ષા અને દારૂના ગેરકાયદેસર વહન સામે કડક કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી હતી. આ સમયે વલસાડ જિલ્લા પ્રમુખ કિસનભાઈ પટેલ, મહામંત્રી વસંતભાઈ પટેલ, કુંજાલીબેન તેમજ કોંગ્રેસના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતાં.

## અટારના ત્રણ બાળમિત્રોએ માટીમાંથી શ્રીજીની પ્રતિમા ઘડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૧૬ :** વલસાડ તાલુકાના અટાર ગામના પટેલ પરિવારના ત્રણ બાળકોએ ગણેશોત્સવ નિમિત્તે ભક્તિ સાથે પર્યાવરણ સુરક્ષાનો ઉત્કૃષ્ટ દાખલો બેસાડ્યો છે. બજારની કેમિકલયુક્ત અને પ્લાસ્ટર ઓફ પેરિસની પ્રતિમાઓને બદલે ઘરના બાળકો શ્રેય, યુવન અને ક્રેનીએ સાથે મળીને શુદ્ધ માટીમાંથી સ્વહસ્તે બાપ્પાની મનોહર પ્રતિમા તૈયાર કરી સ્થાપના કરી છે. બાળકોએ જાતે જ માટી ગૂંથવાથી લઈને મૂર્તિના ઘડતર, કુદરતી રંગરોગાન, શણગાર અને આસનની સજાવટ સુધીની તમામ કામગીરી પોતાની કલ્પનાશક્તિ અને હસ્તકળાથી પૂર્ણ કરી છે. આ ઈકો-ફ્રેન્ડલી મૂર્તિનું વિસર્જન પણ -કૃતિ કે જળસ્ત્રોતોને નુકસાન પહોંચાડ્યા વગર ઘરે જ કુંડામાં કરવામાં આવશે. બાળકોના આ સરાહનીય પ્રયાસથી ગામમાં સર્જનાત્મકતા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીની ભારે પ્રશંસા થઈ રહી છે. પ્રકૃતિને નુકસાન પહોંચાડ્યા વગર પણ તહેવારોનો સાચો આનંદ માણી શકાય છે તેવો પ્રેરણાદાયી સંદેશ આ બાળમિત્રોએ સમગ્ર સમાજને પૂરો પાડ્યો છે.

## વાપી રોફેલના વિદ્યાર્થીઓની MSTA-ધ રાઇઝમાં અનોખી સિદ્ધિ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા. ૧૫ :** રોફેલ કોલેજ માટે ગૌરવની વાત છે કે તેના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ Team Alchemy દ્વારા આયોજિત “Mega Student Teacher Award – The Rise”માં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી કોલેજનું નામ રોશન કર્યું છે.

આ સ્પર્ધાના ફાઇનલ રાઉન્ડનું આયોજન તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું.

ફાઇનલ રાઉન્ડમાં રાખી ગુપ્તાએ દ્વિતીય સ્થાન (TYBA), જ્યારે પિયુષ ઠાકુરે (TYBBA) તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. બંને વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા, આત્મવિશ્વાસ, સમર્પણ અને અથાગ મહેનતના બળે શાનદાર પ્રદર્શન કરી સ્પર્ધામાં ટોચનું સ્થાન મેળવ્યું હતું.

રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર અને પ્રિન્સીપાલ ડૉ. પ્રિયકાન્ત વેદ તથા તમામ સ્ટાફમિત્રોએ તેમજ ટ્રસ્ટીઓએ બંને વિદ્યાર્થીઓને આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવી તેમના ભવિષ્યમાં પણ આવી અનેક સફળતાઓ પ્રાપ્ત કરવાની શુભેચ્છા પાઠવી હતી.

### કલા મહોત્સવ દરમિયાન

## વલસાડ જિલ્લામાં કોલેજ - શાળાઓમાં નાટય સ્પર્ધાઓ પ્રોત્સાહક ઈનામો અપાશે

**વલસાડ, તા.૧૬ :** રાજયમાં કલાને પ્ર-ોત્સાહન મળે તથા કલાપ્રેમી, કલાકારો, બાળ કલાકારોને તેઓની કલા ઉજાગર કરવાની તક મળી રહે તથા કલાકાર તરીકે ભવિષ્યમાં આગવી ઓળખ મળી રહે તે હેતુથી ગુજરાતના તમામ સંસદીય મત વિસ્તારોમાં ક્કકલા મહોત્સવન્નનું આયોજન કરવામાં આવશે. જે અંતગર્ત વલસાડ જિલ્લામાં સંસદીય ક્ષેત્રમાં આવેલી તમામ કોલેજોમાં નાટક સ્પર્ધા તેમજ વિધાનસભા ક્ષેત્રમાં તમામ માધ્ય/ઉચ્ચ માધ્ય. શાળાઓમાં નાટકની સ્પર્ધાનું આયોજન તા.૧૭/૯/૨૦૨૬ થી ૨/૧૦/૨૦૨૬ દરમિયાન હાથ ધરવાનું થાય છે. જેમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરી પોતાની કૃતિને Google Drive પર અપલોડ કરવી તેમજ Google Drive રજીસ્ટ્રેશન લિંક પર અપલોડ કરવાની રહેશે. Google Drive લિંકમાં “ Any-one with the link can view” માં રાખવી જેથી નિર્ણાયકશ્રી દ્વારા મુલ્યાંકન થઈ શકે. Google Form સબમિશન https://forms.gle/t8Cq2iTyosAW1QUt6 લિંક પર કરવું. જેમાં તમામ વિગતો ભરવી ફરજિયાત છે.

આ સ્પર્ધામાં વિજેતાઓને ને પ્રત્યેક વિધાનસભા ક્ષેત્ર આધારિત આઠ પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે. જેમાં પ્રથમ ક્રમ મેળવનાર શાળાને રૂ.૫૧,૦૦૦/-, દ્વીતીય ક્રમાંકને રૂ.૩૧,૦૦૦/- તથા તૃતીય ક્રમાંકને રૂ.૨૧,૦૦૦/-નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. તેમજ અન્ય ચાર થી આઠ ક્રમ પર આવેલી શાળાઓને રૂ.૧૧,૦૦૦/-નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.તો આ કલા મહોત્સવની નાટકની સ્પર્ધામાં પ્રત્યેક શાળાઓ ભાગ લેવા અનુરોધ કરાયો છે. નાટકની સ્ક્રિપ્ટ આ સાથે સામેલ લિંકમાં સામેલ છે તે મુજબ જ ૨૫ થી ૩૦ મિનિટનું નાટક તમામ શાળાઓએ કરવાનું રહેશે. વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી વલસાડ, ફોન નં.૦૨૬૩૨-૨૪૮૦૮૩ પર સંપર્ક કરવાનો રહેશે. નાટકની સ્કિપ્ટ લિંક https://drive.google.com/drive/folders/1yFvTGA67G9rjbUzjtIN6c_FAp-_LzdT4?usp=sharing. આ લિંકના આધારે સમગ્ર નાટક તમામ માધ્ય./ઉચ્ચ.માધ્ય શાળાઓ તથા કોલેજોમાં આયોજિત કરવા જણાવાયું છે.

## ચીખલીના પીપલગભાણ ગામે દીપડાએ ત્રણ વાછરડીને ફાડી ખાતા ભયનો માહોલ





**ચીખલી, તા.૧૬ :** ચીખલી તાલુકાના પીપલગભાણ ગામે રાત્રિના સમયે બે ખેડૂતની પાળેલ ત્રણ વાછરડીને દીપડાએ ખેંચી જઈ ફાડી ખાતા આ વિસ્તારના રહીશોમાં ભયનો માહોલ સર્જાવા પામ્યો છે જ્યારે સારવણી ગામે બુધવારના રોજ સવારના સમયે એક ખેડૂત ઘરના પાસે આવેલ ખેતરમાં સાફ-સફાઈ કરી રહ્યા હતા ત્યારે અચાનક દીપડાએ હુમલો કરતા જેને માથાના ભાગે તથા મોઢા ઉપર તેમજ હાથ ઉપર પંજો મારતા ચીખલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાની નોબત વર્તાય છે.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના પીપલ ગભાણ ગામના જયરામ ફળિયા ખાતે રહેતા સુરેખાબેન દીપકભાઈ પટેલના ઘરના કોઢારામાં બાંધેલ પશુઓમાંથી એક નાની બે વર્ષની વાછરડીને રાત્રિના સમયે દીપડો ઊંચકી જઈ ફાડી ખાધી હતી જયારે અનિલભાઈ સુમનભાઈ પટેલના ઘરે બાંધેલ પશુઓમાં બે વાછરડીને ઊંચકી લઈ જઈ ફાડી ખાતા પીપલગભાણ ગામે એક જ રાત્રે ત્રણ પશુઓને ફાડી ખાતા આ વિસ્તારના રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે જ્યારે સારવણી ગામના કણબીવાળ ખાતે રહેતા નટુભાઈ ગાંડાભાઈ પટેલ જેઓ બુધવારના રોજ સવારે નવેક વાગ્યે ખેતરમાં ઘાસ કચરો સાફ સફાઈ કરતા હતા દરમિયાન અચાનક દીપડાએ હુમલો કરતા નટુભાઈ પટેલને માથાના ભાગે, જમણી આંખના નીચેના ભાગે તેમ જ ડાબા ખભાના ભાગે પગનો પંજો મારતા ગંભીર રીતે ગવાયેલ નટુભાઈ પટેલને ચીખલીની ખાનગી હોસ્પિટલમાં લઈ જતા જેને માથામાં ટાંકા લેવાની નોબત વર્તાય છે. જોકે વન વિભાગ દ્વારા આ બંને ગામોમાં દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવી પકડવાની તજવીજ હાથ ધરી છે.

# ચર્ચાનો ચોતરો


**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## સંદેશ એક આજની યુવા પેઢીને...!


**લાયન કિરીટ શાહ**
**વાપી**


આજે એક તરફ અમર્યાદ અવકાશ છે યુવાપેઢી માટે તેમની કારકિર્દી બનાવવા માટે, તો બીજી તરફ ભયાવહ અને ઘાતક પરિબળો પણ વ્યાપ્ત છે જે યુવા પેઢીને અરાજકતા તરફ દોરવા માટે. આ સંજોગોમાં આજની યુવાપેઢીએ ખુલ્લી આંખ અને ખુલ્લા કાન સાથે, સારાનરસાની સભાનતા સાથે પોતાનો માર્ગ નિર્ધારિત કરવો પડશે, પોતાની કેડી કંડારવી પડશે. પોતાની ઓળખ પોતાની રીતે, આત્મબળે અને આત્મનિર્ભરતા સાથે સ્વમાનભેર પ્રાપ્ત કરવી પડશે બનાવવી પડશે.

કારણો સ્પષ્ટ છે, બેફામ સ્પર્ધાત્મકતા, તમામ ક્ષેત્રે વ્યાપેલો ભ્રષ્ટાચાર જે યુવા પેઢીના માર્ગમાં દિવાલ બની અડચણ ઉભી કરે છે. તો ટેકનોલોજી એક તરફ ઝડપભેર કલેવર બદલી સહાયક બની આગળ વધવામાં સહાયક બની ઉભરી રહી છે, તો બીજી તરફ એજ ટેકનોલોજી જો સકારાત્મક અને રચનાત્મક રીતે વાપરવાને બદલે જો વિઘાતક રીતે વાપરવાની આદત પડીને એક લત કે વ્યસન બની જાય તો કેટલી વિઘાતક બની શકે તેના રોજે રોજ આવતા સમાચાર માધ્યમો પુરાવા આપે છે. જે મોબાઈલ તમને જ્ઞાનની માહિતી પુરી પાડી સક્ષમ અને સજ્જ બનાવી શકે એજ મોબાઈલના સ્ક્રીન પર ખોટી જગ્યાએ પડતી યુવાપેઢીની આંગળી એમને પતનના દરવાજે પણ પહોંચાડી શકે છે એ વાતના પુરાવાઓ આપણને મીડીયા દ્વારા પ્રાપ્ત થઈ રહ્યા જ છે ત્યારે માત્ર યુવાપેઢીએ જ નહીં, માબાપે, કુટુંબીજનોએ, સમાજે, શ શિક્ષણ સંસ્થાઓ અને સરકારે સાવધાનીપૂર્વક એ બાબતનો ખ્યાલ રાખવો એ આજના સમયની માંગ છે. યુવા કિશોર કિશોરીઓના કુમળા માનસને કોઈ વિકૃતિ કે કોઈ લત શિકાર ન બનાવે તે માટેની સભાનતા દરેક સ્તરે અત્યંત જરુરી છે. વધી રહેલા સીગરેટ, ડ્રગ્સ, ગાંજા, ચરસ અને બીજા અનેક નશાકારક પદાર્થો તમામ સરકારી નિયંત્રણ પછી પણ સહજ ઉપલબ્ધ હોય તેવો માહોલ આજે જ્યારે નજરે પડે છે ત્યારે એના વિઘાતક, વિનાશક, અને આકરા પરિણામો આજે જગજાહેર છે. યુવાપેઢીએ આ બાબત સાવધ થવાની જરુર છે. નશાકારક પદાર્થોથી દકૂએકર રહેવાની, એવા સંપર્કોથી અંતર રાખવાની આજે તાતી જરુર છે. યુવા પેઢીની આ વય એના જીવનનો સુવર્ણકાળ છે, ભવિષ્યના પાયાનો નિર્માણકાળ છે ત્યારે કોઈ પણ છીછરા - લોભનોથી આકર્ષાયા વિના પોતાની જાતને આવતી કાલ માટે સફળતા તરફ દોરવાનો આ સુવર્ણકાળ છે ત્યારે એના મહત્વને ધ્યાનમાં રાખવું જરૂરી છે. મોબાઈલ પર પીરસાતી



વિકૃત ચેનલોના બિભત્સ એપીસોડના બદલે સાહિત્યીક કૃતિઓ તરફ નજર નાખવાનો અભિગમ જ યુવા પેઢીની આવતી કાલને સુરક્ષિત રાખી સફળતા બક્ષી શકે.

આજનું રાજકારણ ફક્ત મતોના રાજકારણ તરીકે જ્યારે આ યુવાપેઢીને કોઈ બાબતે આમંત્રિત કે આકર્ષિત કરે ત્યારે એની પાછળનો આશય સમજવો પણ જરુરી છે આજની પરિસ્થિતિ જરુર યુવાપેઢીમાં આક્રોશ પેદા કરાવે તેવી હોય, યુવાપેઢીએ એની પાછળનો આશય સમજવો રહ્યો. એનો ભોગ કે એના ભાગ બનવાની જરુર નથી. ઝેનજી નામનું રાજકારણ સભર અભિયાન જે રીતે અને જે પ્રમાણે આયોજીત થયું, એની પાછળનું કારણ ભલે સબળ હોય પણ પ્રત્યેક આંદોલન જ્યારે અનિયંત્રિત કે બેકાબુ બને, કે એ આંદોલનના ઓઠા હેઠળ ક્યારેક ગુનાખોર તત્વો પણ મુખવટો પહેરી જોડાય ત્યારે શું બની શકે એ જાણવા દૂર જવાની ક્યાં જરુર છે..?

જીવનમાં શિસ્ત, સંયમ, ધીરજ, પ્રમાણિકતા અને આદર ખુબ જ મહત્વના છે. સફળ થવા માટે આ ગુણો જરુરી છે.

ત્યારે યુવાપેઢીએ સફળતાના અમાપ અવકાશ તરફ મીટ માંડવી જોઈએ, અન્યથા ગેરમાર્ગે, ખોટા માર્ગે દોરાયા પછી જ્યારે યુવા પેઢી માનસિક હતાશાનો ભોગ બને છે ત્યારે તે ગૂમરાહ બની ઘાતક અને વિનાશક પગલાં ભરી બેસે છે, ગૂમનામીના અંધારવનમાં ખોવાઈ જાય છે, આત્મહત્યા કે ગુનાખોરી તરફ વળી જાય છે. આવું થાય, આવી પરિસ્થિતિ નિર્માણ થાય તે પહેલાં યુવાપેઢીએ જાગવાની આ ક્ષણ છે. સફળતા તરફ દોરતા માર્ગને સ્વિકારવાની જરુર છે, આત્મવિશ્વાસ સાથે આત્મનિર્ભર બનવા તરફ અગ્રેસર થવાની આ નિર્ણાયક ક્ષણ છે. એક સ્વસ્થ, સજ્જ, સફળ અને આત્મનિર્ભર કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર માટે..!

યુવા પેઢીને દશે દિશામાંથી શુભ શુભ વિચારો સદાય પ્રાપ્ત થાઓ, એવી શુભકામનાઓ સાથે,

ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

## મોંઘવારી : મધ્યમ વર્ગના સપનાઓનું મૌન મૃત્યુ


**નીતા પી.જાદવ**
**રાજકોટ**


ભાવોની આગમાં બળે છે આજ,
કાલની ચિંતા કરે છે મધ્યમ વર્ગ;
પગાર આવે છે મહેમાન બનીને,
અને ખર્ચો રહે છે ઘરનો સભ્ય બનીને!

મોંઘવારી—માત્ર ચાર અક્ષરનો શબ્દ, પરંતુ મધ્યમ વર્ગના જીવનમાં એ જાણે ચારેય તરફથી ઘેરાયેલું એક એવું વાવાઝોડું છે, જેમાં માણસની આવકની નાવ સતત ડગમગતી રહે છે. બજારમાં ભાવ વધે છે ત્યારે માત્ર વસ્તુ મોંઘી થતી નથી, માણસની જરૂરિયાતો અને સપનાઓ વચ્ચેનું અંતર પણ વધે છે.

આજે સામાન્ય માણસ બજારમાં ખરીદી કરવા જાય છે ત્યારે હાથમાં થેલી કરતાં પહેલાં બજેટ લઈને જાય છે. શાકભાજી લેતી વખતે ભાવ પૂછે છે, પેટ્રોલ ભરાવતી વખતે મીટર જુએ છે અને બાળકોની ફી ભરતી વખતે પોતાના ભવિષ્યની બચતનો હિસાબ કરે છે.

પહેલાં પૂછતા હતા—'શું લેવું છે?' હવે પૂછીએ છીએ—'શું લીધા વગર ચાલશે?' મોંઘવારીનું આ જ તો સાચું ચિત્ર છે, જ્યાં જરૂરિયાત પહેલાં અને ઈચ્છા પછી આવે છે.

મધ્યમ વર્ગની મુશ્કેલી એ છે કે તે ગરીબીની સીમા નીચે નથી કે સહાય માટે હાથ લંબાવી શકે, અને એટલો ધનિક પણ નથી કે વધતા ભાવો તેની જીવનશૈલીને અસર ન કરે. તેથી તે ચૂપચાપ બધું સહન કરે છે. પગાર વધે છે ત્યારે ખુશી થાય છે, પરંતુ થોડા જ સમયમાં વધેલા ઘરખર્ચની યાદી એ ખુશીને ગળી જાય છે. દૂધ મોંઘું, શાકભાજી મોંઘાં, શિક્ષણ મોંઘું, સારવાર મોંઘી, ઘર મોંઘું અને પ્રવાસ પણ મોંઘો! જાણે જીવનની દરેક જરૂરિયાતે પોતાના ભાવની સાથે માણસની પરીક્ષા લેવાનું નક્કી કર્યું હોય. સૌથી મોટો કટાક્ષ તો એ છે કે 'સાદું જીવન જીવો' એવી સલાહ આપવી સરળ છે, પરંતુ આજના સમયમાં 'સાદું જીવન' પણ સસ્તું રહ્યું નથી. બાળક કહે—મારે નવી સાઇકલ જોઈએ, પિતા કહે—આવતા મહિને લઈશું; આવતો મહિનો આવે ત્યારે, નવું બિલ જૂનું સપનું લઈ જાય છે.

મોંઘવારીનો એક અદ્દશ્ય બોજ પણ છે— માનસિક તણાવ. ઘર ચલાવનાર વ્યક્તિ સતત ગણતરીમાં જીવે છે. મહિનાના પહેલા અઠવાડિયામાં ભાડું, બીજા અઠવાડિયામાં ફી, પછી EMI, બિલો અને ઘરખર્ચ અને મહિનો પૂરો થાય ત્યાં સુધી ખિસ્સો પૂછે છે– હવે મારી વારી ક્યારે? મધ્યમ વર્ગના સપનાઓ પણ હવે હપ્તામાં વહેંચાઈ ગયા છે. ઘર EMI પર, કાર EMI પર, શિક્ષણ માટે લોન અને



ક્યારેક તો રોજિંદી જરૂરિયાતો માટે પણ ઉધાર. માણસ વસ્તુઓ ખરીદતો નથી, જાણે ભવિષ્યની આવક અગાઉથી ખર્ચી નાખે છે.

પરંતુ આ વર્ગની સૌથી મોટી ખાસિયત એ છે કે મુશ્કેલીઓ વચ્ચે પણ તે હાર માનતો નથી. સ્ત્રી અને પુરુષ સવારે ફરી કામે જાય છે. બાળકોના ભવિષ્ય માટે બચાવે છે, માતા-પિતાની સારવાર કરાવે છે અને પોતાના અધૂરા સપનાઓને મનના કોઈ ખૂણામાં સાચવી રાખે છે.

પગારમાં ભલે વધારો ઓછો હોય, પણ જવાબદારીઓમાં ક્યારેય ઘટાડો નથી; મધ્યમ વર્ગની જિંદગીનું આ જ સત્ય છે– થાક ઘણો છે, છતાં રોકાવાની છૂટ નથી.

આથી મોંઘવારીને માત્ર આંકડાઓમાં જોવાનો સમય નથી. તેના કેન્દ્રમાં એક જીવંત માણસ છે—જે મહેનત કરે છે, ટેક્સ ચૂકવે છે, પરિવાર ઉછેરે છે અને ભવિષ્ય બનાવે છે. વિકાસની સાચી કસોટી માત્ર ઊંચી ઈમારતો, મોટા બજારો કે વધતા આંકડાઓમાં નથી. સાચો વિકાસ ત્યારે કહેવાય જ્યારે એક સામાન્ય પરિવાર મહિનાના અંતે પણ નિશ્ચિંત રહી શકે; જ્યારે માતા-પિતાને બાળકની ફીની ચિંતા ન સતાવે; જ્યારે બીમારી આવે ત્યારે સારવાર માટે ઘરનું બજેટ ન તૂટે અને જ્યારે માણસ પગારની રાહ જુએ ત્યારે આશંકા નહીં, આશા અનુભવે.

મોંઘવારી ઓછી થાય એ જ પૂરતું નથી, માણસની ચિંતા ઓછી થવી જોઈએ;દેશની તિજોરી ભરાય એ પહેલાં,

ઘરનું હાસ્ય ભરપૂર થવું જોઈએ.

અંતે વાત એટલી જ—મધ્યમ વર્ગને સહાનુભૂતિ નહીં, સન્માનપૂર્વક જીવવાની તક જોઈએ. કારણ કે જે હાથ દેશનું અર્થતંત્ર ચલાવે છે, એ હાથ જો પોતાના ઘરના ખર્ચ માટે જ કાંપવા લાગે, તો વિકાસની વાત અધૂરી રહી જાય છે. મોંઘવારીની સૌથી મોટી કિંમત રૂપિયામાં ચૂકવાતી નથી— ક્યારેક તે માણસ પોતાના સપનાઓથી ચૂકવે છે.

## માણસ 'પુખ્ત' ક્યારે કહેવાય?


**અશરફ ચુડાસમા**
**ભીલાડ**


પુખ્તતા કોને કહેવાય? પુખ્તતા એટલે શું? પુખ્તતા ખરેખર શું છે? કોઈએ તેને માટે સરસ વ્યાખ્યા આપી છે

Maturity is one growing awareness that you are neither quite so wonderful nor quite so hopeless.

દરેક માણસના જીવનમાં આશાના ઉભરા અને નિરાશા ની ઘેરી પળો આવે છે. પુખ્ત માણસ તે બંનેથી પર રહેવા પ્રયત્ન કરે છે. તેમાં ઘણીવાર નિષ્ફળ જાય છે છતાં, તેનો તે પ્રયત્ન જીવનભર સતત ચાલુ રહે છે. કારણ કે, પુખ્તપણું તે કોઈ મંઝિલ નથી, યા બેસીને આપણે થાક ખાઈ શકીએ. પુખ્તપણું ચાલતા રહેવાની એક સતત ક્રિયા છે.

તમે નાના હો અને તમારાથી પણ નાનાં કોઈ ભાઈ કે બહેનને તમે મારો તો બાપા ગુસ્સે થઈને કહેશે, આવડો મોટો થઈને નાના ને મારતા શરમાતો નથી?

બીજી જ કલાકે તમે બાપા પાસે સ્કૂટર ચલાવવાની પરવાનગી માંગો તો ફરી ગુસ્સે થઈને કહેશે, હાથ પગ ભાંગવી નાખવા છે કે શું? તું કેવડો નાનો છે તેનો તો વિચાર કર?તમને વિચાર થશે કે, ખરેખર હું મોટો છું કે નાનો? થોડીવાર પહેલાં તો મોટો હતો, થોડીવાર પછી નાનો બની ગયો. કેવી ઉલટી વાત છે?



પણ આ ઉલટી, અટપટી વાતની ગ્રંથિ આપણે બધાએ જીવનભર ઉકેલ્યા કરવાની હોય છે. કશુંક સતત સમજતા રહેવાનું હોય છે અને એવી સતત સમજવાની મથામણ દ્વારા જ આપણે પુખ્ત બની શકીએ છીએ.

જિંદગીના રસ્તા પર સતત ચાલતા રહીને, અને સજાગ રહીને આપણે પુખ્ત બનવાનું હોય છે. ક્યારેક આપણને આઘાત લાગે છે ક્યારેક આનંદ મળે છે. પણ તે બધું શા માટે બને છે, તેની સાથે આપણે પોતાને શું સંબંધ છે તેની જાગૃત શોધ આપણને આપણી જાતની વધુને વધુ નજીક લઈ જાય છે. અને જે કોઈ પોતાની જાતથી સૌથી વધુ નજીક પહોંચી શકે છે તે જ સૌથી પુખ્ત હોય છે.

## દીકરી બોજ નહી, પણ ઈશ્વરનું વરદાન છે


**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**


ક્યારેક વિચાર્યું છે કે ઈશ્વરે આખી સુષ્ટિ રચી સમુદ્ર અને પહાડો બનાવ્યા પણ ઘરમાં જયારે પ્રાણ ફૂંકવાનો વારો આવ્યો ત્યારે તેણે શું કર્યું ...? ભગવાને તેની ધરા પર પ્રતિનિધિ તરીકે એક દીકરી મૂકી. દીકરી એક માત્ર સંતાન નથી એ તો ઈશ્વરનું એક અદ્ભૂત વરદાન છે જે સૂકા વેરાન ઘરમાં એ તુલસીનો ક્યારો બનીને પવિત્રતા ફેલાવી દે છે. લોકો પૂછે છે કે દીકરીનું સામાજીક જીવનમાં શું મહત્વ છે...? તો જાણી લો જે સમાજમાં દીકરીનું સન્માન નથી જે સમાજ હાડ ચામડાનો નિર્જીવ માળખું છે. હવે ધીમે ધીમે સમાજમાં દિન - પ્રતિદિન દીકરીનું સ્થાન વધતું જાય છે. દીકરી એટલે પારકી થાપણ જ નહી પણ તુલસીનો ક્યારો છે. દીકરી વગરના બાપને કમનશીબ માનવામાં આવે છે. દીકરી એટલે માઁ - બાપની લાડકવાયી. કહેવત છે દીકરીને ગાય દોરે ત્યાં જાય, દીકરી એ બે કુળને ઉજાળનારી દીકરી છે. એક પિતાનું ઘર અને બીજું સાસરીયાનું આંગણું છે તે બન્નેવ આંગણા વચ્ચે સંસ્કાર અને પ્રેમનું અદશ્ય પણ અતૂટ સેતુ બાંધે છે. આપણા શાસ્ત્રો અને સંસ્કૃતિએ દીકરીને સાક્ષાત જગદંબા માઁ લક્ષ્મી અને સરસ્વતીનું રૂપ કેમ કહ્યું છે. ક્યારેક દિલ પર હાથ મૂકીને અનુભવ્યું છે દીકરો, કદાચ પિતાનું નામ રોશન કરશે પણ દીકરી તો પિતાની આબરૂ છે. તેના સ્વાભિમાન અને આત્મગૌરવ સાચવે છે. જયારે ઘરમાં પહેલીવાર નાની દીકરીના પગલાં પડે છે ત્યારે લાલ કંકુના પગલાં પાડવાની જરૂર નથી પડતી એના હસતા ચહેરા માત્રાથી આખુ ઘર નંદનવન બની જાય છે. જયારે આખો સંસાર સ્વાર્થની ભાષા બોલતો હોય ત્યારે પિતાના કપાળ પર પડેલી ચિંતાની કરચલીને વગર બોલીએ ઓળખી જનારી તે દીકરી છે.

કોઈ દેવસ્થાનમાં જઈને પથ્થરની મૂર્તિ સામે માથું ટેકવો એ પહેલા તમારા ઘરમાં ઉછરી રહેલી દીકરી તરફ નજર કરજો તમને સાક્ષાત ભગવતીના દર્શન થશે.

દીકરી એટલે મમતાની મૂરત નહી પણ જરૂર પડે ત્યારે આખા પરીવાર માટે દુર્ગા બનીને ઉભા રહેવાની તાકાત છે.

આજના યુગમાં દીકરી કેવી હોવી જોઈએ તેવો પ્રશ્ન થાય ત્યારે યાદ રાખવું દીકરી સંસ્કારવાન હોવી જોઈએ સાથે એટલી સ્વાભિમાન અને સશક્ત હોવી જોઈએ. પરિસ્થિતિ ગમે



તેટલી વિસમ હોય તો પણ પોતાના આત્મસન્માન સાથે ક્યારે સમાધાન ન કરે. દીકરી અવાજ વિના સહન કરનારી લાચાર ઢીંગલી નથી પણ પોતાના અધિકારો અને સચ્ચાઈ માટે અડગ ઉભી રહેનારી શક્તિ હોવી જોઈએ તે શિક્ષણ મેળવે આકાશ સ્તર કરે તેના મૂળિયાં ઘરના સંસ્કારો સાથે જોડાયેલા રહેવા જોઈએ પરંતુ સંસ્કારનું સૌથી ક્રૂર અને અસહ્ય નિયમ એ છે જેને કાળજાના કટકાની જેમ જેના એક એક ડગલાં સાથે પિતાના ધબકારા ચાલ્યા એજ દીકરીને એક દિવસ વિદાય કરવી પડે છે જયારે દીકરી ઘર છોડીને દૂર જાય છે ત્યારે માઁ - બાપના હ્રદય પર કેવો આઘાત હશે...? એ માત્રને માત્ર માઁ બાપ જાણી શકે. બાપના આંગણામાં વીસ બાવીસ વર્ષ સુધી એનો પાયલનો રણકાર ગુંજતો રહ્યો એ આંગણું ક્ષણભરમાં સૂમસામ અને શાંત થઈ જાય છે. દીકરીની વિદાય વખતે પિતાની આંખોમાંથી વહેતા દરેક આંસુ એ માત્ર આંસુ નથી પણ જિંદગીભર સાચવેલા પોતાના આત્માને કોઈ બીજાના હાથમા સોંપી દેવાના અસહ્ય દર્દ છે. પિતા દુનિયા સામે પહાડ જેવો બનીને ઊભો રહે પણ દીકરી જયારે ગળે વળગીને રડે ત્યારે એ પહાડ પણ ક્ષણભરમાં પીગળીને ધ્રુજી ઉઠે છે.

માઁ જયારે પોતાના કુંખમાંથી જન્મેલા અંશને બીજાના ઘરે વળાવતી વખતે જીવતે જીવ મરી જતી હોય એવી પીડા અનુભવતી હોય છે. જે લોકો આજે પણ દીકરીને બોજ માને છે અને દીકરીના જન્મ પણ મોં બગાડે છે તેમને સમાજે સ્પષ્ટ શબ્દોમાં કહી દેવું પડશે.

દીકરી કોઈ બોજ નથી દીકરી તો ઈશ્વરના પવિત્ર આર્શીવાદ છે. સમાજને જીવંત રાખવો હોય, આપણા સંસ્કારોને સાચવવા હોય અને ધરતીને પવિત્ર રાખવી હોય તો દીકરીને પુંજતા શીખો, સશક્ત બનાવો તેના અસ્તિત્વને વંદન

## સાક્ષરતા વિના વિકાસ અધૂરો


**ડો. જે. એમ. નાયક**
**નવસારી**


ભારતે જો વિશ્વ ગુરુ બનવું હશે તો સૌથી પહેલા દેશના નાગરિકો સાક્ષર બને તે તરફ ધ્યાન આપવું પડશે. જીવનમાં સફળતા અને નિષ્ફળતા માટે સાક્ષરતા ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. ભારતમાં એક અંદાજ મુજબ કુલ સાક્ષરતા દર અંદાજે ૭૩ ટકા ની આસપાસ છે. એટલે કે દેશના ૨૭ ટકા જેટલા લોકો નિરક્ષર છે. પુરુષોની સરખામણીમાં મહિલા સાક્ષરતા દર નીચો છે. શહેરી વિસ્તારમાં સાક્ષરતા દર ગ્રામ્ય વિસ્તારો કરતા સ્વાભાવિક રીતે વધુ છે. ભારતમાં સૌથી વધુ સાક્ષરતા ધરાવતું રાજ્ય કેરળ છે. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં સાક્ષરતા સૌથી વધુ મહત્વનો ભાગ ભજવે છે. સાક્ષરતા વગરનો સમાજ અધૂરો છે. સાક્ષરતા દેશના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે તેથી ભારતમાં પણ સાક્ષરતા દર વધારવા માટે અનેક પ્રયાસો થઈ રહ્યા છે. વર્તમાન સ્પર્ધાત્મક વિશ્વમાં ટકી રહેવા માટે સાક્ષરતા ખૂબ જ જરૂરી છે. ૨૧ મી સદીએ જ્ઞાનની સદી છે તેથી વિશ્વના દરેક નાગરિક સાક્ષરતાનું મહત્વ સમજે એ ખૂબ જ જરૂરી છે. સાક્ષરતાનો અર્થ વાંચવા અને લખવા પૂરતો મર્યાદિત નથી. વર્તમાન ડિજિટલ યુગમાં ડિજિટલ સાક્ષરતા પણ ખૂબ જ જરૂરી છે. સાક્ષરતા ને વિશાળ અર્થમાં લઈએ તો એમાં નાણાકીય સાક્ષરતા, આરોગ્ય અંગે સાક્ષરતા, કાયદાકીય સાક્ષરતાનો પણ સમાવેશ થાય છે. આપણા દેશનો જે પ્રાણ પ્રશ્ન ગરીબી છે એ ગરીબી ઘટાડવા માટે પણ સાક્ષરતા અતિ આવશ્યક છે. જો દેશના નાગરિકો



સાક્ષર હશે તો તેઓ પોતાની ફરજો પ્રત્યે પણ જાગૃત બનશે. કોઈ પણ સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે સાક્ષરતા આવશ્યક જ નહીં પરંતુ અનિવાર્ય પણ છે.

સાક્ષરતા અંધકારમાંથી ઉજાસ તરફ દોરી જાય છે. દેશનો નાગરિક જો સાક્ષર હશે તો તે પોતાના, ફેમિલીના, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પણ ભૂમિકા ભજવી શકે છે. રાષ્ટ્ર વિકસિત બને એ માટે દેશના નાગરિકો સાક્ષર હોય જરૂરી છે. સાક્ષરતા લોકોને સારું જીવન જીવવામાં મદદ થાય છે. ગરીબી નાબૂદી માટે અને વસ્તી નિયંત્રણ માટે પણ સાક્ષરતા જરૂરી છે. નિરક્ષરતા ને સમાપ્ત કરવા માટે આપણા દેશમાં સાક્ષરતા જાગૃતિ અભિયાનની ખૂબ જ જરૂર છે. ચાલો આપણે સૌ સાથે મળીને સમાજમાં સાક્ષરતાના વ્યાપને વધારવા માટે સહિયારા પ્રયાસો કરીએ. આપણા ગુજરાત રાજ્યમાં અને દેશમાં સાક્ષરતાનો દર વધારવા માટે સંકલ્પબદ્ધ થઈએ.

## એકદંત


**કિંજલ પંડયા**
**પારડી**


ગણેશ ઉત્સવનો પવિત્ર માહોલ ચારેય તરફ છવાયેલો છે ત્યારે વિઘ્નહર્તાનું દરેક સ્વરૂપ આપણને જીવન જીવવાની એક ઊંડી સમજ આપી જાય છે. આપણે ગણેશજીને એકદંત કહીને પૂજીએ છીએ, પણ શું ક્યારેય વિચાર્યું છે કે તેમનો આ એક તૂટેલો દાંત માત્ર એક રૂપક નથી, પરંતુ જીવનમાં કંઈક મોટું સિદ્ધ કરવા માટે આપવાના બલિદાનનું સૌથી મોટું પ્રતીક છે? કથા કહે છે કે જ્યારે મહર્ષિ વેદવ્યાસજી મહાભારત જેવા મહાન ગ્રંથની રચના કરી રહ્યા હતા, ત્યારે તેમણે શરત મૂકી હતી કે લેખન કાર્ય અટકવું ન જોઈએ. લખતા લખતા ગણેશજીની કલમ તૂટી ગઈ. ક્ષણનો પણ વિલંબ કર્યા વગર, તેમણે પોતાનો એક દાંત તોડીને તેને કલમ બનાવી લીધી અને મહાકાવ્યનું આલેખન પૂરું કર્યું. પોતાના શરીરના એક અંગનો, પોતાના સૌંદર્યનો ત્યાગ કરીને પણ તેમણે જ્ઞાન અને ભવિષ્યની પેઢી માટેના મહાન કાર્યને પ્રાથમિકતા આપી.

આજના આધુનિક અને દોડધામભર્યા યુગમાં એકદંતનો આ સંદેશ પહેલાં કરતાં પણ વધુ પ્રાસંગિક બની જાય છે. આજે આપણે દરેક ક્ષેત્રમાં સફળતા, શાંતિ અને સમૃદ્ધિ ઈચ્છીએ છીએ, પરંતુ કંઈક મેળવવા માટે કંઈક જતું કરવાની આપણી તૈયારી હોતી નથી. આપણું મન ક્ષણિક સુખો, અનંત સોશિયલ મીડિયા સ્ક્રોલિંગ, આળસ અને તાત્કાલિક મળતા સંતોષ પાછળ ભાગતું રહે છે. પણ ગણેશજીનું આ સ્વરૂપ આપણને સ્પષ્ટપણે સમજાવે છે કે જીવનમાં જે ખરેખર 'મહત્વનું' છે -જેમ કે કરિયર, સ્વાસ્થ્ય, સંબંધો અને માનસિક શાંતિ- તેને પ્રાપ્ત કરવા માટે 'ઓછું મહત્વનું' એટલે કે ક્ષણિક આનંદ અને ખરાબ ટેવોનો ત્યાગ કરવો જ પડે છે.



એકદંત બનવાનો અર્થ એ નથી કે તમારે સંસાર છોડી દેવાનો છે, પણ તેનો અર્થ એ છે કે તમારે વિવેકબુદ્ધિ કેળવવાની છે.

જો ગણેશજીએ પોતાના દાંતનો ત્યાગ ન કર્યો હોત તો માનવજાત મહાભારત જેવા અમૂલ્ય જ્ઞાનથી વંચિત રહી ગઈ હોત. તેવી જ રીતે, જો આપણે આજે આપણી નકારાત્મક ટેવો, ક્રોધ, અહંકાર અને આળસનો ત્યાગ નહીં કરીએ તો આપણે આપણા પોતાના જીવનના મહાકાવ્યને સુંદર રીતે આલેખી શકીશું નહીં.

આ ગણેશ ઉત્સવે માત્ર મોદકનો ભોગ ધરાવીને અટકી જવાને બદલે, ચાલો આપણા જીવનમાંથી પણ એકાદ એવી બાબતનો ત્યાગ કરવાનો સંકલ્પ કરીએ જે આપણી પ્રગતિમાં બાધક બની રહી છે. જે ક્ષણે આપણે લક્ષ્ય માટે બિનજરૂરી વસ્તુઓને જતી કરતા શીખી જઈએ છીએ, તે જ ક્ષણે આપણાં જીવનમાંથી તમામ વિઘ્નો દૂર થવા લાગશે અને સાચા અર્થમાં 'એકદંત' ગણેશ આપણાં હૃદયમાં વિરાજમાન થશે.

## સંઘર્ષથી સેવા સુધીની સફરની પ્રેરણાદાયક કહાની


**જયોતિ ઉત્પલ પંડયા**
**અતુલ**


૧૭ સપ્ટેમ્બરનો દિવસ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે જન્મદિવસનો વિશેષ દિવસ છે. પરંતુ તેમના જાહેર જીવનને જોતા આ દિવસ માત્ર જન્મદિવસની ઉજવણી પૂરતો સીમિત રહેતો નથી; તે લાંબી જાહેરસેવા, સંઘર્ષ અને રાજકીય સફરને યાદ કરવાનો અવસર પણ બની રહે છે.

નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ ગુજરાતના વડનગરમાં થયો હતો. સામાન્ય પરિવારમાંથી આગળ વધીને તેમણે જાહેર જીવનમાં પોતાનું સ્થાન બનાવ્યું. બાળપણ અને યુવાનીના સમયથી જ રાષ્ટ્ર અને સમાજસેવા તરફ તેમનો ઝોક રહ્યો હોવાનું તેમના જીવનચરિત્રોમાં નોંધાયું છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ પછી તેઓ રાષ્ટ્રીય રાજકારણમાં આવ્યા અને ૨૦૧૪માં ભારતના વડા-ધાન બન્યા. ત્યારબાદ ૨૦૧૯માં અને ફરી ૨૦૨૪માં લોકસભા ચૂંટણી બાદ તેમણે વડાપ્રધાન તરીકે શપથ લીધા. આમ, છેલ્લા એક દાયકાથી વધુ સમયથી તેઓ ભારતના રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રમાં રહ્યા છે. મોદીના જાહેર જીવનની ચર્ચામાં વિકાસ, ડિજિટલ ટેક્નોલોજી, સ્વચ્છતા, માળખાકીય સુવિધાઓ, જનકલ્યાણ યોજનાઓ અને ભારતની વૈશ્વિક ભૂમિકા જેવા અનેક મુદ્દાઓનો સમાવેશ થાય છે. તેમની સરકારના સમર્થકો તેમના નેતૃત્વ હેઠળ થયેલા વિવિધ વિકાસકાર્યો અને નીતિગત પહેલોને મહત્વ આપે છે. બીજી તરફ, તેમની સરકારની કેટલીક નીતિઓ અને નિર્ણયો અંગે વિપક્ષ તથા અન્ય સમૂહોએ અલગ-અલગ પ્રશ્નો અને ટીકા પણ વ્યક્ત કરી છે. લોકશાહીમાં આવા મતભેદો સ્વાભાવિક છે અને જાહેર જીવનને સમજવા માટે વિવિધ દ્દષ્ટિકોણોને જાણવું જરૂરી છે.



નરેન્દ્ર મોદીની રાજકીય સફરનું એક મહત્વનું પાસું તેમની સંવાદ કરવાની શૈલી પણ છે. ભાષણો, સોશિયલ મીડિયા અને વિવિધ જાહેર કાર્યક્રમો દ્વારા તેઓ સીધા લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરે છે. તેમના સમર્થકો માટે આ જોડાણ પ્રેરણાનું કારણ છે, જ્યારે ટીકાકારો તેમના કેટલાક અભિગમો અંગે અલગ મત ધરાવે છે.જન્મદિવસ કોઈપણ વ્યક્તિ માટે આત્મમંથનનો દિવસ હોય છે. નરેન્દ્ર મોદીના સંદર્ભમાં પણ ૧૭ સપ્ટેમ્બર આપણને યાદ અપાવે છે કે જાહેર જીવનમાં લાંબી સફર સતત જવાબદારી સાથે જોડાયેલી હોય છે. સત્તા સાથે અપેક્ષાઓ આવે છે અને અપેક્ષાઓ સાથે જવાબદારી પણ આવે છે. આ દિવસે શુભેચ્છાઓ આપવાની સાથે આપણે લોકશાહી, વિકાસ, રાષ્ટ્રસેવા અને નાગરિક જવાબદારી જેવા મૂલ્યોને પણ યાદ કરીએ. નરેન્દ્ર મોદીના જીવન-વાસમાંથી સંઘર્ષ, મહેનત અને જાહેરજીવન પ્રત્યેની પ્રતિબદ્ધતા જેવા પાસાઓ વિશે પ્રેરણા લઈ શકાય.

૧૭ સપ્ટેમ્બરના આ વિશેષ દિવસે તેમને જન્મદિવસની શુભેચ્છા સાથે એવી જ આશા રાખીએ કે ભારતની લોકશાહી વધુ મજબૂત બને, દેશ વિકાસના માર્ગે આગળ વધે અને દરેક નાગરિકના જીવનમાં વધુ તકો અને સુખાકારી આવે.

## સંસ્કૃતિની મર્યાદાઓના પાલક બનો


**હર્ષદ દેસાઈ**
**વટાર**


આર્યવ્રતની પ્રજાની જીવાદોરી સમી મહાન સંસ્કૃતિ એટલે મોક્ષ પામવાના એકમાત્ર લક્ષવાળી ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિ. ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. ધર્મથી મોક્ષ મળે પણ તે ધર્મ વિધિ અને યત્નથી મુકત હોય તો અર્થ પણ પુરુષાર્થ બનીને મોક્ષ આપવામાં આડકતરી રીતે સહાયક બને. જો તે પરરુચિગમ ત્યાગ અને સ્વદારા સંતોષથી યુકત હોય તો. આમ અર્થ, કામ પણ ધર્મથી રચાયેલો છે. એ ધર્મો જ વસ્તુતઃ મોક્ષ આપે છે. અર્થ કામને અનર્થ અને નાસાર બનતાં અટકવે છે અને પુરુષાર્થ સ્વરૂપ બનાવે છે. આ ચા પુરુષાર્થ અહિંસા- લક્ષી છે. અહિંસા, આધારિત વછે. આવી સંસ્કૃતિ એ જ ભારતીય પ્રજાની જીવાદોરી હતી. માછલીની જીવાદરી પાણી છે તેમ. કમ નસીબે આ સંસ્કૃતિના વૃક્ષ ઉપર પશ્ચિમની વિભૂતિઓના ભંકર કુહાડો ઝીંકાયો છે. અલબત્ત એ વૃક્ષ તુટી નથી પડયુ. તુટી પડશે પણ નહી કેમ કે એના મુળ ખુબ ઊંડે જળથી એ વજ જેવુ મજબુત બની ચૂકયું છે. પરંતુ એ વૃક્ષ હાલમાં હચમચી તો જરુર ગયુ છે. આ સંસ્કૃતિના પાયા ઉપર જ વિશિષ્ટ ધર્મની ઈમારત ઉભી છે. એટલે ધર્મરક્ષા કરવા માટે સંસ્કૃતિ રક્ષા તો કરવી રહી. સ્ગથૂળમાં સ્સ્કૃતિ એટલે મુખ્યત્વે ગણ ગુણોનો જીવંત વિકાસ દયા, નીતિ અને સદાચાર. આર્યદેશની ઘણી બધી મર્યાદાઓને નાશ કરવાનું કામ કોન્વેન્ટ પદ્ધતિની શિક્ષણ સંસ્થાઓ, કલબો, ડિસ્કોન્ડાન્સ, સિનેમા, ટી.વી. બ્લ્યુ બુકસનું વાંચન, પરદેશી ઢાચાનું શિક્ષણ, વિજાતીય સાથે મુકત સહચાર અને અતિ સહવાસ, આંતરરાષ્ટ્રીય અને આંતરજ્ઞાતિય લગ્નો, હોટલો વગેરેમાં ઈંડાદિનું અભક્ષ્ય ભોજન વગેરેથી થઈ ગયું. છે આના ઘણા બધા અનિષ્ટો ઊભા થયા છે. જેમાં મુખ્યત્વે ગર્ભપાત, છુટાછેઠા, વિભકત



કુટુંબ પદ્ધતિ, ઘરડા ઘરો, ઘોડીયા, ઘર, અગ્નિ સ્નાન, આપઘાત, ખૂન તથા ડ્રગ્સ વગેરે છે. તે બધાનું પ્રમાણ ઉતરોત્તર વધતુ ગયું છે. આ બાબતો આ જગતના જીવતા નરકો છે. હવે જો આ બધા અનિષ્ઠોથી મુકત થવુ હોય તો આર્યદેશના મહાસંતોને જેના માટે જે મર્યાદા ઓ દર્શાવી છે. તેનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. અને કરાવવું જોઈએ. દિયર- ભાભીના મા-દીકરાના કે પિતા-પુત્રના સંબંધો પણ કેટલીક વાર એકાંત મળતા. અંધકાર ઓથ મળતાં ભયંકર પરિસ્થિતિમાં મુકાય જતા હોય વછે. જો કુટુંબમાં સંપ, પ્રેમ અને શાંતિ જોઈતા ાહોય તો મર્યાદમાઓનું પાલન કરો. નિમિત્તોથી વેગળા રહો. અન્યથા તમારુ જીવન ઝેર બની જશે. એ નક્કી વાત છે. સીતએ મર્યાદા (લક્ષ્મણરેખા) ઓળંગી તો કેવી હાલત થઈ ? બેટસમેન મર્યાદા યછોડે તો તેની દશા શું થાય ? ભારતના વડાપ્રધાન ઈન્દિરા ગાંધી મર્યાદા તોડીને શીખોના ટોળામાં ઘસી જાય તો કઈ આફતને નોતરે ? આપણે મર્યાદા તોડીએ તો બધી રીતે બરબાદ થઈને જ રહીએ. એમાં મીન મેખ ફેરફાર ન સમજવો.

## સંવેદનાઓનું સ્મશાન


**અશોક જોષી,**
**બીલીમોરા**


સમય કેટલી ઝડપથી બદલાઈ ગયો છે અને તેની સાથે માણસના હૃદયની ભીનાશ પણ જાણે ક્યાંક સુકાઈ ગઈ છે. એક એવો દૌર હતો જ્યારે લાગણીઓ શબ્દોની મહોતાજ નહોતી. કોઈ સ્વજન થોડા દિવસો માટે પણ પરગામ જતું હોય અને તેને વળાવવા રેલવે સ્ટેશન જઈએ, ત્યારે ટ્રેનની છેલ્લી સીટી વાગતાં જ ગળામાં ડૂમો ભરાઈ જતો. પ્લેટફોર્મ પર ઊભા રહીને જ્યાં સુધી ટ્રેન આંખોથી ઓઝલ ન થાય ત્યાં સુધી હાથ હલાવતા રહેતા અને વહાલભરી આંખો અજાણતાં જ છલકાઈ જતી. એ આંસુઓમાં કોઈ દેખાડો નહોતો, ફક્ત નિર્દોષ પ્રેમ અને વિયોગની તીવ્ર વેદના હતી. સંબંધો ત્યારે અંતરથી જીવાતા હતા.

અને આજે સમયની આ કેવી કરુણતા છે કે માણસ લાગણીઓથી એટલો કઠોર અને પથ્થર જેવો થઈ ગયો છે કે પોતાના જ કોઈ અંગતને સ્મશાનની છેલ્લી સફરે વળાવવા જતી વખતે પણ આંખો સાવ કોરીધાકોર રહે છે. ચિતાની જ્વાળાઓ સામે ઊભા રહીને પણ હાથમાં સ્માર્ટફોન સ્ક્રોલ થતા હોય છે અને મનમાં દુનિયાભરના વ્યવહારોના હિસાબ ચાલતા હોય છે.



દેહ બળીને રાખ થઈ જાય છે, પણ હૃદયમાં એક ઊંડો નિસાસો સુધ્ધાં જાગતો નથી. દિલાસા માત્ર ઓપચારિકતા બની ગયા છે અને શોક માત્ર વોટ્સએપના સ્ટેટસ સુધી સીમિત રહી ગયો છે.

આપણે ભૌતિક સુખો પાછળ દોડતા દોડતા અંદરથી એટલા ખાલીખમ થઈ ગયા છીએ કે સંવેદનાઓ જાણે થીજી ગઈ છે. જો સ્મશાનની શાંતિ પણ આપણા સૂતેલા હૃદયને ઢંઢોળી ન શકે, તો સમજવું કે મૃત્યુ માત્ર ચિતા પર સૂતેલા દેહનું નથી થયું, પરંતુ આપણી અંદર જીવતી માનવતા અને લાગણીઓનું પણ થઈ ચૂક્યું છે. ભીની આંખો એ નબળાઈ નથી, માણસ હજી અંદરથી જીવંત છે તેનો પુરાવો છે.

**-અશોક જોશી, બીલીમોરા**

VAPI PAGE - 03

# સ્થાનિક સમાચાર


• વલસાડ • પારડી • ધરમપુર • કપરાડા •વાપી • ઉમરગામ •દમણ • સેલવાસ

Thursday 17, September 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## અમદાવાદમાં જૈન શ્રાવક નિપેક્ષ શેઠના ૧૮૦ ઉપવાસના પારણાં રવિવારે થશે

**પંકજ જૈન સંઘ ખાતે નિપેક્ષ શેઠના ૧૮૦ ઉપવાસની અવિરત તપસ્યાએ સંયમ અને આત્મસાધનાના વિરલ અધ્યાય સાથે ઈતિહાસ રચ્યો : ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી નરરત્નસૂરીશ્વરજી**



(અમારા પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ તા.૧૬ :** જૈન ધર્મની તપ, ત્યાગ અને સંયમની પરંપરાને ઉજાગર કરતી એક વિરલ અને પ્રેરણાદાયી તપસ્યા તરીકે નિપેક્ષ શેઠ દ્વારા કરવામાં આવેલા ૧૮૦ દિવસના ઉપવાસની પૂર્ણાહૂતિ (પારણાં) ગચ્છાધિપતિ પ.પૂ.આ. શ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજાની પાવન ઉપસ્થિતિમાં શહેરના ભઠ્ઠા, પાલડી સ્થિત પંકજ જૈન સંઘ ખાતે ભાવવિભોર અને આધ્યાત્મિક વાતાવરણમાં ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ને રવિવારેના રોજ યોજાશે. આ પ્રસંગે જૈન સમાજના સાધુ-સાધ્વી ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓ, પરિવારજનો, સગાં-સંબંધીઓ તથા સમાજના આગેવાનો ઉપસ્થિત રહી તપસ્વી નિપેક્ષ શેઠને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવશે. અત્રે ઉલ્લેખનીય છે કે જૈન શ્રાવક નિપેક્ષ શેઠે ૨૪ માર્ચ, ૨૦૨૬ ના રોજથી આ કઠોર તપસ્યાનો પ્રારંભ કર્યો હતો.

જૈન શ્રાવક નિપેક્ષ શેઠના તપ ઉજવણા ઉત્સવમાં તા.૧૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૬.૩૦ કલાકે શક્રસ્તવ અભિષેક અને બપોરે ૨.૩૦ કલાકે સાંજી મહેંદી, તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૬.૩૦ કલાકે તપ વંદનાવલી અને સાંજે ૭.૩૦ કલાકે કુમારપાળ મહારાજા આરતી અને તા ૨૦ સપ્ટેમ્બરનાં રોજ પંકજ જૈન સંઘ ખાતે શોભાયફ્રાત્રા સહપારણું જેવા વૈવિધ્યસભર કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

જૈન શ્રાવક નિપેક્ષ શેઠના તપના પચ્ચખાણદાતા ગચ્છાધિપતિ ગુરૂદેવ પ.પૂ.આ. શ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજાએ તપસ્વીને આશીર્વાદ આપતાં અને પત્રકારોને સંબોધતા જણાવ્યુ હતું કે, વિકસિત ભારતની અમૂલ્ય ધરોહર આજની યુવાશક્તિ છે, જેઓએ દેશના તમામ સમાજના મૂલ્યોનું જતન કરવાનું છે અને આ મૂલ્યોનું જતન ભૌતિકવાદી યુગમાં ૧૮૦ દિવસ સુધી માત્ર ઉકાળેલા પાણીના આલંબન પર અવિચળ રહી શ્રદ્ધા, સંયમ અને આત્મબળની ઉત્કૃષ્ટ તપસ્યા દ્વારા જરૂરથી જાળવી શકાય. ઉપવાસની તપ?ર્યા એ કેવળ કાયાને કષ્ટ આપવાનું સાધન નથી, પરંતુ આત્મા પર લાગેલા કર્મોના મેલને ધોવાની આધ્યાત્મિક પ્રક્રિયા છે. નિપેક્ષ શેઠની આ દીર્ઘ તપસ્યા સમગ્ર જૈન શાસન અને સમાજ માટે પ્રેરણાદાયી છે. આ તપશ્ચર્યાથી તેમની આંતરિક શુદ્ધિ થવાની સાથે-સાથે સમાજમાં પણ ત્યાગ અને સમર્પણની ભાવના દ્રઢ બનાવશે.

ગચ્છાધિપતિ પ.પૂ.આ. શ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજાએ વધુમાં જણાવ્યુ હતું કે, શરીરને તંદુરસ્ત રાખવા યોગ્ય આહાર પધ્ધતિ ખૂબ જ જરૂરી છે. સર્વ રોગોનું મૂળ આહારપધ્ધતિ છે, વર્તમાન સમયમાં માણસ જંકફૂડ કે ફ્રોઝન ફૂડનો ઉપયોગ વધારે પડતો કરતો જોવા મળે છે. જેના કારણે તે અનપેક્ષિત બિમારીનો ભોગ બનતો હોય છે. કેટલાંક લોકો માને છે કે વધુ પડતાં ઉપવાસ કરવાથી માણસ નિર્બળ બની જાય છે. પરંતુ એવું નથી યોગ્ય રીતે કરવામાં આવેલા ઉપવાસથી માણસ સંયમી બની શકે છે અને પોતાની આત્મશુદ્ધિ પણ કરી શકે છે. શ્રાવક નિપેક્ષ શેઠના ૧૮૦ દિવસના સંયમી ઉપવાસ દરેક સમાજના યુવાનો અને નવી પેઢીને પણ સંયમ, સદાચાર અને આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા જરૂર આપશે.

તપસ્વી શ્રી નિપેક્ષ શેઠે તપસ્યા અંગેનો પોતાનો અનુભવ અને મનોભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે જૈન ધર્મ પ્રત્યેની મારી આસ્થા, માતા-પિતા તથા ગચ્છાધિપતિ ગુરૂદેવ પ.પૂ.આ. શ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી આ ૧૮૦ દિવસની તપસ્યા મારા જીવનની સૌથી મોટી આધ્યાત્મિક યાત્રા બની છે. શરૂઆતના દિવસોમાં શારીરિક પડકારો આવ્યા હતા, પરંતુ ગુરુભગવંત પ.પૂ. આચાર્યશ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદ, જિનશાસન પરનો દ્રઢ વિશ્વાસ અને નવકાર મંત્રના જાપથી શારીરિક થાક અદ્રશ્ય થઈ જતો હતો. આ તપ દરમિયાન મને અનુભવાયું કે મન મજબૂત હોય તો શરીર ગમે તેવા કઠિન સંકલ્પને પણ ઝીલી શકે છે. આ તપથી મને અપાર આંતરિક શાંતિ, અહિંસા અને સંયમની સાચી અનુભૂતિ થઈ છે. આ સિદ્ધિ મારી નથી, પરંતુ ગુરુકૃપા અને પરિવારના નિઃસ્વાર્થ સહયોગનું પરિણામ છે.



ખેરગામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને રેફરલ હોસ્પિટલ ખાતે ભાદરવાના આકરા તાપ સાથે વરસાદ પણ પડતા અનેક જણ તાવ-અન્ય રોગનો ભોગ બની રહ્યા છે. જેઓને ડૉ. દિવ્યાંગ, કેતન, શ્વેતા, અર્પિતા, વિપુલ વિ. તરફથી સારવાર મળી રહી છે.

## ધરમપુરના ચવરા ગામે સાપ કરડતાં મહિલાનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૬ :** ધરમપુર તાલુકાના ચવરા ગામના મોહપાડા ભીમદેવ ફળિયામાં ખેતરમાં પાડા (ભેંસ) ચરાવવા ગયેલી ૪૦ વર્ષીય મહિલાનું સાપ કરડવાથી મોત થયાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત રોજ સવારે આશરે ૮:૩૦થી ૯ વાગ્યાની વચ્ચે મેનુબેન હીરામણભાઈ ભોયા (ઉં.વ.૪૦) પોતાના ખેતરમાં પાડા ચરાવવા ગયા હતા. તે દરમિયાન તેમને જમણા પગના પાટલીના ભાગે કોઈ ઝેરી સાપે કરડ્યાનું જણાવાયું હતું.

સાપ કરડ્યા બાદ તેઓ જાતે ઘરે પરત આવ્યા હતા. પરિવારજનો દ્વારા તાત્કાલિક વાહનની વ્યવસ્થા કરી તેમને સારવાર માટે પિંડવળ -થમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બનાવ અંગેની જાણ થતાં પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પિંડવળ પીએચસીના પીએમ રૂમમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## આજે ખેરગામમાં ૧,૦૦૧ દિવડા પ્રગટાવી વડાપ્રધાનને શુભકામના અપાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૧૬ :** દેશના યશસ્વી વડાપ્રધાન અને વિશ્વ નેતા તરીકે ઉભરી રહેલા છેલ્લા ૨૫ વર્ષથી પોતાની જાતને દેશને સમર્પિત કરી સેવા બજાવી રહેલા માનનીય વડા-ધાન શ્રી નરેન્દ્ર દા. મોદીના ૭૬ મા જન્મદિવસ નિમિત્તે ખેરગામના પૌરાણિક રામજી મંદિર સંકુલ ખાતે ૧,૦૦૮ દિવડા પ્રગટાવી મહા આરતી ના આયોજનસહ સાંજે ૦૭ વાગ્યે સામૂહિક દિપ પ્રજ્વલિત થશે.

મોદીના જન્મદિવસને દીપાંજલિ રૂપ શુભેચ્છા આપવા ખેરગામ મહિલા મંડળના ઊર્મિશ ગજ્જરને તલાટી મંત્રી દ્વારા દિપક પ્રાગટ્ય માટેની જરૂરી સામગ્રી ખેરગામ પંચાયતે પહોંચાડી હતી. રાજ્ય-દેશ વ્યાપી આ દિપ પ્રજવલન કાર્યક્રમમાં તાલુકાના ૨૨ ગામો પણ ઘણું જીવો મોદી માટે દિપ પ્રગટાવી સામુહિક પ્રાર્થના વંદના કરશે. રામજી મંદિર સંકુલમાં મામલતદાર શ્રી વી સી પટેલ તાલુકા વિકાસ અધિકારી વિગેરે ખાસ હાજરી આપી સહભાગી થશે.

ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકર યા'ના નારા સાથે

## વલસાડ જિલ્લામાં અઢી દિવસના ગણેશજીનું વિસર્જન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વલસાડ, તા. ૧૬ :** વલસાડ શહેર સહિત સમગ્ર જિલ્લામાં આજરોજ અઢી દિવસના ગણપતિ બાપ્પાની ભવ્ય વિસર્જન યાત્રા નીકળી હતી. વિસર્જન યાત્રા દરમિયાન ઢોલ-નગારા, તાશા અને ડીજેના તાલ પર ગણેશભક્તો મન મૂકીને ઝૂમી ઉઠ્યા હતા. ગુલાલની છોળો વચ્ચે ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકર યોના ગગનભેદી નારાઓથી વલસાડના રાજમાર્ગો ગૂંજી ઉઠ્યા હતા.શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમા વિસર્જન યાત્રાઓ ઔરંગા નદી, વાંકી નદી તેમજ સ્થાનિક તળાવો વિધિવત પૂજા-અર્ચના અને આરતી કર્યા બાદ વિસર્જન કર્યું હતું.

બીજી તરફ વાપી પંથકમાં પણ અઢી દિવસ માટે સ્થાપિત શ્રીજીની -તિમાઓને આજે ભક્તોએ ભારે હૈયે વિદાય આપી હતી. વાપી સહિત આસપાસના વિસ્તારોમાંથી ગણેશજીની -તિમાઓનું દમણગંગા નદીના વીયર, ઝરી કોઝવે તેમજ દમણના બામણપૂજા-દારોઠા નદી સહિતના વિસર્જન સ્થળોએ ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું.

પારડીમાં પણ આજે અઢી દિવસના શ્રીજીની પ્રતિમાઓનો ભવ્ય વિસર્જન કરવામાં આવ્યું હતું. ૨૦૦ થી ૨૫૦ જેટલી શ્રીજીની પ્રતિમાઓ પારડી ચંદ્રપુર માંગેલા લાઈફ સેવર ગ્રુપના યુવાનોએ સખત મહેનત કરી પારડી પારનદીમાં વિસર્જિત કરી હતી અહીં પારડી પારનદીમાં પારડી ચંદ્રપુર માંગેલા લાઈફ સેવર ગ્રુપના -મુખ જીગ્નેશભાઈ માંગેલા સદસ્ય ગજાનનભાઈ માંગેલા મંગેશભાઈ માંગેલા બળદેવભાઈ માંગેલા રાજુભાઈ માંગેલા સુખદેવભાઈ માંગેલા સાથે ૪૦ થી ૫૦ જેટલા યુવાનોએ ૧૩૦ જેટલી ત્રીજીની પ્રતિમાઓનો વિસર્જન કરવામાં આવ્યું હતું.

## બીલીમોરાના દાદુ માસ્તરના ગણપતિ ૯૦ વર્ષથી ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૬ :** બીલીમોરા પશ્ચિમમાં વખારીયા બંદર રોડ પર બિરાજમાન મોટા ગણપતિ છેલ્લા સાડા નવ દાયકાથી ભક્તોની અતુટ શ્રદ્ધાનું પ્રતીક બની રહ્યા છે.

આઝાદી પૂર્વે વર્ષ ૧૯૩૫માં મહારાષ્ટ્રીયન સમાજના સજ્જન દાદુ માસ્તર દ્વારા શહેરમાં સૌપ્રથમ સાર્વજનિક ગણેશોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેથી આ બાપા દાદુ માસ્તરના ગણપતિ તરીકે પણ સુવિખ્યાત છે. નવ દાયકાઓથી ચાલી આવતી પરંપરા મુજબ આજે પણ શાસ્ત્રોક્ત વિધિથી સંપૂર્ણપણે લાલ માટીમાંથી બનેલી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિની જ સ્થાપના કરવામાં આવે છે.



શ્રદ્ધાળુઓની અંતરની તમામ મનોકામનાઓ પરિપૂર્ણ કરતા હોવાથી તેઓ માનતાના ગણપતિ તરીકે પણ લોકપ્રિય છે.આ પંડાલમાં ગણેશોત્સવ દરમિયાન પરંપરાગત મરાઠી સંસ્કૃતિના દર્શન થાય છે. મરાઠી ભાષામાં ગવાતી ૧૦ વિશેષ આરતીઓ, લેઝીમના તાલ અને ભજન-કીર્તન શ્રદ્ધાળુઓ માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બને છે.

વર્ષોથી ચાલી આવતી ગૌરવશાળી પરંપરા મુજબ, અનંત ચતુર્દશીએ શહેરમાં નીકળતી વિસર્જન શોભાયાત્રાનું નેતૃત્વ પણ દાદુ માસ્તરના આ મોટા ગણપતિ જ કરે છે.

નવ દાયકા વટાવી ચૂકેલો આ ઐતિહાસિક ગણેશોત્સવ આજે પણ બીલીમોરા શહેરના સાંસ્કૃતિક વારસા અને ભક્તિભાવનું ગૌરવ બનીને ઝળહળી રહ્યો છે.

# ભગવાન શ્રી ગણેશની દિવ્ય પૌરાણિક કથાઓ, રહસ્યો અને શાસ્ત્રીય મહત્વ

**સ**નાતન ધર્મમાં ભગવાન શ્રી ગણેશજીને પ્રથમ પૂજ્ય, વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને શિવ-પાર્વતીના લાડકવાયા પુત્ર તરીકે પૂજવામાં આવે છે. પૌરાણિક ગ્રંથો જેવા કે 'મુદ્ગલપુરાણ', 'ગણેશપુરાણ', 'શિવપુરાણ' અને 'બ્રહ્મવૈવર્ત પુરાણ'માં ગણેશજીની દિવ્ય લીલાઓ અને રહસ્યોનું અત્યંત મનોરમ્ય વર્ણન પ્રાપ્ત થાય છે. જેમ ભગવાન શ્રી કૃષ્ણની બાળલીલાઓ ભક્તોના હૃદયને આનંદિત કરે છે તેમ બાલ-ગણેશજીની મધુર ક્રીડાઓ અને દિવ્ય ચમત્કારો પણ પુરાણોમાં અમર થઈ ગયા છે. ગણેશજી કેવળ વિઘ્નોનો નાશ કરનારા દેવ નથી પરંતુ તેઓ પરબ્રહ્મનું જ સાકાર સ્વરૂપ છે, તેમની દિવ્ય કથાઓમાં બુદ્ધિ, ધર્મ, ભક્તિ, વાત્સલ્ય અને શૌર્યનો અનોખો સંગમ જોવા મળે છે.

**નાગલોકની યાત્રા રાજા વાસુકીનો ગર્વભંગ અને શેષનાગ દ્વારા સન્માન..**

એક પૌરાણિક પ્રસંગ અનુસાર બાળ ગણપતિ મુનિ પરાશર ઋષિના પવિત્ર આશ્રમમાં ઋષિપુત્રો સાથે રમી રહ્યા હતાં. આ સમયે નાગલોકમાંથી કેટલીક નાગકન્યાઓ પૃથ્વી પર ભ્રમણ અર્થે આવી પહોંચી. ગણેશજીનું અત્યંત તેજસ્વી અને મનોહર બાલસ્વરૂપ જોઈને નાગકન્યાઓ મુગ્ધ થઈ ગઈ અને તેમણે ગણેશજીને નાગલોકમાં પધારવા વિનંતી કરી. ભક્ત વત્સલ અને ભક્તવશ ગણપતિ તેમની આગ્રહભરી વિનંતીને નકારી ન શક્યા અને તેમની સાથે નાગલોક તરફ પ્રસ્થાન કર્યુ.

નાગલોકમાં પ્રવેશતાં જ નાગકન્યાઓએ અત્યંત ભાવપૂર્વક તેમનું સ્વાગત-સત્કાર કર્યું પરંતુ નાગલોકના રાજા વાસુકીએ ગણેશજીના ગજાનન સ્વરૂપને જોઈને અહંકારવશ તેમનો ઉપહાસ કર્યો અને તેમના શરીરના આકાર વિશે વ્યંગાત્મક ટિપ્પણીઓ કરવા લાગ્યા.પોતાના ભક્ત અને પવિત્રધામમાં આવું અહંકારી વર્તન જોઈને ગણેશજીએ વાસુકીનો ગર્વ ઓછો કરવાનો નિશ્ચય કર્યો, તેમણે પોતાના ચરણથી વાસુકીની ફેણ પર એવો ભારે પ્રહાર કર્યો કે વાસુકી પીડિત થઈ ગયા.વાસુકીની આવી દશા જોઈને તેમના જ્યેષ્ઠ ભાઈ શેષનાગ ક્રોધે ભરાઈને પ્રગટ થયા અને ગર્જના કરી કે તેમના ભાઈ સાથે આવું સાહસ કોણે કર્યું? પરંતુ જેવા શેષનાગે ભગવાન ગણેશ સામે જોયું, તે જ ક્ષણે તેઓ ગણેશજીના વાસ્તવિક પરબ્રહ્મ સ્વરૂપને ઓળખી ગયા. શેષનાગે તુરંત મસ્તક નમાવી તેમનું અભિવાદન કર્યું અને તેમને સંપૂર્ણ નાગલોકના સર્વોચ્ચ સ્વામી તથા રાજા તરીકે ઘોષિત કર્યા.

**ભગવાન વિશ્વકર્મા પાસેથી દિવ્ય અસ્ત્ર-શસ્ત્રની પ્રાપ્તિ અને દૈત્ય સંહાર..**

મુદ્ગલપુરાણ અનુસાર એકવાર ભગવાન શિવ કૈલાસ છોડીને સઘન વનમાં તપસ્યા અર્થે બિરાજમાન હતા તે સમયે દેવશિલ્પી વિશ્વકર્મા ભગવાન શિવના દર્શનાર્થે પધાર્યા, તે સમયે બાલ-ગણેશજી માત્ર છ વર્ષની આયુના હતાં. રમતાં રમતાં ગણેશજી વિશ્વકર્મા પાસે ગયા અને નિર્દોષભાવે પૂછ્યું કે હે વિશ્વકર્મા ! તમે મને મળવા આવ્યા છો તો મારા માટે કઈ સુંદર ભેટ લાવ્યા છો?

દેવશિલ્પી વિશ્વકર્મા હાથ જોડીને બોલ્યા કે હે પ્રભુ ! આપ તો સ્વયં સચ્ચિદાનંદ પરબ્રહ્મ છો, હું આપને શું ભેટ આપી શકું? ત્યારબાદ વિશ્વકર્માએ અત્યંત ભક્તિભાવથી બાલ-ગણેશની પૂજા કરી અને પોતાના હાથે નિર્મિત ત્રણ અત્યંત શક્તિશાળી અને દિવ્ય શસ્ત્રો ગણેશજીના ચરણોમાં અર્પણ કર્યાં. આ શસ્ત્રો હતાંતીક્ષ્ણ અંકુશ (ગોડ), પાશ (ફાંસો) અને દિવ્ય પદ્મ (કમળ). ગણેશજી આ દિવ્ય અસ્ત્રો પ્રાપ્ત કરીને ખૂબ પ્રસન્ન થયા.આ શસ્ત્રધારણના થોડા જ સમય બાદ માત્ર છ વર્ષની ઉંમરે ગણેશજીએ પોતાના મિત્રોનું રક્ષણ કરવા માટે આ જ દિવ્ય અંકુશ અને પાશનો ઉપયોગ કરીને સંસારને પીડિત કરનારા મહાબલી વૃકાસુર અને વિઘ્નાસુર નામના રાક્ષસનો સંહાર કર્યો હતો.

**મહર્ષિ ગૌતમ અને માતા અહલ્યાના આશ્રમમાં ભોજન ચોરીની દિવ્ય લીલા..**

ગણેશજીની બાલલીલાઓ ભગવાન શ્રી કૃષ્ણની ગોકુળલીલાઓ જેવી જ મનોહર હતી. એક સમયે બાલ-ગણેશ પોતાના મિત્રો અને ઋષિપુત્રો સાથે રમી રહ્યા હતા. રમતાં રમતાં તેમને તીવ્ર ભૂખ લાગી. નજીકમાં જ મહર્ષિ ગૌતમ અને માતા અહલ્યાનો પવિત્ર આશ્રમ હતો.મહર્ષિ ગૌતમ ગહન ધ્યાનમાં







મગ્ન હતા અને માતા અહલ્યા રસોડામાં ઋષિઓ માટે દિવ્ય ભોજન બનાવી રહ્યાં હતાં.

બાલ ગણેશ છાનામાના રસોડામાં પ્રવેશ્યા અને માતા અહલ્યાનું ધ્યાન બીજે દોરાયું કે તુરંત જ રસોડામાં રહેલું તમામ ભોજન અને પકવાન પોતાના મિત્રો સાથે મળીને ચોરી લીધું અને વનમાં જઈને આરોગવા લાગ્યા. માતા અહલ્યાએ રસોડું ખાલી જોતાં મહર્ષિ ગૌતમનું ધ્યાન ભંગ કર્યું. મહર્ષિ ગૌતમે વનમાં જઈને જોયું તો બાલ-ગણેશ પોતાના મિત્રો સાથે આનંદથી ભોજન કરી રહ્યા હતા. ઋષિ ગૌતમ ગણેશજીનો હાથ પકડીને માતા પાર્વતી પાસે લઈ ગયા.

માતા પાર્વતીએ ગણેશને શિક્ષા આપવાના હેતુથી એક ઝૂંપડીમાં દોરડા વડે બાંધી દીધા પરંતુ ત્યારબાદ જે દિવ્ય ઘટના ઘટી તેણે માતા પાર્વતીને અચંબીત કરી દીધા. પાર્વતીજી ઝૂંપડી બહાર આવ્યા તો તેમને લાગ્યું કે ગણેશ તો તેમના ખોળામાં રમી રહ્યા છે. તેમણે ઝૂંપડીની અંદર જોયું તો ગણેશ ત્યાં બંધાયેલા હતા.થોડીવાર પછી માતાને લાગ્યું કે ગણેશ શિવગણો સાથે બહાર દોડી રહ્યા છે.માતા પાર્વતીને ચોતરફ–રમતા, હસતા, ખાતા અને રડતા-માત્રને માત્ર ગણેશજીના જ દર્શન થવા લાગ્યા. આ ગણેશજીની દિવ્ય માયા અને વિશ્વરૂપ લીલા હતી. માતા પાર્વતી ઝૂંપડીમાં ગયા તો બાલ-ગણેશ એક સામાન્ય બાળકની જેમ રડીને દોરડું છોડાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. માતાનું હૃદય વાત્સલ્ય પ્રેમથી ભરાઈ આવ્યું અને તેમણે તુરંત ગણેશજીને આલિંગન આપી મુક્ત કર્યા.

ભગવાન શિવના મહાયજ્ઞમાં સર્વ દેવતાઓને આહ્વાન અને ગણેશજીની બુદ્ધિમત્તા..

એકવાર ભગવાન શિવના મનમાં એક મહાન ત્રિલોક વિખ્યાત યજ્ઞ કરવાનો સંકલ્પ જાગ્યો. આ યજ્ઞની તૈયારીઓ માટે શિવગણોને વિવિધ કાર્યો સોંપવામાં આવ્યા પરંતુ સૌથી મહત્વપૂર્ણ અને કઠિન કાર્ય સમગ્ર બ્રહ્માંડના તમામ દેવી-દેવતાઓને સન્માનપૂર્વક યજ્ઞમાં આમંત્રિત કરવાનું હતું, એવા વ્યક્તિની જરૂર હતી જે અત્યંત ઝડપથી સર્વ લોકમાં જઈ શકે અને સાથે સાથે કોઈ દેવતાનું અપમાન ન થાય તે રીતે વિવેકપૂર્વક નિમંત્રણ આપી શકે.

ભગવાન શિવે આ મહત્વપૂર્ણ કાર્ય માટે બુદ્ધિના અધિષ્ઠાતા દેવ ગણેશજીની પસંદગી કરી. ગણેશજીએ પિતાની આજ્ઞા શિરોધાર્ય કરી પરંતુ તેમની સામે એક ભૌતિક સવાલ એ હતો કે તેમનું વાહન મૂષક-ઉંદર હતું, જે અત્યંત ધીમે ચાલે છે. સંપૂર્ણ બ્રહ્માંડની યાત્રા અલ્પ સમયમાં કેવી રીતે શક્ય બને? ગણેશજીએ ક્ષણભર વિચાર કર્યો અને પોતાની અગાધ બુદ્ધિનો ઉપયોગ કર્યો.તેમણે જાણ્યું કે સર્વ દેવી-દેવતાઓ,ચરાચર જગત અને સંપૂર્ણ બ્રહ્માંડ ભગવાન શિવમાં જ સમાયેલું છે.

ગણેશજીએ બધા જ નિમંત્રણ પત્રો અને પૂજન સામગ્રી એકત્ર કરી અને ગહન ધ્યાનમાં બેઠેલા ભગવાન શિવના ચરણોમાં અર્પણ કરી દીધા.તેમણે ભક્તિભાવથી શિવજીની પૂજા કરી અને શિવજીના શરીરમાં વસતા તમામ દેવતાઓને આહ્વાન કર્યું. ગણેશજીની આ દિવ્ય બુદ્ધિ અને ભક્તિના પરિણામે તે જ ક્ષણે તમામ નિમંત્રણ પત્રો સ્વયંભૂ રીતે ત્રણેય લોકના સમસ્ત દેવી-દેવતાઓ સુધી પહોંચી ગયા અને સમયસર યજ્ઞમાં સબળા દેવો ઉપસ્થિત થઈ ગયા. આમ ગણેશજીએ પોતાની સુક્ષ્મ બુદ્ધિથી અશક્ય કાર્યને પણ અત્યંત સરળ બનાવી દીધું.

**મહર્ષિ પરશુરામ સાથેનો સંગ્રામ અને એકદંત કહેવાવાનું પૌરાણિક રહસ્ય..**

'બ્રહ્મવૈવર્ત પુરાણ'ના ગણેશ ખંડ અનુસાર ભગવાન વિષ્ણુના આવેશાવતાર મહર્ષિ પરશુરામ ભગવાન શિવના અનન્ય શિષ્ય હતાં. ભગવાન શિવે જ પરશુરામને તે દિવ્ય પરશુ-કુહાડી પ્રદાન કરી હતી જેના વડે તેમણે એકવીસવાર પૃથ્વી પરથી અધર્મી ક્ષત્રિય રાજાઓનો નાશ કર્યો હતો. પરશુરામજી પોતાના ગુરૂ શિવજીના દર્શનાર્થે કૈલાસ પર્વત પર આવ્યા, તે સમયે ભગવાન શિવ ગહનધ્યાનમાં હતા અને કૈલાસના દ્વાર પર બાલ-ગણેશજી સ્વયં રક્ષણ કરી રહ્યા હતાં.

ગણેશજીએ પિતાની નિદ્રામાં વિઘ્ન ન પડે તે માટે પરશુરામજીને દ્વાર પર જ અટકાવ્યા.અત્યંત ક્રોધી સ્વભાવના પરશુરામજી ક્રોધિત થઈ ગયા અને ગણેશજી સાથે વિવાદ કરવા લાગ્યા. વિવાદ વધતાં પરશુરામજીએ ગણેશજીને ધક્કો માર્યો.ગણેશજીએ પરશુરામજીનો બ્રાહ્મણ તરીકે આદર કરીને તેમના પર સીધો પ્રહાર ન કર્યો પરંતુ પોતાની સૂંઢ વડે પરશુરામજીને લપેટીને આકાશમાં ચારેય દિશાઓમાં ચક્કર મરાવ્યા અને તેમને પોતાના દિવ્ય વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા, ત્યારબાદ ગણેશજીએ તેમને પૃથ્વી પર સુરક્ષિત મૂકી દીધા પરંતુ અપમાનિત અનુભવતા પરશુરામજીએ ક્રોધાવેશમાં આવીને ગણેશજી પર શિવજી દ્વારા આપેલી દિવ્ય પરશુ વડે પ્રહાર કર્યો. ગણેશજી જાણતા હતા કે આ પરશુ તેમના પિતા શિવજીનું દિવ્ય શસ્ત્ર છે તેથી જો તેઓ તેનો બચાવ કરે તો પિતાના અસ્ત્રનું અનાદર થાય. પિતાની મર્યાદા અને અસ્ત્રના સન્માન ખાતર ગણેશજીએ તે પરશુનો પ્રહાર પોતાના ડાબા દાંત પર ઝીલી લીધો. પરશુના પ્રહારથી તેમનો એક દાંત તૂટીને નીચે પડી ગયો. આ પ્રચંડ અવાજ સાંભળીને ભગવાન શિવ અને માતા પાર્વતી બહાર આવ્યા. પાર્વતીજી પરશુરામ પર અત્યંત ક્રોધિત થયા પરંતુ ગણેશજીએ સ્વયં શાંતિ સ્થાપી. ત્યારથી ભગવાન ગણેશ સમગ્ર બ્રહ્માંડમાં 'એકદંત' તરીકે વિખ્યાત થયા.

**મહાભારત લેખન અને દાંતનો ત્યાગ..**

એકદંત થવા પાછળ અન્ય એક પ્રસિદ્ધ કથા મહાભારતના લેખન સાથે જોડાયેલી છે. જ્યારે મહર્ષિ વેદવ્યાસજીએ વિશ્વના સૌથી મોટા મહાકાવ્ય મહાભારતની રચના કરવાનું વિચાર્યું ત્યારે તેમણે એક એવા તીવ્ર બુદ્ધિશાળી લેખકની જરૂર હતી જે અટક્યા વિના સતત લખી શકે. ગણેશજીએ શરત મૂકી કે વ્યાસજીએ કાવ્યની રચના અવિરત કરવી પડશે, જો તેઓ અટકશે તો ગણેશજી લખવાનું બંધ કરી દેશે. વ્યાસજીએ પણ એક શરત મૂકી કે ગણેશજી દરેક શ્લોકનો અર્થ સમજીને જ લખશે. લેખન કાર્ય દરમિયાન જ્યારે ગણેશજીની કલમ તૂટી ગઈ ત્યારે શરત ન તૂટે તે માટે તેમણે તુરંત પોતાનો એક દાંત ભાંગીને તેને કલમ બનાવી દીધી અને અહોરાત્ર મહાભારતનું લેખન પૂર્ણ કર્યું. આ પ્રસંગ ગણેશજીના સમર્પણ અને જ્ઞાન પ્રત્યેની નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે.

**માતા-પિતાની પરિક્રમા અને સર્વ-થમ પૂજનીયતાનું વરદાન..**

એકવાર દેવતાઓમાં પ્રશ્ન ઉપસ્થિત થયો કે સંસારમાં પ્રથમ પૂજ્ય કોણ હોવું જોઈએ? આ નિર્ણય માટે ભગવાન શિવે ગણેશજી અને તેમના જ્યેષ્ઠ ભાઈ કાર્તિકેય વચ્ચે એક સ્પર્ધા યોજી. આ સ્પર્ધા એ હતી કે જે સૌથી પહેલાં સમગ્ર પૃથ્વીની પરિક્રમા કરીને કૈલાસ પરત ફરશે તેને જ પ્રથમ પૂજ્ય માનવામાં આવશે.કાર્તિકેયજી પોતાના વાહન મોર પર બેસીને તુરંત જ પૃથ્વીની પરિક્રમા કરવા ઉપડી ગયા.

બીજી તરફ ગણેશજીએ પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો, તેમણે પોતાના માતા પાર્વતી અને પિતા શિવજીને એક દિવ્ય આસન પર બિરાજમાન કર્યા અને તેમની શ્રદ્ધાપૂર્વક સાત વાર પરિક્રમા કરી. જ્યારે શિવ-પાર્વતીએ આનું કારણ પૂછ્યું ત્યારે ગણેશજીએ નમ્રતાપૂર્વક કહ્યું કે માતા-પિતાના ચરણોમાં જ સમગ્ર બ્રહ્માંડ અને સર્વ તીર્થોનો વાસ છે. માતા-પિતાની પરિક્રમા કરવાથી સમગ્ર પૃથ્વી અને સંસારની પરિક્રમા આપોઆપ થઈ જાય છે. ગણેશજીની આ ઉત્કૃષ્ટ પિતૃભક્તિ અને વિવેકબુદ્ધિથી પ્રસન્ન થઈને તમામ દેવતાઓએ અને શિવ-પાર્વતીએ તેમને પ્રથમ પૂજ્ય હોવાનું વરદાન આપ્યું. આજે પણ કોઈપણ મંગળ કાર્ય કે પૂજા-અર્ચનામાં સર્વપ્રથમ ગણેશજીની જ પૂજા કરવામાં આવે છે.

**ચંદ્રદેવનો ગર્વભંગ અને ગણેશ ચતુર્થીનું વ્રત..**

ગણેશપુરાણ અનુસાર એકવાર ગણેશજી ભોજન કરીને પોતાના વાહન મૂષક પર સવાર થઈને જઈ રહ્યા હતાં. માર્ગમાં એક સર્પને જોઈને મૂષક ચમકી ગયો અને ગણેશજી નીચે પડી ગયા. આ દ્રશ્ય જોઈને આકાશમાં રહેલા ચંદ્રદેવે પોતાના રૂપ અને સુંદરતાના અહંકારમાં આવીને મોટેથી હસવાનું શરૂ કર્યું અને ગણેશજીની મજાક ઉડાવી. ગણેશજીએ ચંદ્રદેવનો અહંકાર ભાંગવા માટે શાપ આપ્યો કે જે રૂપનું તને આટલું અભિમાન છે તે રૂપ નષ્ટ થઈ જશે અને જે કોઈ ભાદરવા સુદ ચતુર્થીના દિવસે તારા દર્શન કરશે તેના પર ખોટો કલંક લાગશે. શાપના કારણે ચંદ્રની કાંતિ ક્ષીણ થઈ ગઈ અને તેઓ અંધકારમાં લીન થઈ ગયા. ચંદ્રદેવે પોતાની ભૂલ સ્વીકારી ભગવાન ગણેશની કઠોર તપસ્યા કરી ક્ષમાયાચના કરી. ગણેશજીએ દયાળુ થઈને શાપમાં રાહત આપી કે ચંદ્ર દર મહિને ઘટીને અમાવસ્યાએ લુપ્ત થશે અને ફરી પૂર્ણિમા સુધી વધશે તેમજ ભાદરવા સુદ ચતુર્થી સિવાય અન્ય દિવસે ચંદ્રદર્શન પવિત્ર ગણાશે. આ પ્રસંગથી જ ગણેશ ચતુર્થીના દિવ્ય વ્રત અને ગણેશોત્સવનો પ્રારંભ થયો.

**મુદ્ગલપુરાણ અનુસાર ભગવાન ગણેશના અષ્ટઅવતાર..**

મુદ્ગલપુરાણમાં ભગવાન ગણેશના આઠ દિવ્ય અવતારોનું વર્ણન મળે છે, જે માનવ મનની આંતરિક બુરાઈઓ અને દાનવોનો નાશ કરે છે.

વક્રતુંડ કામાસુર-કામના/વાસનાનો નાશ કરનાર અવતાર, એકદંત મદાશુર-અહંકાર/મદનો સંહાર કરનાર અવતાર, મહોદર મોહાસુર-અજ્ઞાન/મોહનો નાશ કરનાર અવતાર, ગજાનન લોભાસુર-લોભનો સંહાર કરનાર અવતાર,

લંબોદરઁ ક્રોધાસુર-ક્રોધનો નાશ કરનાર અવતાર, વિકટ કામાસુર/મમતાસુર-અહંતા/મમતાનો સંહાર કરનાર અવતાર, વિઘ્નરાજઁ મત્સરાસુર-ઈર્ષ્યા/મત્સરનો નાશ કરનાર અવતાર, ધૂમ્રવર્ણે અભિમાનાસુર-ગર્વ/અભિમાનનો સંહાર કરનાર અવતાર..

ભગવાન ગણેશજીનું જીવન અને તેમની દિવ્ય કથાઓ આપણને શીખવે છે કે ગમે તેવી કઠિન પરિસ્થિતિ કે વિઘ્ન હોય,જો મનુષ્ય પાસે સદબુદ્ધિ, ધૈર્ય, માતા-પિતા પ્રત્યે આદર અને વિવેક હોય તો તે દરેક સંકટમાંથી સહેલાઈથી માર્ગ નિકાળી શકે છે. શ્રી ગણેશજી માત્ર એક દેવ નથી પરંતુ તે બુદ્ધિ,વિદ્યા, સમૃદ્ધિ અને કલ્યાણના સાક્ષાત પ્રતીક છે.તેમની લીલાઓનું શ્રવણ અને સ્મરણ કરવાથી મનુષ્યના તમામ વિઘ્નો શમી જાય છે અને ઘરમાં સુખ,શાંતિ અને રિદ્ધિ-સિદ્ધિનો વાસ થાય છે.

**- વિનોદભાઈ માછી નિરંકારી**
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 17, September 2026


## વિદેશી મહેમાનોને શાકાહારી ભોજન : ભારતનું ગૌરવ

બ્રિક્સ શિખર પરિષદ ધામધૂમથી મળી અને સંપન્ન થઈ. તમામ સભ્ય અને હાજર રહેલા સભ્યદેશોએ ખુશી અને સંતોષ વ્યક્ત કર્યો. શિખર પરિષદની પૂર્વ સંધ્યાએ સિનિયર કોંગ્રેસી નેતા - પૂર્વ કેન્દ્રીય પ્રધાન પી. ચિદમ્બરમે કહ્યું હતું કે, આ ફાલતુ તમાશો છે આમાં કંઈ વળવાનું નથી. ભારતને કાંઈ મળવાનું નથી! હવે પરિષદની સફળ પૂર્ણાહુતિ પછી - શું વળ્યું? અને ભારતને શું મળ્યું? તેની ચર્ચા માત્ર વિપક્ષો કરી રહ્યા છે! ચર્ચા - અથવા વિવાદના કેન્દ્રમાં ચીન સાથેના સંબંધ સુધર્યા ખરા? તે મુદ્દો છે અને બીજો મહત્ત્વનો મુદ્દો રાહુલ ગાંધીએ ઉઠાવ્યો છે વિદેશી અતિથિઓને શાકાહારી ભોજન આપવામાં આવ્યું - માંસાહારી કેમ નહીં? ચીની પ્રમુખ શી જિનપિંગ સાથેની વિપક્ષી વાટાઘાટમાં ગલવાન ખાતેની મારામારી થઈ - સશસ્ત્ર અથડામણ થઈ અને ભારતીય સૈનિકોએ ચીનાઓને મારી હઠાવ્યા તે મુદ્દો તથા અત્યારે લદ્દાખ અને અરુણાચલપ્રદેશમાં ઘૂસણખોરીનો મુદ્દો ઉઠાવાયો હોય તો મોદી મૌન કેમ છે? એવો સવાલ કોંગ્રેસી પ્રવક્તાએ કર્યો છે, પણ અનુભવી પૂર્વ પ્રધાનોને ખબર હોવી જોઈએ કે આવી પરિષદ દરમિયાન ક્યાંય, કોઈ પણ દેશમાં વિપક્ષી વાટાઘાટ થાય તે પરિષદના અંતે સંયુક્ત નિવેદનમાં આવે નહીં. ભારતના વિપક્ષો જરા ધીરજ ધરે - વડા પ્રધાન મોદી એમને બોલાવીને અથવા સંસદમાં શાંતિ સ્થપાય તો અને ત્યારે વિગતવાર અહેવાલ આપશે જ. વિપક્ષી નેતાઓ અને પ્રવક્તાઓ વિદેશનીતિ અંગે પોતાના જ્ઞાન-અજ્ઞાનનું પ્રદર્શન કરવામાં ઉતાવળા થયા છે! શાકાહાર-માંસાહારનો મામલો રાહુલ ગાંધીને દાઢમાં વળગ્યો લાગે છે! ભારતની એંસી ટકા આબાદી માંસાહારી છે એમની લાગણીને આઘાત પહોંચ્યાની ફરિયાદ છે? પણ વિદેશી મહેમાનોને તો ભારતીય શાકાહારી વાનગીઓનો સ્વાદ દાઢમાં રહી ગયો હશે! કોઈએ પડદા પાછળ-પત્રકારોના કાનમાં ફૂંક પણ મારી નથી કે અમે ભૂખ્યા રહી ગયા! વિરોધ પક્ષોને ભારતના એંસી ટકા માંસાહારીઓની દુભાયેલી લાગણીનો સંતાપ છે, પણ જનોઈધારી બ્રાહ્મણની ચૂંટણી ભૂમિકા ભૂલી ગયા છે! ભારત નહીં, પૂરી દુનિયામાં માંસાહારીઓની જબ્બર બહુમતી છે અને હવે ઘણા લોકો શાકાહારી બની રહ્યા છે અને આપણા મહેમાનોએ કોઈ ફરિયાદ કરી નથી તો રાહુલજીના પેટમાં કેમ દુ:ખે છે? એમના સિવાય કોંગસના કોઈ પણ નેતાએ શાકાહાર સામે વાંધો ઉઠાવ્યો નથી તો પછી આ વાંધા વચકા શા માટે? શાદીમાં ફૂફા (ફુઆ) નારાજ છે એમ બતાવવા માટે? વિદેશી મહેમાનો - સરકારના હોય કે સમાજના - ભારતને જોવ- માણવા આવે છે - માંસાહાર તો એમના દેશમાં પણ મળે છે, ભારતીય મહેમાનગતિ અને ભોજનનો સ્વાદ ચાખવાનો ઓડકાર પણ ખાય છે! બાગેશ્વર બાબાએ બંગાળીઓને દુર્ગાપૂજા ઉત્સવ દરમિયાન માંસાહાર નહીં કરવાનો અનુરોધ કર્યો તેનો વિરોધ થયો છે, ત્યારે રાહુલ ગાંધી એમ બતાવવા માગે છે કે વિરોધમાં હમ ભી કિસી સે કમ નહીં?! પર્યુષણના પાવન ઉત્સવ દરમિયાન જીવદયાની ભાવના મોદી ભૂલ્યા નથી આપણને તેનું ગૌરવ હોવું જોઈએ.

### UPI ચાર્જ પર વિપક્ષના હોબાળા બાદ કેન્દ્રનો બચાવ

# કોઈ વિદેશી દબાણ નથી, સિસ્ટમ સ્વનિર્ભર થશે :કેન્દ્ર સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : UPI ટ્રાન્ઝેક્શન્સ પર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬થી અમલમાં આવનારા નવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR)ને લઈને શરૂ થયેલા રાજકીય વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે સત્તાવાર સ્પષ્ટતા કરી છે. વિપક્ષી પક્ષ કોંગ્રેસ દ્વારા અમેરિકન કાર્ડ કંપનીઓને લાભ પહોંચાડવા અને વિદેશી દબાણ હેઠળ આ ચાર્જ લાદવામાં આવ્યો હોવાના આક્ષેપોને નાણા મંત્રાલયે સ્પષ્ટપણે ફગાવી દીધા છે.

સરકાર આ મુદ્દે હાલ બેકફૂટ પર છે ત્યારે નાણા મંત્રાલયે સફાઈ આપી છે કે ભારત પોતાના નીતિગત નિર્ણયો સ્વાયત્ત રીતે લે છે અને આ નિર્ણય ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને ટકાઉ, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવા માટે લેવામાં આવ્યો છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ જયરામ રમેશના નિવેદન બાદ થઈ હતી. જયરામ રમેશે આક્ષેપ કર્યો હતો કે શૂન્ય MDRની વ્યવસ્થા ખતમ કરવાનો નિર્ણય અમેરિકન માંગણીઓ સામે ઝૂકીને લેવામાં આવ્યો છે, જેથી માસ્ટરકાર્ડ અને વિઝા જેવી અમેરિકન કાર્ડ કંપનીઓને UPI સામે હરીફાઈમાં લાભ મળે.

વિપક્ષના આક્ષેપો પર પ્રતિક્રિયા આપતાં નાણા મંત્રાલયે કહ્યું કે, ભારત સરકારના નિર્ણયોને કોઈ વિદેશી દબાણ સાથે લેવાદેવા નથી. તેનો હેતુ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને સર્વસમાવેશી અને આર્થિક રીતે ટકાઉ બનાવવાનો છે.

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૬માં શરૂ થયેલું UPI આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ પેમેન્ટ સિસ્ટમ બની ચૂક્યું છે. એકલા ઓગસ્ટ ૨૦૨૬માં જ UPI મારફતે ૨૪.૫ અબજ વ્યવહારો નોંધાયા હતા.


સામાન્ય ગ્રાહકો અને ૯૫% વ્યવહારો સંપૂર્ણ ફ્રી રહેશે: સરકારનો દાવોનાણા મંત્રાલયે ફરી દાવો કર્યો છે કે, સામાન્ય જનતાના ખિસ્સા પર આ નિર્ણયની કોઈ જ અસર પડશે નહીં.P2P ટ્રાન્સફર: પરિવાર કે મિત્રોને નાણાં મોકલવા કાયમ માટે ૧૦૦% મફત રહેશે, પછી ભલે રકમ ગમે તેટલી હોય.

દુકાનો પર ખરીદી: ગ્રાહક ગમે તેટલી રકમનો સામાન ખરીદીને ઊઇ કોડ સ્કેન કરશે તો પણ તેના ખાતામાંથી વધારાનો ૧ રૂપિયો પણ કપાશે નહીં.

બૅન્કોને સખત સૂચના: બૅન્કોને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે વેપારીઓ આ ચાર્જનો બોજ ગ્રાહકો પર પાસ ન કરે. તેમજ કોઈ પણ UPI એપ વધારાની પ્લેટફૉર્મ ફી વસૂલી શકશે નહીં.

નાના વેપારીઓને રાહત: દર મહિને રૂ.૧,૦૦,૦૦૦ સુધીનું UPI પેમેન્ટ મેળવતા નાના દુકાનદારો માટે MDR શૂન્ય રહેશે. દેશમાં ૯૫% થી વધુ વેપારી વ્યવહારો રૂ.૨,૦૦૦થી નીચેના હોવાથી તેના પર કોઈ ચાર્જ લાગશે નહીં.

## મોદીજી હિંમત બતાવો, UPI ટેક્સ પાછો લો: રાહુલ ગાંધી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : કેન્દ્ર સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબરથી રૂ.૨,૦૦૦થી વધુના મર્ચન્ટ UPI વ્યવહારો પર ૦.૪% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગુ કરવાના નિર્ણય સામે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવ્યું છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો ગંભીર આરોપ લગાવતા આ પ્રસ્તાવિત ટેક્સ તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી છે.

રાહુલ ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના એક ઐતિહાસિક કિસ્સાને ટાંકીને પીએમ મોદી પર આકરો કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, ઈન્દિરાજીને એકવાર પૂછવામાં આવ્યું હતું કે તેઓ ડાબે ઝૂકે છે કે જમણે? ત્યારે તેમણે કહ્યું હતું કે હું ટટ્ટાર ઊભી રહું છું. પરંતુ મોદીજીનો કન્સેપ્ટ સાવ અલગ છે. તેઓ ન તો લેફ્ટ છે કે ન તો રાઈટ; તેમણે સીધા ડોનાલ્ડ ટ્રમ્પ સામે નતમસ્તક થઈ જવાનો નિર્ણય કર્યો છે. મોદીજી, કૃપા કરીને અમેરિકા સામે ઝૂકવાનું બંધ કરો, થોડી હિંમત બતાવો, ટટ્ટાર ઊભા રહો અને આ UPI ટેક્સ પાછો લો. UPI પર ટેક્સ લાદીને સરકારે દરેક ભારતીય પર બોજ નાખ્યો છે અને અમેરિકન કંપનીઓને ભારે કમાણી કરવાની તક આપી દીધી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિગતવાર પોસ્ટ શેર કરીને આક્ષેપ કર્યો કે સરકારે ગુપચુપ રીતે UPI પર ચાર્જ લગાવવાનો રસ્તો ખોલી દીધો છે. સરકારનો દાવો છે કે માત્ર રૂ.૨,૦૦૦ થી ઉપરના ટ્રાન્ઝેક્શન પર જ ચાર્જ લાગશે, જેની સંખ્યા કુલ વ્યવહારોમાં માત્ર ૫% છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે UPIની કુલ વ્યવહાર મૂલ્યનો આશરે ૬૫% હિસ્સો આ ૫% ટ્રાન્ઝેક્શન્સમાં જ સમાયેલો છે. સરકારે કહ્યું છે કે ગ્રાહક પાસેથી કોઈ ફી નહીં લેવાય, પણ દુકાનદાર પર લાદવામાં આવેલી ફી આખરે ચીજવસ્તુઓની કિંમતોમાં ઉમેરાઈને સામાન્ય ગ્રાહકના ખિસ્સામાંથી જ નીકળશે. રાહુલ ગાંધીએ સીધો પ્રહાર કરતાં જણાવ્યું કે અમેરિકન પેમેન્ટ કંપનીઓ લાંબા સમયથી ભારતની 'ઝીરો-MDR' નીતિનો વિરોધ કરી રહી હતી. હવે સરકારે આ નીતિ બદલીને તેમના દબાણ સામે આત્મસમર્પણ કર્યું છે. જેમ યુએસ ટ્રેડ ડીલમાં દબાણ આવ્યું હતું, તેવી જ રીતે પીએમ મોદીએ ફરી એકવાર અમેરિકા સામે શરણાગતિ સ્વીકારી લીધી છે. સરકાર તરફથી એવી દલીલ કરવામાં આવી રહી છે કે UPI સિસ્ટમ ચલાવવા માટે વાર્ષિક આશરે રૂ.૨૦,૭૦૦ કરોડની જરૂર પડે છે અને સરકાર પાસે આટલો ખર્ચ ઉઠાવવાના પૈસા નથી. તેના જવાબમાં કોંગ્રેસે આંકડાકીય વિગતો રજૂ કરી છે.

## અરબ સાગરમાં ભારતીય યુદ્ધજહાજ સાથે અથડાયું પાકિસ્તાની નેવીનું જહાજ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ :અરબ સાગરમાં આંતરરાષ્ટ્રીય જળસીમાની અંદર એક અત્યંત સંવેદનશીલ અને જોખમી ઘટના સામે આવી છે. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ની સાંજે નિયમિત પેટ્રોલિંગ પર રહેલા ભારતીય નૌકાદળના અગ્રણી યુદ્ધજહાજ નજીક પાકિસ્તાની નૌકાદળનું એક જહાજ અત્યંત ઝડપે અને જોખમી રીતે આવી પહોંચ્યું હતું.

પાકિસ્તાની જહાજના અનપ્રોફેશનલ અને અસુરક્ષિત સંચાલનને કારણે બંને યુદ્ધજહાજો વચ્ચે ટક્કર થઈ હતી. જોકે, રાહતની વાત એ છે કે આ અથડામણમાં કોઈ મોટું નુકસાન થયું નથી.

અહેવાલ અનુસાર ૧૫ સપ્ટેમ્બરની સાંજે ભારતીય નૌકાદળનું અગ્રણી યુદ્ધજહાજ ઉત્તર અરબી સમુદ્રમાં નિયમિત સર્વેલન્સ મિશન પર હતું. તે દરમિયાન પાકિસ્તાન નેવીનું એક જહાજ અત્યંત હાઈ-સ્પીડ સાથે ભારતીય જહાજ તરફ ધસી આવ્યું હતું. સમુદ્રી નિયમોની વિરુદ્ધ જઈને કરવામાં આવેલા અસુરક્ષિત દાવપેચને પગલે બંને જહાજો વચ્ચે અથડામણ સર્જાઈ હતી. આ ઘટના આંતરરાષ્ટ્રીય જળસીમામાં બની હતી અને સદનસીબે બંને પક્ષે કોઈ મોટું નુકસાન નોંધાયું નથી.

પાકિસ્તાની નૌકાદળની આ અસ્વીકાર્ય હરકત સામે ભારતના વિદેશ મંત્રાલયે કડક વલણ અપનાવ્યું છે. નવી દિલ્હી ખાતે આવેલા પાકિસ્તાન હાઈકમિશનના પ્રભારીને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા. વિદેશ મંત્રાલયે સમુદ્રમાં પાકિસ્તાની નૌકાદળના અસ્વીકાર્ય વર્તન સામે તેમની સમક્ષ આકરો વિરોધ નોંધાવ્યો હતો.

વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આંતરરાષ્ટ્રીય જળસીમામાં બનેલી આ ઘટનામાં પાકિસ્તાની જહાજનું વલણ બંને દેશો વચ્ચે થયેલા કરારની વિરુદ્ધ હતું. આ ઘટના એપ્રિલ ૧૯૯૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી કવાયતો, દાવપેચ અને સૈનિકોની હિલચાલ અંગે આગોતરી માહિતી આપવા માટે થયેલા દ્વિપક્ષીય કરારની કલમ ૧૦નું સીધું ઉલ્લંઘન છે.

પાકિસ્તાનના રાજદૂતને તાકીદ કરવામાં આવી છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે તમામ લશ્કરી એકમો સાવચેતી રાખે અને પરસ્પર કરારોનું સન્માન કરે.

આ વિવાદ માત્ર દિલ્હી સુધી સીમિત નથી રહ્યો. ભારતના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના ઈસ્લામાબાદ ખાતે સ્થિત ભારતીય હાઈકમિશનના પ્રભારીને પણ ખાસ સૂચના આપી છે. ભારતીય રાજદ્વારીને પાકિસ્તાનના વિદેશ મંત્રાલય સમક્ષ સત્તાવાર રીતે આ જ પ્રકારનો સખત વિરોધ નોંધાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## 'અમેરિકાએ જે કરવું હોય કરે, અમે રશિયાથી ઓઈલ ખરીદતા રહીશુ' :ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬
રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ (કાચું ઓઈલ) ખરીદતા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા માટે અમેરિકા કાયદો બનાવવાની પ્રક્રિયા ઝડપી બનાવી રહ્યું છે. જોકે, અમેરિકાની આ ખુલ્લી ધમકી અને દબાણ છતાં ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ભારતે જાહેરાત કરી છે કે અમેરિકા ભલે ગમે તેટલા કડક નિયમો લાવે, ભારત પોતાના દેશવાસીઓના હિત માટે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ જ રાખશે અને કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં. ઐતિહાસિક વારસો જુઓભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો સાથે જોડાયેલા તમામ નિર્ણયો પોતાના ૧૪૦ કરોડ નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખીને જ લે છે. ભારત સરકાર આ નીતિ પર આગળ પણ અડગ રહેશે અને અમેરિકાના ટેરિફથી પોતાની ઓઈલ ખરીદીની નીતિમાં કોઈ ફેરફાર કરશે નહીં. અમેરિકામાં આ કાયદાને 'લિન્ડસે ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન બિલ' નામ આપવામાં આવ્યું છે. અમેરિકન સેનેટમાં ૮૯-૧૧ ની ભારે બહુમતીથી આ બિલ પસાર થઈ ચૂક્યું છે અને ગુરુવારે તેને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (નિચલા ગૃહ) માં વોટિંગ માટે લાવવામાં આવશે. આ બિલનો મુખ્ય હેતુ રશિયા પાસેથી સૌથી વધુ ઓઈલ ખરીદતા ભારત અને ચીન જેવા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ ઠોકી બેસાડવાનો છે. ઐતિહાસિક વારસો જુઓ રિપોર્ટ્સ મુજબ, કેટલાક અમેરિકી સાંસદોએ માંગ કરી છે કે બિલમાં રશિયા પાસેથી ઓઈલ ખરીદતા ટોચના ૧૦ દેશોના નામો સ્પષ્ટપણે લખવામાં આવે.

## મોદી જન્મ દિવસ પર વડનગરથી વારાણસી સુધીની બાઈક રેલી યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૬ : પીએમ મોદીના જન્મ દિવસ પર ગુજરાતમાં ખાસ આયોજન કરવામાં આવશે. જેમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૫ વર્ષની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે યુવા મોરચા દ્વારા વડનગરથી વારાણસી સુધી વિશાળ બાઈક રેલી યોજાશે. આ બાઈક રેલી ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઑક્ટોબર સુધી યોજાનાર છે. આ અંતર્ગત બે યાત્રાઓનું આયોજન કરાયું છે, જેમાં એક યાત્રા વડનગરથી વારાણસી અને બીજી યાત્રા વારાણસીથી વડનગર તરફ પ્રસ્થાન કરશે. આ યાત્રા બંને દિશામાંથી ૨૫૦ સેવા યાત્રીઓના ગ્રુપ અનુસાર કુલ ૧૦ ગ્રુપ સાથે નીકળશે. વડનગર ખાતેથી યાત્રાના પ્રસ્થાન અને ઉદઘાટન સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે, જ્યારે કાશી ખાતે યોજાનાર કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ હાજરી આપશે. આ યાત્રામાં યુવા મોરચાના આશરે ૧૦૦૦ જેટલા કાર્યકરો જોડાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન અને સેવા સંકલ્પ અભિયાનના સંકલ્પ સાથે તેમજ યુવાશક્તિને માર્ગ જોડવાના અભિયાન અનુસાર આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે એટલે કે ૧૭ સપ્ટેમ્બરે ગુજરાતના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તેઓ વડનગર અને અમદાવાદના વિવિધ આયોજનોમાં હાજરી આપશે. આ દરમિયાન તેઓ વડનગરથી વારાણસી બાઈક રેલીને પ્રસ્થાન કરાવશે. આ ઉપરાંત, પ્રધાનમંત્રીના દીર્ઘાયુની કામના સાથે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી જગન્નાથ મંદિરે આરતી કરશે. ત્યારબાદ કાંકરિયા ખાતે યોજાનાર સવા લાખ દીવડા પ્રગટાવવાના વિશેષ પ્રસંગે પણ તેઓ ખાસ હાજરી આપશે. તો બીજી તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો કાશીથી ગુજરાત માટે એક વિશેષ કાર્યક્રમની તૈયારીમાં છે. આ દરમિયાન માત્ર ઉત્તર પ્રદેશ સરકારના દિગ્ગજો જ નહીં પરંતુ કેન્દ્ર સરકારના મંત્રીઓ અને NDAના પ્રમુખ સહયોગીઓ વારાણસીમાં હાજર રહેશે. આ પ્રસંગે ભાજપ તરફથી 'સેવા સંકલ્પ બાઈક યાત્રા'ની શરૂઆત કરવામાં આવશે, જે કાશીથી વડનગર માટે રવાના થશે. ૧૭ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે ભારતીય જનતા પાર્ટી દ્વારા કાશીથી વડનગર માટે સેવા સંકલ્પ બાઈક યાત્રાની શરૂઆત કરવામાં આવશે, જેમાં આશરે ૫૦૦ સેવાયાત્રીઓ જોડાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, ચિરાગ પાસવાન, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉપમુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય, બ્રિજેશ પાઠક અને પ્રદેશ અધ્યક્ષ પંકજ ચૌધરી સહિત અનેક દિગ્ગજો હાજરી આપશે. આ યાત્રાને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ લીલી ઝંડી બતાવશે. આ સિવાય દેશના સૌથી પ્રમુખ ધાર્મિક સ્થળ શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં પણ પ્રધાનમંત્રીના જન્મદિવસે વિશેષ પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે.

## ૨૫ હજાર સુધી પગાર ધરાવતા લોકોને EPFO પેન્શનનો લાભ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬: કેન્દ્રીય કેબિનેટે EPFO માં અનિવાર્ય સભ્યપદ માટે પગારની મર્યાદા ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર પ્રતિ માસ કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણય બાદ આશરે ૫૧ લાખ વધારાના કર્મચારીઓ EPFO ના દાયરામાં આવી શકે છે. એટલે કે જે કર્મચારીઓનો માસિક પગાર અત્યારે ૧૫ હજારથી વધુ હોવાના કારણે અનિવાર્ય EPFO કવરેજમાં નહોતો આવતો, તેમાંથી ૨૫ હજાર સુધી પગાર મેળવતા કર્મચારીઓ હવે આ દાયરામાં આવશે.
સરકારનું કહેવું છે કે આનાથી વધુ કર્મચારીઓને નિવૃત્તિ માટે બચત અને સામાજિક સુરક્ષાનો લાભ મળશે અને દેશમાં ઔપચારિક રોજગારને પ્રોત્સાહન મળશે.

## અનંત નાગને મળશે દાદા સાહેબ ફાળકે એવોર્ડ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ :ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ કામ કરતી મુખ્ય નોડલ એજન્સી Press Information Bureau (PIB) એ અનંત નાગની એક તસવીર પોતાના એક્સ હેન્ડલ પર શેર કરી અને માહિતી આપતા લખ્યું, દાદા સાહેબ ફાળકે પુરસ્કાર ૨૦૨૪ અનંત નાગને આપવામાં આવશે. આગળ લખ્યું, ભારત સરકાર દાદા સાહેબ ફાળકે પુરસ્કાર સિલેક્શન કમિટીની ભલામણ પર આ જાહેરાત કરતા ખુશી અનુભવી રહી છે કે અનંત નાગને ઈન્ડિયન સિનેમામાં તેમના શાનદાર સફર અને યોગદાન માટે પ્રતિષ્ઠિત દાદા સાહેબ ફાળકે પુરસ્કાર ૨૦૨૪ થી સન્માનિત કરવામાં આવશે. તેમણે અનેક પેઢીઓને મોટિવેટ કરી છે. આ એવોર્ડ કેવડિયામાં ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહમાં આપવામાં આવશે. અનંત નાગ દિગ્ગજ એક્ટર અને પોલિટિશિયન છે. અનંત નાગને કન્નડ સિનેમામાં તેમના શાનદાર યોગદાન માટે ઓળખવામાં આવે છે. તેમનો જન્મ ૪ સપ્ટેમ્બર ૧૯૪૮ ના રોજ થયો હતો. તેમણે પોતાના કરિયરમાં ૩૦૦ થી વધુ ફિલ્મો કરી છે. અનંતની ફિલ્મોમાં કન્નડ, હિન્દી, તેલુગુ, તમિલ, મરાઠી અને મલયાલમ ફિલ્મો સામેલ છે.

## વડોદરામાં ૧૮૬માં ઉર્સ-શરીફની દબદબાભેર ઉજવણી



**વડોદરા, તા.૧૬ :** વડોદરા શહેર-દાંડીયા બજારમાં ખાનકાહે-આલિયા રિફાઈયા ખાતે પીર હઝરત સૈયદ ફખરૂદ્દીન ગુલામહુસેન અલ-મારૂફ અમીરમીયાં રિફાઈ (રહે.) સાહેબના ૧૮૬ માં ઉર્સ-શરીફની થયેલી ત્રિદિવસીય ઉજવણીનું સમાપન થયું. આ પ્રસંગે ખાનકાહે-આલિયા રિફાઈયાનાં સજ્જાદાનશીન પીર અલ્હાજ સૈયદ કમાલુદ્દીન મઝહરૂલ્લાહ રિફાઈ એ કરેલા પ્રાસંગિક સંબોધનમાં દેશમાં ભાઈચારો-એક્તાના માહોલમાં દરેક તહેવારો દેશમાં સૌ સાથે મળીને ઉજવવાની સાથોસાથ પારસ્પરિક પ્રેમ-સદભાવ, સૌહાર્દ અને દિલી-સહિષ્ણુતાની સુદ્રઢ-પ્રબળ ભાવના સાથે ભારત દેશ સમૃદ્ધિના શિખરો સર કરે તેવી શુભકામનાઓ સાથેની ખાસ દુઆ તેમણે પીર હઝરત સૈયદ ફખરૂદ્દીન અલ-મારૂફ અમીરમીયાં રિફાઈ સાહેબના વસીલાથી પાક-પરવરદિગારની બારગાહમાં ગુજારી હતી.

આ ઉર્સ ઉજવણીના અવસરે ખાનકાહના જાનશીન સૈયદ મોઈનુદ્દીન રિફાઈ (નૈયરબાબા), મૌલાના સૈયદ હિસામુદ્દીન રિફાઈ(હિસામબાબા) ની પણ વિશિષ્ટ હાજરી રહી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ખાસ મહેમાનો, મહાનુભાવો અને અકીદતમંદોની હકડેઠઠ મેદનીને સૈયદ કમાલુદ્દીન મઝહરૂલ્લાહ રિફાઈ સાહેબે આશિર્વચન પાઠવ્યાં હતાં.

આ રાતીબે રિફાઈના જલ્સા ઉપરાંત મહેફીલે સમા-કવ્વાલીના કાર્યક્રમ તેમજ કુલ-શરીફની અદાયગીની સાથે ઉર્સની દબદબાભેર ઉજવણી સંપન્ન થઈ હતી.

રિફાઈ પરંપરાના રાતીબે રિફાઈના જલ્સા-કાર્યક્રમ અંતર્ગત ઝર્બના કાર્યક્રમ પણ યોજાયો હતો. દેશ-વિદેશ તેમજ ગુજરાત ઉપરાંત દુર-સુદુરના અન્ય રાજયોના તેમજ સ્થાનિક વડોદરાના મુરીદો, અકીદતમંદો, અનુયાયીઓ-શ્રધ્ધાળુઓએ લાખોની સંખ્યામાં ઉપસ્થિત રહીને ફૈઝ હાંસીલ કર્યો હતો.

## બાંગ્લાદેશમાં શેખ હસીનાની પાર્ટીના ૭ નેતાઓને ફાંસીની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬
બાંગ્લાદેશના ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલએ ૨૦૨૪ના વિદ્યાર્થી આંદોલન સાથે સંકળાયેલા માનવતા વિરુદ્ધના ગુનાઓ બદલ શેખ હસીનાની અવામી લીગ પાર્ટીના સાત વરિષ્ઠ નેતાઓને મૃત્યુદંડની સજા સંભળાવી હતી. તેમાં પાર્ટીના મહાસચિવ અને ભૂતપૂર્વ મંત્રી ઓબેદુલ કાદેરનો પણ સમાવેશ થાય છે. જસ્ટિસ નઝરુલ ઈસ્લામ ચૌધરીના અધ્યક્ષસ્થાને ટ્રિબ્યુનલ-૨ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. આ બેંચમાં જસ્ટિસ મો. મંજુરુલ બશીદ અને જસ્ટિસ નૂર મોહમ્મદ શહેરિયાર કબીરનો પણ સમાવેશ થતો હતો. કોર્ટે જણાવ્યું હતું કે આરોપો સાબિત થયા છે, જેના કારણે મહત્તમ સજા ફટકારવી જરૂરી બની છે. એવું જાણવા મળ્યું છે કે તમામ સાત આરોપીઓ ફરાર છે—એટલે કે તેઓ હાલમાં દેશની બહાર છે. તેમની ગેરહાજરીમાં સુનાવણી આગળ વધી હતી અને કોર્ટે તેમનું પ્રતિનિધિત્વ કરવા માટે સરકારી વકીલોની નિમણૂક કરી હતી. કોર્ટના જણાવ્યા અનુસાર, આ નેતાઓ પર જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૪માં તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાની સરકાર વિરુદ્ધના વિદ્યાર્થી આંદોલન દરમિયાન હત્યા, હિંસા ભડકાવવી, ઉશ્કેરણી અને કાવતરું રચવાના

### મહાયુદ્ધના ભણકારાં વચ્ચે

## અમેરિકા-ઈઝરાયલ અને આઠ અરબ દેશોના સૈન્ય પ્રમુખો વચ્ચે સીક્રેટ મીટિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬
ઈરાન સાથે ચાલી રહેલા તણાવ અને હૂથી હુમલાઓના વધતા જોખમ વચ્ચે અમેરિકા, ઈઝરાયલ અને 8 અરબ દેશોના સૈન્ય પ્રમુખોની એક અત્યંત મહત્ત્વપૂર્ણ બેઠક જર્મનીમાં યોજાઈ છે. ગત અઠવાડિયે મળેલી આ ગુપ્ત બેઠકમાં મધ્ય પૂર્વમાં સુરક્ષા સહયોગ વધારવા અને વર્તમાન કટોકટી અંગે ચર્ચા કરવામાં આવી હતી.એક મીડિયા રિપોર્ટ મુજબ, આ બેઠકનું આયોજન અમેરિકાના સેન્ટકૉમ કમાન્ડર એડમિરલ બ્રાડ કૂપરે કર્યુ હતું. આ બેઠકમાં ઈઝરાયલ ઉપરાંત સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE), બહેરીન, કુવૈત, કતાર, જોર્ડન અને ઈજીપ્તના ટોચના સૈન્ય કમાન્ડરો સામેલ થયા હતા. ખાસ વાત એ છે કે આમાં કેટલાક એવા અરબ દેશો પણ સામેલ હતા, જેમના ઈઝરાયલ સાથે રાજદ્વારી સંબંધો નથી. અમેરિકાએ આ બેઠકમાં સ્પષ્ટ કર્યુ છે કે ઈરાની હુમલાઓ છતાં તે મધ્ય પૂર્વમાંથી પોતાની સેના હટાવવાની કોઈ યોજના ધરાવતું નથી.વર્ષ 2020ના અબ્રાહમ કરાર બાદ ઈઝરાયલ અને અરબ દેશો વચ્ચે સૈન્ય સહયોગ સતત વધી રહ્યો છે. ઈરાન સાથેના સંઘર્ષ દરમિયાન ઈઝરાયલે UAEને આયર્ન ડૉમ સિસ્ટમ અને તેને સંચાલિત કરવા માટે પોતાના કર્મચારીઓ મોકલવાની સાથે રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ અને સર્વેલન્સ (ISR) જેવી મદદ પણ પૂરી પાડી છે.

હાલમાં, હૂથીઓ દ્વારા વધી રહેલા હુમલાઓના પગલે સેન્ટકૉમના માધ્યમથી ઈઝરાયલ અને સાઉદી અરેબિયા વચ્ચે પણ ચર્ચાઓ ચાલી રહી છે કે ઈઝરાયલ કઈ રીતે સાઉદી સૈન્ય ઓપરેશન્સમાં મદદરૂપ બની શકે છે.

### વિશ્વભરના મુસ્લિમો માટે મક્કાનું વિશેષ મહત્ત્વ

## પવિત્ર સ્થળ પાસે ડ્રોન એટેકથી ભારત ચિંતિત, શાંતિની અપીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : સાઉદી અરેબિયાના પવિત્ર શહેર મક્કા નજીક થયેલા ડ્રોન હુમલાને લઈને ભારતે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જાયસ્વાલે જણાવ્યું કે, સાઉદી અરેબિયાની સાર્વભૌમ સીમા પર થતા હુમલાઓ તેમજ સામાન્ય નાગરિકોના જીવન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જોખમમાં મૂકતી આવી ઘટનાઓની ભારત આકરા શબ્દોમાં નિંદા કરે છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે, 'મક્કા નજીક બનેલી આ ઘટના વિશેષ રૂપે ચિંતાજનક છે, કારણ કે સમગ્ર વિશ્વના કરોડો મુસ્લિમો માટે આ શહેરનું અદકેરું ધાર્મિક મહત્વ રહેલું છે. સામાન્ય જનજીવન અને નાગરિક સુવિધાઓને નિશાન બનાવતી કોઈપણ હિંસા સ્વીકાર્ય નથી.' પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ભારતે આ વિસ્તારમાં ઝડપથી શાંતિ સ્થાપવાની અપીલ કરી છે. રણધીર જાયસ્વાલે આશા વ્યક્ત કરી હતી કે, સમગ્ર ક્ષેત્રમાં ટૂંક સમયમાં સ્થિતિ સામાન્ય બનશે અને શાંતિ તથા સ્થિરતા પુનઃસ્થાપિત થશે.

સાઉદી અરેબિયા અને હૂથી વિદ્રોહીઓ વચ્ચે સંઘર્ષ સતત તીવ્ર બની રહ્યો છે. હૂથી જૂથે દક્ષિણ સાઉદી અરેબિયાના ખમીસ મુશૈત, અબહા અને તાઈફ જેવા શહેરોમાં નાગરિક અને સૈન્ય વિસ્તારોને નિશાન બનાવી નવા મિસાઈલ તેમજ ડ્રોન હુમલા કર્યા હતા. આ તાજેતરના હુમલાઓમાં ૧૩ સામાન્ય નાગરિકો ઘાયલ થયા છે, રહેણાંક મકાનોને નુકસાન પહોંચ્યું છે અને કિંગ ખાલિદ એરબેઝ નજીક આગ લાગવાની ઘટના પણ સામે

# હવે જો, સરકારી પ્રતીક કે નામનો દુરુપયોગ કરાશે તો કાર્યવાહી

## બ્યુરો, કમિશન, મંત્રાલય, સેન્ટર, ઓલ ઈન્ડિયા, નેશનલ અને ભારતીય જેવા શબ્દોનો ખાનગી ઉપયોગ કરતા પૂર્વે લેખિત અનુમતિ લેવી ફરજિયાત

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૧૬ :** હવે કોઈ પણ ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો અને વ્યાપારી પેઢીઓ કેન્દ્ર સરકારની અગાઉથી મેળવેલી લેખિત મંજૂરી વિના પોતાની સંસ્થાના નામમાં બ્યુરો, કમિશન, મંત્રાલય, સેન્ટર, ઓલ ઈન્ડિયા, નેશનલ અને ભારતીય જેવા શબ્દોનો ઉપયોગ કરી શકશે નહીં. જો કોઈ ખાનગી કંપની કે સંસ્થાએ આ શબ્દોનો ઉપયોગ કરવો હોય તો તેણે પોતાના નામની સાથે જ એવું સ્પષ્ટ કરવું પડશે કે, આ એક ખાનગી સાહસ છે અને તેને સરકાર સાથે કોઈ લેવાદેવા કે સરકારી ઉદેશ નથી.

પ્રતીકો અને નામો (અયોગ્ય ઉપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૫૦ અંતર્ગત કંપનીઓ કે ટ્રેડમાર્ક નોંધણી કરતી તમામ કચેરીઓ જેમ કે રજિસ્ટ્રાર ઓફ સોસાયટીઝ, રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સ અને કો-ઓપરેટિવ ડિપાર્ટમેન્ટને કડક સૂચના અપાઈ છે કે, અરજીના સ્ક્રીનિંગ અને રજીસ્ટ્રેશન તબક્કે જ આવા ભ્રામક નામો વાળી ફાઈલો ના મંજૂર કરી દેવી. જો કોઈ નામ અંગે શંકા કે વિવાદ ઊભો થાય, તો તેમણે આ બાબત કેન્દ્ર સરકારને ધ્યાને મુકવાની રેહશે અને કેન્દ્ર સરકારનો નિર્ણય જ આખરી ગણાશે. આ બાબત રાષ્ટ્રીય ગૌરવ સાથે જોડાયેલી છે, તેથી કાયદાનો અનાદર કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત સરકારે વ્યાપારિક લાભ માટે સરકારી નામ, હોદ્દાઓ અને રાષ્ટ્રીય -તીકોનો દુરુપયોગ કરીને સામાન્ય નાગરિકોને ભ્રમિત કરતી ખાનગી સંસ્થાઓ અને બિન-સરકારી સંગઠનો સામે કાર્યવાહી કરવા ઝુંબેશ શરૂ કરી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજયના તમામ વિભાગો, કચેરીઓ અને સક્ષમ નોંધણી અધિકારીઓનેઁ -તીકો અને નામો (અયોગ્ય ઉપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૫૦ઁનું કડક અમલીકરણ સુનિ?ત કરવા જરૂરી સૂચનોઓ આપવામાં આવી છે.

ગુજરાત સરકારે કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા રાજ્યોને પાઠવેલ પરિપત્રના અનુસંધાને આ કાર્યવાહી હાથ ધરી છે. કેન્દ્ર સરકારે આ પરિપત્રમાં જણાવ્યું હતું કે દેશભરમાં મોટા -માણમાં ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો અને વ્યાપારી પેઢીઓ એવા નામો રાખી રહી છે કે જે સીધા સરકારી વિભાગો જેવા લાગતા હોય, ઘણા કિસ્સાઓમાં ખાનગી સંસ્થાઓ પોતાના લેટરહેડ, વિઝિટિંગ કાર્ડ,ઓફિસના બોર્ડ અને વેબસાઈટ પર અશોક સ્તંભ, અશોક ચક્ર કે સરકારી સિક્કાઓની આબેહૂબ નકલ છાપે છે. જેનાથી સામાન્ય નાગરિકો છેતરાય છે અને ખાનગી કામોને સરકારી સમજીને નાણાં કે અન્ય દસ્તાવેજો ગુમાવે છે.

# આજથી રાજ્યમાં સીસીઈ પરીક્ષાનો પ્રારંભ

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૬ :** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત કમ્બાઇન્ડ કોમ્પિટિટિવ એક્ઝામિનેશન એટલે કે, સીસીઇનો આજે રાજયભરમાં -રંભ થયો છે. આગામી ૨૯મી સપ્ટેમ્બર સુધી ચાલનારા આ પરીક્ષામાં નોંધાયેલા ૪.૫૮ લાખ ઉમેદવારો પૈકી અત્યાર સુધીમાં ૮૩ ટકા એટલે કે ૩.૮૨ લાખ પરીક્ષાર્થીઓએ પોતાના કોલ લેટર ડાઉનલોડ કર્યા છે. તંત્ર દ્વારા રોજના અંદાજિત ૩૦થી ૩૬ હજાર ઉમેદવારો પરીક્ષા આપી શકે તેવું આયોજન ગોઠવાયું છે. માત્ર અમદાવાદ શહેરની જ વાત કરીએ તો અહીં ફાળવવામાં આવેલા ૧૭ જેટલા પરીક્ષા કેન્દ્રો પરથી આગામી દિવસોમાં એક લાખથી વધુ યુવાઓ પરીક્ષા આપશે.

આ દરમિયાન સુરક્ષા જળવાઇ રહે તે માટે અને અસામાજિક તત્ત્વોને કેન્દ્રોથી દૂર રાખવા માટે પરીક્ષા કેન્દ્રોની સેન્ટરવાઇઝ વિગતોને ખાનગી રાખવાનો નિર્ણય લેવાયો છે. આ કમ્પ્યુટર આધારિત (છ૮) પરીક્ષા માટે નક્કી કરાયેલા કેન્દ્રોમાં કોમ્પ્યુટર લેબની ક્ષમતાને ધ્યાનમાં રાખીને એક સેન્ટર પર ૧૦૦થી ૪૦૦ જેટલા ઉમેદવારો પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત, દરેક કેન્દ્ર પર ઉમેદવારોના અસલ કોલ લેટરની ચકાસણી કર્યા બાદ જ તેમને -વેશ આપવામાં આવ્યો હતો.

સીસીઇની આ -િલિમિનરી પરીક્ષાના માળખા પર નજર કરીએ તો ઉમેદવારોએ બે કલાકમાં ૧૫૦ માર્કનું -'પત્ર આપવાનું છે. પરીક્ષામાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ માર્ક કટનો નિયમ પણ લાગુ કરવામાં આવ્યો છે. આ પરીક્ષામાં સામાન્ય જ્ઞાન, અંગ્રેજી અને ગુજરાતી ભાષા, રિઝનિંગ અને ગણિત જેવા વિષયો છે. પેપરમાં ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ, બંધારણ, સામાન્ય વિજ્ઞાન અને કરંટ અફેર્સને આવરી લેતા -ૈ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

# વાપીમાં રખડતા ઢોરનો ત્રાસ, અંતે મામલો તાલુકા સ્વાગત કાર્યક્રમમાં

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વાપી, તા.૧૬ :** વાપી શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ દિવસે ને દિવસે વધી રહ્યો છે. તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતા આખરે આ -' તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પહોંચ્યો છે.



નામધા રોડ, ખડકલા સ્થિત રામા રેસીડેન્સી કો.ઓ.હા.સો.ના રહેવાસીઓએ તા. ૧૦/૦૯/૨૦૨૬ ના રોજ મામલતદારને લેખિત અરજી કરી છે. અરજીમાં જણાવ્યા મુજબ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ અને ૯ માં આવેલી રામા રેસીડેન્સી, હનુમાન મંદિર, નાના ગરનાળા પાસે, રોફેલ કોલેજ રોડ, મેઈન બજાર સરદાર ચોક અને જનસેવા મહારાણા -તાપ સર્કલ પાસે જાહેર રસ્તા ઉપર ઢોરોનો અતિશય ત્રાસ છે.

રસ્તા વચ્ચે ઢોર આખો દિવસ બેસી રહેતા હોવાથી ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે, જ્યારે રાત્રિ દરમિયાન અકસ્માતની પૂરેપૂરી સંભાવના રહેલી છે.

રહીશોનો આક્ષેપ છે કે આ બાબતે વારંવાર વાપી મહાનગરપાલિકાના અધિકારીઓને મૌખિક રજૂઆત અને ફોટો-વીડિયો મોકલ્યા છતાં આજદિન સુધી કોઈ જાતના પગલાં લેવાયા નથી. ત્યારે તાત્કાલિક કાર્યવાહી કરી રખડતા ઢોરથી મુક્તિ અપાવવા વાપી રામા રેસીડેન્સીના રહીશ વરુણ સિંહ ઠાકુરે માંગ કરી છે.

# ગુજરાત ભાજપમાં ૬ જિલ્લાઓ માટે નવા પ્રભારી જાહેર કરાયા

## ડાંગ જિલ્લા ભાજપ પ્રભારી તરીકે વાપીના શિલ્પેશભાઈ દેસાઈને નવી જવાબદારી સોંપાઈ



**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૬ :** ગુજરાત ભાજપે જિલ્લા સંગઠનમાં મહત્વની નિમણૂકો જાહેર કરી છે. -દેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ રાજ્યના છ જિલ્લા એકમો માટે નવા ભાજપ -ભારીની જાહેરાત કરી છે. આણંદ, નર્મદા, દાહોદ, ગીર સોમનાથ, મહીસાગર અને ડાંગ જિલ્લામાં પક્ષની સંગઠનાત્મક કામગીરીની દેખરેખ હવે નવા -ભારીઓ સંભાળશે. તમામ નિમણૂકો તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવી છે.

ભાજપ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ આણંદ જિલ્લા ભાજપ -ભારી તરીકે વડોદરા શહેરના રાજેન્દ્રભાઈ ત્રિવેદીની નિમણૂક કરવામાં આવી છે. નર્મદા જિલ્લા ભાજપ -ભારી તરીકે છોટા ઉદેપુરના ડૉ. મુકેશભાઈ રાઠવાને જવાબદારી સોંપવામાં આવી છે. દાહોદ જિલ્લા ભાજપ -ભારી તરીકે બનાસકાંઠાના શશિકાંતભાઈ પંડ્યાની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ગીર સોમનાથ જિલ્લા ભાજપ -ભારી તરીકે અમરેલીના શરદભાઈ લાખાણીને જવાબદારી આપવામાં આવી છે. આ ઉપરાંત મહીસાગર જિલ્લા ભાજપ -ભારી તરીકે કર્ણાવતીના વિશાલભાઈ ભરવાડની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ડાંગ જિલ્લા ભાજપ -ભારી તરીકે વાપીના શિલ્પેશભાઈ દેસાઈને નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ રીતે ગુજરાત ભાજપે કુલ છ જિલ્લા એકમોમાં નવા -ભારીઓની નિમણૂક કરી છે. ખાસ વાત એ છે કે તમામ -ભારીઓને તેમના મૂળ જિલ્લા અથવા શહેરથી અલગ વિસ્તારમાં સંગઠનની જવાબદારી સોંપવામાં આવી છે. નવા -ભારીઓ હવે સંબંધિત જિલ્લા ભાજપ સંગઠન સાથે સંકલન કરીને પક્ષાની સંગઠનાત્મક કામગીરી પર દેખરેખ રાખશે.

# વલસાડ ઓરવાડા ગામને બદલે વશિયરમાં સોલિડ વેસ્ટ સ્થાપવા માંગ કરાઈ

**વલસાડ, તા. ૧૬ :** 'સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦' ગ્રાન્ટ અંતર્ગત વલસાડ નગરપાલિકા દ્વારા આકાર પામનારા સોલિડ વેસ્ટ -ેસેસ પ્લાન્ટને લઈને વિવાદ સામે આવ્યો છે. વલસાડ નગરપાલિકાના માજી વિપક્ષ નેતા ગિરીશ બી. દેસાઈએ ચીફ ઓફિસર , -મુખ માલતીબેન ટંડેલ , કારોબારી ચેરમેન આશિષ દેસાઈ , પાલિકા ઈજનેર નગમાબેન મોદી અને સેનેટરી ચેરમેનને પત્ર પાઠવીને રજૂઆત કરી છે કે, કલેક્ટર દ્વારા વલસાડ ના ઓવાડા ગામે ફાળવવામાં આવેલી જમીન વિવાદાસ્પદ અને વધુ પડતી દૂર હોવાથી તેને બદલે શહેર નજીકના વશિયર ગામે આ પ્લાન્ટ બનાવવામાં આવે. આ પત્રની નકલ કલેક્ટર અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈને પણ રવાના કરવામાં આવી છે.



?ગિરીશ દેસાઈએ પાલિકા સમક્ષ વિસ્તૃત મુદ્દાઓ રજૂ કરતા જણાવ્યું છે કે ?અંતર અને વાહન વ્યવહાર ખર્ચે ઓવાડા ગામે ફાળવેલી જમીન વલસાડ શહેરથી ૧૬ કિલોમીટરથી વધુ દૂર છે, જ્યારે વશિયર માં બ્લોક સર્વે નંબર ૫૧ (નવો સર્વે નં. ૩૬૮) વાળી જમીન શહેરની સીમાથી માત્ર ૧ કિમીના અંતરે આવેલી છે. નજીક હોવાથી કચરાના નિકાલમાં સમય અને વાહનોના ઈંધણ ખર્ચમાં મોટો ઘટાડો થશે. કરોડો રૂપિયાની બચતઁ ઓવાડા ખાતે નવો પ્લાન્ટ બનાવવા માટે રસ્તા અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ અંદાજે ૮ થી ?

૧૦ કરોડનો જંગી ખર્ચ થવાની સંભાવના છે. બીજી તરફ, વશિયર ખાતે વાંકી નદી પર અંદાજે ૩.૫ કરોડના ખર્ચે બનેલો બ્રિજ હાલ બિનઉપયોગી પડ્યો છે. જો પ્લાન્ટ અહીં બને તો આ બ્રિજ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સીધું ઉપયોગમાં આવી શકે તેમ છે અને નવો ખર્ચ કરવો નહીં પડે.વશિયરની સરકારી જમીન સરકાર હસ્તક લઈને નગરપાલિકાને ફાળવવામાં આવે તો સરકારી નીતિ મુજબ પાલિકાએ પ્લાન્ટ માટે કોઈ નાણાં ચૂકવવા પડશે નહીં, વશિયર માં સૂચિત જમીનની આસપાસ કોઈ વસ્તી ન હોવાથી સ્થાનિક વિરોધ કે -દૂષણની સમસ્યા રહેશે નહીં. સાથોસાથ સુકા-ભીના કચરાના વર્ગીકરણ માટેના શેડ અને -ેસેસિંગ યુનિટ સરળતાથી કાર્યરત કરી શકાશે. વશિયર ગામ શહેરના સીમાંકનના ૫ કિમી અર્બન એરિયામાં આવે છે. ભવિષ્યમાં વલસાડ નગરપાલિકાની હદ વધશે ત્યારે આ વિસ્તાર સીધો પાલિકા હસ્તક જ આવી જશે. આ -સંગે માજી વિપક્ષ નેતા ગિરિશભાઈ દેસાઈ માજી સભ્ય ઝાકીરભાઇ પઠાણ, સંજય ભાઈ ચૌહાણ , કાંતિભાઈ ભંડારી તથા અન્ય મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

?માજી વિપક્ષ નેતા ગીરીશભાઈ દેસાઈ એ વલસાડ શહેર અને -જાના હિતને ધ્યાને રાખી આ બાબતે ગંભીરતાથી અભ્યાસ કરી તાકીદે યોગ્ય દરખાસ્ત જિલ્લા કલેક્ટરને મોકલવા માંગ કરી છે.

# વાપીમાં વિવિધ જૈન સંઘોનો ભવ્ય વરઘોડો



**વાપી, તા.૧૬ :** વાપીમાં પર્યુષણ પર્વ નિમિત્તે વિવિધ જૈન સંઘો દ્વારા ભવ્ય વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. અજિતનાથ જૈન દેરાસરથી વરઘોડાનો -રંભ થયો હતો, જે શહેરના મુખ્ય માર્ગો અને ઝંડાચોક થઈને પરત દેરાસર ખાતે પૂર્ણ થયો હતો. વરઘોડામાં પર્યુષણ પર્વ દરમિયાન તપસ્યા કરનારા તપસ્વીઓને સજાવેલી બગી, કાર અને ખુલ્લી જીપ જેવા વાહનોમાં બેસાડવામાં આવ્યા હતા. ઢોલ-નગારાના નાદ સાથે નીકળેલા વરઘોડામાં મોટી સંખ્યામાં જૈન સમાજના ભાઈઓ-બહેનો જોડાયા હતા. તપસ્વીઓનું ઠેર-ઠેર ફૂલહારથી સ્વાગત કરી બહુમાન કરવામાં આવ્યું હતું. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. વરઘોડાને કારણે શહેરના માર્ગો પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

# ગુજરાતમાં સિસ્ટમ સક્રિય છતાં વરસાદનું જોર ઘટવાની સંભાવના

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૬ :** ગુજરાતમાં હવામાન વિભાગે લો -ેશર અને મોન્સૂન ટ્રફ સક્રિય હોવા છતાં વરસાદ ઘટવાની આગાહી કરી છે. આગામી ૭ દિવસ રાજ્યમાં માત્ર સામાન્યથી મધ્યમ ઝાપટાં જ જોવા મળશે. જોકે, આગામી ૩ દિવસ ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન અને ગાજવીજ સાથે થન્ડરસ્ટોર્મનું એલર્ટ છે. માછીમારોને ૨ દિવસ દરિયો ન ખેડવા તાકીદ કરાઈ છે. જ્યારે હવામાન નિષ્ણાતે અલગ જ મંતવ્ય રજૂ કર્યું છે. દરમિયાનમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં ૩૮ તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો હતો.

હવામાન નિષ્ણાતના અનુસાર સપ્ટેમ્બરના મધ્યથી લઈને વર્ષના અંત સુધી રાજ્યમાં વરસાદ અને સંભવિત તીવ્ર ચક્રવાતની શક્યતાઓ છે. ૧૭થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતમાં હવામાન પલટો આવશે. આ સમયગાળામાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ વરસી શકે છે.

## PUBLIC NOTICE

NOTICE is hereby given that GAJANAN KASHIRAM GAWANDE, at Silvassa, U.T. of D.N.H is lawful owners, occupiers & possessors of the Original Sale Deed and Registration Receipt of the shop No.A-08, Having Carpet area of 368 Sq. Feet situated on the Ground Floor [Ground Floor as per approved plan] in building no."A" known as "HORIZON RESIDENCY" consructed on the Non-Agricultural Land of Survey No24/1/1 admesuring 2130 square meters and Non-Agricultural land of Survey no.44/2 Paiky admesuring 3000 square meters of Village Amli of U.T. of DNH & DD. of the following property and after going through the security of title deeds of the following property, it appears that following property, it appears that following document have been lost/misplaced. Hence through this notice any body has any kind of objection, claim, lien charge and encumbreance of whatsoever nature in respect of following property the same shall be intimated to the undersigned within 14 (Fourteen) days from the publication of this notice, if no claim is lodge, my client accept the version of the aforesaid original documents/ Securities are lost or misplaced.

**MISPLACE DOCUMENTS**

Original Sale Deed and Registration Receipt of the shop No.A-08, Having Carpet area of 368 Sq. Feet situated on the Ground Floor [Ground Floor as per approved plan] in building no."A" known as "HORIZON RESIDENCY" consructed on the Non-Agricultural Land of Survey No24/1/1 admesuring 2130 square meters and Non-Agricultural land of Survey no.44/2 Paiky admesuring 3000 square meters of Village Amli of U.T. of DNH & DD.the said Sale deed Registered with Sub- Registrar Silvassa, D.N.H at Serial No. 4274, dated 09/11/2017, Registered No.4075, At Page no- Volume of Book no.1, Date-21/11/2017 along with Registration Reciept.

Date : 16/09/2026

**Sd/-**
**Under My Instruction**
**(GAJANAN KASHIRAM GAWANDE)**

**Sd/-**
**(Pankaj Kumar N. Bhandari)**
**Advocate & Notary**

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**IN THE COURT OF**
**SMT. KIRTI KANTILAL SHAH**
H.H. Member, Mumbai, Mumbai,

**NOTICE/SUMMONS IN MOTOR ACCIDENT CLAIM PETITION**
**MACP M.A./370/2025**

**Babulal Ramesar Prajapati Vs. MS Arpan Agriexpo Pvt. Ltd. and United India Ins. Co. Ltd.**
16-10-2026

To,
**MS Arpan Agriexpo Pvt. Ltd**
106 107 Irvin Gogbar Bldg. Near Mamlatdar Office, Dadra and Nagar Haveli 396230,

Whereas has instituted a Motor Accident Claim Petition impleading you as one of the respondents, which case has been directed to be listed before this Tribunal/Court for hearing at 10.00 am. On **16-10-2026.**

Now therefore you are given notice to appear in this Tribunal/Court in person or by a pleader duly instructed (and able to answer all material questions relating to the suit, or who shall be accompanied by some person, able to answer all such questions), on the **16-10-2026 at 11:00 o'clock in the forenoon,** to answer the claim; and further you are hereby directed to file on that day a written statement of your defence and to produce on the said day all documents in your possession or power upon which you base your defence, and where you rely on any other document whether in your possession or power or not, as evidence in support of your defence, you shall enter such documents in a list to be annexed to the written statement.

Take notice that, in default of your appearance on the day before mentioned, the suit will be heard and determined in your absence.

Given under my hand and the seal of the Court, this **06-01-2026**

Court Seal

H. H. Member

## દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ યુ.ટી.નું વહીવટી તંત્ર

નમો હોસ્પિટલ, સિલવાસા.

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

રોગી કલ્યાણ સમિતિ, સિલવાસા હેઠળ નમો હોસ્પિટલ માટે PVC કાર્ડ અને PVC પ્રિન્ટર કારતૂસ/રિબનની ખરીદી માટેનો દર કરાર.

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
https://dnhtenders.gov.in
namohospital.silvassa@gmail.com
૦૨૬૦-૨૬૪૨૯૪૦, ૨૬૪૦૬૧૫

| | |
|---|---|
| ટેન્ડર નં. | :2026_UTDNH_8236_1 |
| પ્રીબીડ મીટિંગ તારીખ | : N/A |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 05-OCT-2026 |
| ઓનલાઈન સબમિશનની છેલ્લી તારીખ | :05-OCT-2026 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ (માત્ર અસલ ટેન્ડર ફી) | :05-OCT-2026 |
| કોઈપણ અન્ય વિગતો | : - |

સભ્ય સચિવ (રોગી કલ્યાણ સમિતિ), નમો હોસ્પિટલ, સિલવાસા (દા.ન.હ.)

NO.: IP/DMN/2/5/2026-27/497 DATED : 16/09/2026


**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

**ટેરેસ ગળે છે ??**
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh suiting, Siyaram's, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

INDUSTRIAL SPACE AVAILABLE FOR RENT
READY TO MOVE
SARIGAM ANANTA INDUSTRIAL PARK
Premium 6000 sq. ft. industrial property available for lease.
6000 SQ. FT. CARPET AREA
95 HP POWER AVAILABLE
SEPARATE WASHROOM
EASY ACCESS FOR TRANSPORT & LOGISTICS
25 ft CLEAR HEIGHT
SUITABLE FOR FACTORY SETUP, WAREHOUSE, MANUFACTURING & INDUSTRIAL USE
CONTACT: 9824728200 (CALL/WHATSAPP)



દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

• સલવાવ • બલીઠા • છરવાડા • છીરી •મોરાઈ •કુંતા • વટાર • નામધા • ચંડોર, • કરવડ • ચણોદ


ગુંજન માર્કેટ શંભુસેના, વાપી


અલ્કાપુરી મિત્ર મંડળ, વાપી


કબ્રતાન રોડ, વાપી


રામા રેસીડેન્સી, બી-વિંગ, વાપી


જાડા ફળિયા, નાની તંબાડી, વાપી


શ્રીજીની સ્થાપના, સલવાવ

ભૂગર્ભ જળ સંકટ નિવારવા મહાનગર પાલિકાની કવાયત

## વાપીમાં વરસાદી પાણી સંચયનું ૪૮ ટકાથી વધુ કામ પૂર્ણ

**મનપા દ્વારા ૧,૪૧,૭૨૬ રહેણાંક મકાનોમાંથી ૩૫,૧૫૮ મકાન રેઈન વોટર હાર્વેસ્ટિંગ ફરજિયાત કરાયું છે. ૧૭ હજારથી વધુ ખાનગી મકાનોમાં હજુ કામ બાકી છે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી મહાનગર પાલિકા વિસ્તારમાં વરસાદી પાણીના સંચય માટે હાથ ધરાયેલી રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમની કામગીરી ગંભીરતાથી ચાલી રહી હોવાનું સામે આવ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ૪૮ ટકા જેટલું કામ પૂર્ણ થયું છે હજુ ૫૦ ટકા કામ પેન્ડિંગ છે.

પ્રાપ્ત વિગતો મુજબ મહાપાલિકા હદમાં કુલ ૧,૬૭,૭૨૬ મિલકતો નોંધાયેલી છે, જેમાં ૨૬,૦૦૦ કોમર્શિયલ છે. બાકી રહેતા ૧,૪૧,૭૨૬ રહેણાંક મકાનોમાંથી ૩૫,૧૫૮ મકાન રેઈન વોટર હાર્વેસ્ટિંગ ફરજિયાત કરાયું છે. જેમાં અત્યાર સુધી ૧૭,૧૭૯ મકાનમાં (૪૮.૮૬ ટકા) કામ પૂર્ણ થયું છે, જ્યારે ૧૭,૯૭૯ મકાનમાં કામ બાકી છે. પેન્ડિંગ કામોમાં ૫૪૦ બિલ્ડીંગો, ૧૩૧૩ બંગલોઝ, ૪૧૨૬ રૂમ/ચાલી અને ૧૨,૦૦૦ વ્યક્તિગત મકાનોનો સમાવેશ થાય છે. પાલિકાએ બાકી રહેલા ૧૮૫૩ હાઈરાઈઝ અને બંગલોઝમાં ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં કામ પૂર્ણ કરવાનું આયોજન કર્યું છે. જ્યારે ૧૪ હજારથી વધુ રૂમ અને મકાનોનું કામ આવતા વર્ષ માટે ધકેલાયું છે. બીજી તરફ મ્યુનિસિપલના ૧૮૧ બિલ્ડીંગોમાંથી ૮૧ પૂર્ણ, ૮૨ કામ પ્રગતિ હેઠળ છે. સરકારી ૮ બિલ્ડીંગોમાંથી માત્ર ૨ જ પૂર્ણ થયા છે. જોકે ૩૫૬ સોક પિટ અને ૧૫૦ રિચાર્જ પિટનું કામ ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. આમ વાપી મનપામાં મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડી કમિટી ચેરમેન સતિષ પટેલ, પાણી સમિતિ ચેરમેન કૌશિક પટેલના નેજા હેઠળ પાણી ખાતાના ઈજનેર સંજય ઝા અને તેમની ટીમ દ્વારા જુના બાકી રહી ગયેલા વરસાદી પાણી સંચયના કામને ઝડપથી પૂરું કરાવવા સતત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.મનપાના કમિશનર એન એફ ચૌધરી અને ડેપ્યુટી કમિશનર કિરીટસિંહ રાણા એ મનપાના તમામ ડેવલપરો તેમજ ખાનગી મકાન ધારકોને વરસાદી પાણીના જળ સંચયની વ્યવસ્થા અમલમાં મૂકવા પર ભાર મૂક્યો છે જેથી ભવિષ્યમાં ભૂગર્ભ જળના શંકરને નિવારી શકાય.

### જળ સંચય પ્રોજેક્ટ માટે મનપાની ૮૦ ટકા આર્થિક સહાય

વરસાદી પાણીના સંચય માટે લોકોને પ્રોત્સાહન આપવા વાપી મહાનગર પાલિકા દ્વારા ૮૦ ટકા આર્થિક સહાય આપવામાં આવી રહી છે.

સોસાયટી કે મકાન માલિક દ્વારા પોતાના વિસ્તારમાં વરસાદી પાણી સંચય માટેનો પ્રોજેક્ટ સ્થાપવામાં આવે તો તેનો ૮૦ ટકા ખર્ચ પાલિકા ભોગવે છે, જ્યારે માત્ર ૨૦ ટકા રકમ જ સોસાયટી કે ઘર માલિક પાસેથી લેવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા મુજબ વરસાદી પાણીના સંચય માટે પાઈપ લાઈનથી લઈને જરૂરી સાધનો સાથે પ્રોજેક્ટ સ્થાપવામાં આશરે રૂ. ૨.૫૦ લાખનો ખર્ચ થાય છે. જે પૈકી રૂ. ૨ લાખ જેટલી રકમ મનપા દ્વારા ફાળવવામાં આવે છે, જ્યારે બાકીની ૫૦ હજાર રૂપિયા લાભાર્થીએ ચૂકવવાના હોય છે.

## વાપીના શ્રીજી મંડળોમાં નાણાં મંત્રી અને મનપાના હોદ્દેદારોએ આરતીનો લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી પંથકમાં વિવિધ સાર્વજનિક મંડળો દ્વારા ગણેશિત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે રાજયના નાણા મંત્રી કનુભાઈ દેસાઈ અને વાપી મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ ભાઈ પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ સહિતના હોદ્દેદારોએ વિવિધ મંડળીમાં જઈ આરતીનો લાભ લીધો હતો. જેમાં સુલપડ ચાલીચા રાજા મંડળ કે જ્યાંના આયોજક સ્થાનિક વોર્ડ નંબર ૧૧ના ભાજપના કાઉન્સિલર જેતલ બેન મંગેશ ભાઈ પટેલ અને



તેમના પતિ માજી નગર પાલિકા કાઉસિલર મંગેશ ભાઈ પટેલ દ્વારા નાણાં મંત્રી સહિત હોદ્દેદારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું જે બાદ આ તમામ મહાનુભાવો દ્વારા બાપ્પાની આરતી ઉતારી સર્વે માટે મંગલ કામના કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો હાજર રહ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે અહીં આયોજકો દ્વારા ગણેશોત્સવમાં દર રોજ રાત્રે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે.

## વાપીમાં શુક્રવારે 'ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતીમેળો' યોજાશે


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વલસાડ, નવસારી અને આહવા-ડાંગના સંયુક્ત ઉપક્રમે ડાંગ જિલ્લાના ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓ દ્વારા રોજગાર ભરતી મેળાના માધ્યમથી ભરતી કરવા માટે ક્લસ્ટર કક્ષાના રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમા ધોરણ ૮ પાસ, ૧૦, ૧૨ પાસ, આઇ.ટી.આઇ, ડીપ્લોમા, ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન ની લાયકાત ધરાવતા તમામ મહિલા તથા પુરૂષો ઉમેદવારો આ રોજગાર ભરતીમેળામાં ઉપસ્થિત રહી શકશે. વય મર્યાદા ૧૮ થી ૩૫ ની રહેશે. આ રોજગાર ભરતી મેળામાં ખાનગીક્ષેત્રના નોકરીદાતાશ્રીઓ હાજર રહી તેમની ૫૦૦ થી વધુ ખાલી જગ્યાઓ માટે સ્થળ પર પ્રાથમિક પસંદગી કરનાર છે. તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન હોલ, વાપી ખાતે સવારે ૯.૦૦ કલાકે ભરતી મેળો યોજાશે.આ ભરતી મેળામાં સીવણકામ, સેવીંગ ઓપરેટર, ટ્રેઈની, મેનેજર, સીક્યુરીટી ગાર્ડ, એકઝ્યુકેટીવ, કસ્ટરમર સર્પોટ, ડિલિવરી બોય જેવી વિવિધ કામગીરી માટે ભરતી કરવામાં આવશે. જેમાં ૨૫ થી ૩૦ જેટલી વિવિધ સેક્ટરની કંપનીઓ જેવી કે, ગારમેન્ટ ક્ષેત્ર, મેનુફેક્ચરીંગ, બેંકીંગ, ફાઇનાન્સ, ઓટોમોબાઇલ, એપ્રેન્ટીશીપ, હોસ્પીટાલીટી, સર્વિસ વગેરે જેવા નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે.

આ રોજગાર ભરતીમેળામાં લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોએ સ્વખર્ચે ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત રહેવાનું રહેશે. તમામ અસલ અને નકલ પ્રમાણપત્રો સાથે બે ફોટોગ્રાફ તેમજ ૩ થી ૪ નકલ બાયોડેટા સાથે ઈન્ટરવ્યુમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. આ રોજગાર ભરતી મેળામાં રોજગાર કચેરી ખાતે નામ નોધણી કરાવેલ ન હોય તેવા ઉમેદવારો પણ ભાગ લઈ શકશે. તેમજ વધુ માહિતી માટે વેબસાઈટ - www.anubandham.gujarat.gov.in વધુ માહિતી માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૩૧ ૨૨૦૩૯૩ પર સંપર્ક સાધવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ગણેશોત્સવમાં ભાગ્યોદય સોસાયટી દ્વારા

## વાપી-દમણના ઈતિહાસ સાથે બ્રિજની ઝાંખી તૈયાર કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીમાં ભાગ્યોદય સોસાયટી ચલા ખાતે આ વર્ષે પણ રસપ્રદ ડેકોરેશન કરવામાં આવ્યું છે જે લોકો માટે આકર્ષણ સાથે ચર્ચાનો વિષય બન્યું છે. ચલા ભાગ્યોદય સોસાયટી દ્વારા વર્ષ ૨૦૧૫ થી ગણેશોત્સવ ઉજવવામાં આવે છે અને દર વર્ષે લોકોને આકર્ષે તેવું માહિતી સાભાર ડેકોરેશન કરવામાં આવે છે. આ વર્ષે આ મંડળ દ્વારા દમણ સી ફેસ રોડની ઝાંખી, લાઈટ હાઉસ તેમજ દમણ સ્મશાન ભૂમિમાં સ્થિત ભગવાન શંકરની મૂર્તિની ઝાંખી દર્શાવી છે. આ ઉપરાંત બે બોર્ડ લગાવ્યા છે જેમાં વાપી અને દમણનો ઈતિહાસ ટૂંકમાં રજૂ કરવામાં આવ્યો છે. જેમાં ૧૯૭૧ પછી વાપી અને દમણ શહેરના ઔદ્યોગિક વિકાસને કારણે બંને શહેરો વચ્ચે પરિવહન અને અવર-જવર માટે જે દમણ રોડ માર્ગનો ઉપયોગ કરવામાં આવતો હતો, તે માર્ગની વચ્ચેથી રેલવે લાઈન પસાર થતી હતી જેના પર ફક્ત એક નાનો રેલવે ફાટક હતો. આ કારણથી સમય જતાં વાપી દમણ રોડ પર ટ્રાફિકની સમસ્યા વધવાથી પુલ બનાવવાનું કામ ૧૯૯૪ માં શરૂ થયું અને ૧૯૯૭ માં - ફક્ત ત્રણ વર્ષમાં વાપી દમણનો પહેલો મોટો રેલવે ફલાયઓવર બ્રિજ લોકો માટે ખોલી દેવામાં આવ્યો.

આ પુલ બનવાથી વાપી દમણ વચ્ચેના પરિવહનને ખૂબ જ રાહત મળી. જોકે વિકાસ અને નવીનીકરણના હેતુથી આ ઓવરબ્રિજને ૨૦૨૧ માં તોડી પાડવામાં આવ્યો હતો અને આજે પાંચ વર્ષ પછી ૨૦૨૬ માં સારી ટેકનિક, આધુનિક અને ઉચ્ચ-ટેકનોલોજીના સાધનો અને મશીનરીની ઉપલબ્ધતા હોવા છતાં નવા ઓવરબ્રિજનો કોઈ પત્તો નથી. તેવી માહિતી લોકો સમક્ષ રજૂ કરી છે જે ચર્ચાનો વિષય બની છે. બીજા બોર્ડમાં દમણનો ઈતિહાસ રજૂ કરાયો છે.

## વાપીની કવયિત્રી દીપ્તિ મિશ્રાને શ્રેષ્ઠ પુસ્તકનો પુરસ્કાર મળ્યો

**ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કાવ્યસંગ્રહ 'પ્રીત કે અનુબંધ'નું સન્માન કરવામાં આવ્યુ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી મેગેઝિન. હિન્દી દિવસ પ્રસંગે વાપીની કવયિત્રી દિપ્તી મિશ્રાએ સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી. તેમની પ્રથમ કૃતિ, પ્રીત કે અનુબંધ, ને ૧૪ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત શ્રેષ્ઠ પુસ્તક પુરસ્કાર સમારોહમાં હિન્દી ભાષા અને સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તક તરીકે સન્માનિત કરવામાં આવી હતી.

દિપ્તી મિશ્રાને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી સન્માન પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ પુરસ્કાર તેમની સાહિત્યિક રચનાઓ, સંવેદનશીલ કવિતા અને હિન્દી ભાષા પ્રત્યેના સમર્પણને સન્માનિત કરે છે. તેમના કાવ્યસંગ્રહ માટે આ પ્રતિષ્ઠિત સન્માનથી વાપીના સાહિત્યિક સમુદાયમાં આનંદ ફેલાયો છે.

હિન્દી દિવસ નિમિત્તે પ્રાપ્ત થયેલી આ સિદ્ધિને વાપી હિન્દી કાવ્ય મંચના વડા શિવબક્ષ યાદવ સહિત સાહિત્ય પ્રેમીઓએ વાપી માટે ગર્વની વાત ગણાવી છે અને દીપ્તિ મિશ્રાને અભિનંદન પાઠવ્યા છે.

## વાપીમાં પર્યુષણ પર્વની ભાવભેર ઉજવણી

**ભવ્ય રથયાત્રા, ક્ષમાપના સાથે પર્વની પૂર્ણાહુતિ**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીમાં શ્રી રાજસ્થાન જૈન સંઘ (ભૈરવ ધામ)માં પર્વાધિરાજ પર્યુષણ પર્વના આઠે દિવસ સુપાર્શ્વનાથ જિનાલયમાં પ્રભુની મનમોહક આંગી કરવામાં આવી હતી પર્યુષણના આઠમાં દિવસે સંવત્સરી પ્રતિકમણ બાદ બધા એકબીજાને મિચ્છામિ દુક્કડમ કહી ને એકબીજાને ક્ષમાપના કરી હતી.

પાંચમના દિવસે બધા અઠ્ઠાઈ તપ ઉપરના તપસ્વીઓના સામુહિક પારણા સાથે શ્રીસંઘ અને ગુરુ ભગવંત સાથે પ્રભુજીની રથયાત્રા (વરઘોડા) પૂરા વાપીના રાજમાર્ગમાં ફરી સુપાર્શ્વનાથ જિનાલય મા પૂર્ણાહુતિ બાદ સકલ શ્રીસંઘનું સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## વાપી મનપા કચેરીમાં અરજદારોને ફોર્મ ભરવા સગવડ જરૂરી

**જન્મ-મરણ વિભાગમાં આવતા અરજદારોને ભારે હાલાકી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી મહાનગર પાલિકાની કચેરીમાં જન્મ અને મરણ વિભાગમાં રોજના સેંકડો અરજદારો આવતા હોય છે, પરંતુ તેમને ફોર્મ ભરવા માટે ટેબલ સુધીની સુવિધા નથી. સૂત્રોના જણાવ્યા મુજબ જન્મનો દાખલો, મરણનો દાખલો કઢાવવા માટે અરજદારોએ ફોર્મ ભરવા ફરજિયાત હોય છે. ફોર્મ ભરવા માટે કોઈ ટેબલની વ્યવસ્થા ન હોવાથી અરજદારો દીવાલના ટેકે, કે હાથમાં ફોર્મ રાખીને ભરવા મજબૂર બને છે. વૃદ્ધો અને મહિલાઓને સૌથી વધુ તકલીફ પડે છે. પાલિકા દ્વારા કરોડો રૂપિયાના વિકાસ કામોના દાવા કરાય છે, ત્યારે કચેરીમાં એક ટેબલની સુવિધા ન અપાતા લોકોમાં ભારે હેરાનગતિ થાય છે છે. અરજદારોએ તાત્કાલિક ટેબલની વ્યવસ્થા કરવા માંગ કરી છે.

પર્યુષણ મહાપર્વ નિમિત્તે

## વાપીના ઉદ્યોગપતિ રમેશભાઈએ ૪૩માં વર્ષે કામદારો સાથે અઠાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી જીઆઈડીસી વિસ્તારમાં રહેતાં રમેશભાઈ શાહ (સુમરિયા) પર્યુષણ પર્વમાં વર્ષોથી ઉપવાસ કરે છે.આ સાથે તેમના કંપનીમાં જ કામ કરતાં હરેશભાઈ અને તેમની પત્ની સહિત કેટલાક કામદારો પણ ઉપવાસ કરે છે.આ વખતે બેસ્ટ પેપરમિલના માલિક રમેશ શાહે પર્યુષણ પર્વ નિમિતે ૪૩મી વાર અઠ્ઠાઈ કરી હતી.બુધવારે વાપી ઓસવાલ સમાજની છરવાડાની ખાતેની વાડીમા પાંરણાનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં રમેશભાઈ શાહની ૪૩મી અઠાઈ,કેતન શાહ ચોથી



અઠાઈ,ફિયોના કેતન શાહ ચોથી અઠાઈ,શિમોનાસુમરિયા ૧૪મી અઠાઈ,મુળચંદ શાહે ૧૪મી અઠાઈ કરતાં પારણાં કરાવામાં આવ્યા હતાં. તેમની કંપનીમાં કામ કરતાં ગૌરવ શાહ અઠાઈ,અમિષા ગૌરવ શાહ (મુળ.નેપાળ)અઠાઈ, હરેશ કામચંદ ગડા ૩૬ ઉપવાસ,સોનલ હરેશ ગડા ૩૬ ઉપવાસ(મુળ મધ્ય-દેશ),સુરેશ પટેલ ૬ ઉપવાસ,હિરવ અરવિંદ શાહે ૭ દિવસના તથા પરેશ શાહ અને જીગર નાગરાજ ગડાએ અઠાઈ કરી હતી.વાપી બેસ્ટ પેપરમિલના ડાયરેક્ટર નિતીનભાઈ ઓઝા ,ભારતીબેન સુમરિયા સહિતના આગેવાનોએ તપસ્વીઓના પારણાં કરાવ્યાં હતાં.મોટી સંખ્યામાં જૈન સમાજના આગેવાનો હાજર રહ્યા હતાં.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**